આવતી કાલનાં નાગરિકોનું માસિક

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત

એપ્રિલ '૬૦

અંક ૪૩૬



વિચારપુરુષ

ફ્રેંચ શિલ્પસ્વામી રૉદેની જગનામી કૃતિ

કુમાર
એપ્રિલ ૧૯૬૦ · અંક · ૪૩૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે....

'કુમાર'માં હમણાં 'મૉડન આર્ટ'ની તરફેણમાં શ્રી જ્યોતિ ભટ્ટના લેખો આવી ગયા. હું કલાકાર નથી, પણ કલામાં રસ ધરાવું છું અને સામાન્ય માણસને જે રીતની લાગણી થાય તેથી પ્રેરાઇને આ લખું છું.

શ્રી ભટ્ટ કહે છે કે ચિત્ર એ પોતે જ વિકૃતીકરણનું સૌથી પહેલું પગથિયું છે. મને લાગે છે કે કોઇ પણ ચિત્રકાર ચિત્ર દોરતી વખતે પોતાનું ચિત્ર 'વિકૃત' બનાવવા કરતાં તે સૌંદર્યમય કેમ બને તેવી ભાવના રાખશે.

વિકૃતીકરણ કરવા માટેનાં જે કારણો આપ્યાં છે તે પાયા વિનાનાં છે. શ્રી ભટ્ટ કહે છે તેમ આકૃતિ વિષેની મનઃકલ્પના જો ચિત્રકાર રજૂ કરે તો ચિત્રકારની મનઃકલ્પના ચિત્રકાર જ સમજી શકે. ચિત્રકારની મનઃકલ્પનામાં કાગડો મોરનાં પીંછાંવાળો દેખાય અને તે રીતે ચિત્રકાર કાગડો દોરે અને જગતને કહેશે કે આ કાગડો છે, તો જગત કેવી રીતે કબૂલ કરે? કલ્પનાના તરંગો, દિવાસ્વપ્ન કે મનના ઘોડા દોડાવીને ચીતરેલાં ચિત્રો સામાન્ય જનતા કે સામાન્ય કલાકાર સમજી શકવાનો નથી; પણ જેણે મનના તરંગો દોડાવ્યા છે તે એકલો કલાકાર જ સમજી શકશે.

તે જ લેખાંકમાં ચિત્ર નં. ૩ તથા નં. ૩ મેના એક ભાગમાં વિકૃતીકરણ કેવી રીતે થયું છે તે સમજાવ્યું છે. પ્રશ્ન એ થાય છે કે વિકૃતીકરણ કરતી વખતે આ સિદ્ધાંત જ ધ્યાનમાં રાખવાનો? કે બીજું ચિત્ર દોરતી વખતે વિકૃતીકરણનો કોઇ બીજો સિદ્ધાંત લાગુ પાડવાનો? હું માનું છું ત્યાં સુધી ચિત્રકારે-ચિત્રકારે વિકૃતીકરણનો સિદ્ધાંત બદલાતો હશે. ચિત્રના એક નાનાસરખા ભાગમાં વિકૃતીકરણ કેમ થયું તે સમજાવવા માટે આટલું બધું લખવું પડે તો આખા ચિત્રમાં કઈ કઈ રીતે વિકૃતીકરણ થયું તે સમજાવવા કેટલું લખવું પડે!

અત્યારે માત્ર એક જ પવન ફૂંકાઈ રહ્યો છે: 'માડર્ન'; 'મૉડર્ન'; પણ કોઇને સમજવું નથી કે ક્યાં આ ભારતદેશ ને ક્યાં આ આંધળું અનુકરણ. પ્રદર્શનોમાં ભલે 'મૉડર્ન આર્ટ'નાં ચિત્રોને પહેલા ઇનામો મળે, પણ જે કલા જોનારના હૃદયને સ્પર્શી શકતી નથી તે અ-કલા જ છે. આ રીતે તો ચિત્રકાર ઍનૅટમી; પરસ્પેક્ટિવ વગેરે કશાયનો અભ્યાસ ન કરે તો પણ તે 'મૉડર્ન આર્ટ'નાં ચિત્રો દોરી શકે; કારણ કે તેમાં કોઇ જાતનું બંધન નથી. છ વર્ષના બાબાએ દોરેલાં ચિત્રો પણ 'મૉડર્ન આર્ટ'માં ખપી શકે.

'માડર્ન આર્ટ'નો કોઈ એવો સિદ્ધાંત નથી જણાતો કે જેના આધારે તેનું મૂલ્યાંકન થઈ શકે. હા...તેનું મૂલ્યાંકન એક જ કે કલાકારની કલ્પના, કલાકારની ધૂન ('વ્હિમ'). તો તેને આપણે 'મૉડર્ન આર્ટ'ને બદલે 'ધૂની કલા' ('વ્હિમ્ઝિકલ આર્ટ') કહીએ તો શું ખોટું?

(અમદાવાદ) —કિરણચંદ્ર સોમનાથ જોશી

હું 'કુમાર'નો નિયમિત વાચક છું: ખાસ કરીને કાવ્ય-વિભાગનો. ખેદ સાથે લખવું પડે છે કે છેલ્લા કેટલાક સમયથી 'કુમાર'માં કાવ્યો બિલકુલ અર્થહીન ને ઊતરતી કોટિનાં આવ્યે જાય છે. 'કુમાર' આટલું સુંદર માસિક હોવા છતાં પણ આવાં કાવ્યો કેમ લેવાતાં હશે તે સમજાતું નથી. દાખલા તરીકે જાન્યુઆરીના અંકમાં આવેલું 'રહસ્ય' નામનું અર્થહીન કાવ્ય આપ જાતે જ વાંચીને કવિ શું કહેવા માગે છે તે સમજાવશો. મારા મંતવ્ય પ્રમાણે શ્રી રાજેન્દ્ર શાહ વગર કોઇનાં પણ કાવ્યો સારાં આવતા નથી. આમાં કોઇને ઉતારી પાડવાનો આશય નથી. શ્રી મનહર મોદીનું ડિસેમ્બરના અંકમાં સુંદર મુક્તક હતું અને એમનું એટલું જ અર્થહીન કાવ્ય જાન્યુઆરીના અંકમાં લેવાયું છે. 'કુમાર'માં અમે હમેશાં સારા કવિઓની આશા રાખીએ છીએ.

(આણંદ) —ચંદ્રકાન્ત વ્યાસ

જાન્યુઆરી '૬૦ના 'કુમાર'ના અંકમાં સાહિત્યિક સમસ્યામાં શ્રી મહેન્દ્ર પંડ્યાએ ગુજરાતની પ્રશસ્તિ વિષે ચંન્દ્રવદન મહેતા, ખબરદાર, ન્હાનાલાલ, પ્રેમાનંદ, નર્મદ, ઉમાશંકર અને ઉશનસની પંક્તિઓ ઓળખવા માટે આપેલી છે. તેમાં કવિ પ્રેમાનંદની જે પંક્તિઓ આપેલી છે તે નિર્વિવાદપણે પ્રેમાનંદની નથી. પ્રેમાનંદને નામે ચડી ગએલી સંદિગ્ધ કૃતિઓમાંની એ છે. ગુજરાતની પ્રશસ્તિ કરતાં કાવ્યો આ ઉપરાંત દલપતરામ, નવલરામ, મલબારી, જીવાભાઈ, કેશવ શેઠ, લલિતજી, રમણલાલ દેસાઈ, 'વસંત વિનોદી', કલ્યાણજી વિઠ્ઠલભાઈ, 'સ્નેહરશ્મિ', જયન્ત પાઠક, ઉપેન્દ્ર પંડ્યા વગેરેએ લખી છે. 'કુમાર'ના વાચકોને જાણીને આશ્ચર્ય થશે કે એનાં તંત્રીએ પણ વર્ષો પહેલાં 'વંદન જય ગુજરાત' નામનું કાવ્ય લખેલું. એ અહીં આપું છું,* જે વાંચી મારી જેમ બીજા વાચકોને પણ એના તંત્રીને કાવ્ય-પ્રવૃત્તિચાલુ ન રાખવા માટે ઠપકો આપવાનું મન થશે.

ફેબ્રુઆરી અંકની સાહિત્યિક સમસ્યા ઘણી સારી, ને વિશાળ વાચનવાળી વ્યક્તિ જ સાચા જવાબ આપી શકે તેવી છે. આવી સમસ્યાઓ બને ત્યાં સુધી સુપ્રસિદ્ધ કૃતિઓમાંથી અપાય તે ઇચ્છનીય છે.

(મુંબઇ) —(પ્રો.) રમણલાલ શાહ

[*૧૯મે વર્ષે લખેલી એ કાચી કૃતિ ફરી છાપવા માટે જ કદાચ ઠપકો મળશે.]

વંદન જય ગૂજરાત

(મરાઠી સાખી)

ભરતભૂમિની ગુણવંતી લઘુ પુણ્યવતી રસભૂમિ,
સત્યાગ્રહની કર્મભૂમિ તું, ઝઝૂમીએ જહીં ઘૂમી,
જયગાન ગજવતા, માત!
તુજને વંદન, જય ગૂજરાત!

રસકસવંતી ભરતભૂમિની શ્રેષ્ઠ સુભગ રસપુત્રી,
ગિરિ, ગહવર, સરવર, નદી, ઝરણા પ્રકૃતિ પ્રસાદી ધરતી,
ધન-ધાન્ય ભરી રળિયાત!
તુજને વંદન, જય ગૂજરાત!

યદુકુળ-તિલક કૃષ્ણચન્દ્રની રાજ્યભૂમિ જયવંતી,
ઘોષ ગીતાના સદા ય કરતી, કર્મયોગ ગુંજવતી.
જય ગૌરવવંતી માત!
તુજને વંદન, જય ગૂજરાત!

સિદ્ધરાજ, વન, ભીમદેવ સમ સમરવીરોની પ્રસૂતા,
વીરકેસરી સમ જયત્રાડે ધરણી જે ધ્રુજવતા,
કરી વિજયધ્વજ-ફરકાટ!
તુજને વંદન, જય ગૂજરાત!

નૃસિંહ, મીરાં સરખાં રસિયાં સંતનની રસજનની.
ધર્મધુરંધર દયાનંદ ને કલાપીની કુલભૂમિ,
વ'તી રસબંસી દિનરાત!
તુજને વંદન, જય ગૂજરાત!

પ્રેમ-શૌર્યનું રણશિંગું ફૂંકવતો નર્મદ જય ગજવે,
સત્યનિષ્ઠ કર્મવીર ગાંધી અવનવ ચેતન પ્રેરે,
જન ઘૂમે ક્રાંતિધ્વજ સાથ!
તુજને વંદન, જય ગૂજરાત!


જાગૃત જો તુજ તનુજ થયાં ત્યાં આ નવચેતનભરતી,
પ્રાચી દિશામાં વિવિધ રંગ ભરી ઉદય ઉષા ઝળાહળતી,
જો, દિવ્ય હસંત પ્રભાત!
તુજને વંદન, જય ગૂજરાત!

'ઘોરી ધુરંધર દેશ તણાની ધૂધરમાળ ધમકશે',
સ્વતંત્રતા, રિદ્ધિ, સિદ્ધિ ને પ્રતાપ, ચેતન સરશે,
જોઈ સ્તબ્ધ થશે જગ, માત!
તુજને વંદન, જય ગૂજરાત!


એક પ્રકારની મધુર વિષાદછાયા ધારતાં
સ્વપ્નિલ સ્ત્રી-પાત્રોવાળાં અને
સચેતન રેખાલાવણ્યથી સળવળતાં
હૃદયસ્પર્શી રૂપકચિત્રોનો નિર્માતા
ઇટાલિયન કલાકાર બોતીચેલી
પંદરમી સદીના અંતભાગમાં
જે કેટલીક સર્વોત્તમ કૃતિઓ સર્જી ગયો છે તેમાં
આ નીચે આપેલું ચિત્ર 'વીનસનો જન્મ'
જગતની શ્રેષ્ઠ કલાકૃતિઓ પૈકી એક ગણાય છે.
કવિ પોલીઝીઆનોએ
પોતાના કાવ્યમાં વર્ણવેલી રૂપકકથા મુજબ
"વસંતઋતુના એક રળિયામણા દિવસે
સાગરનાં ઊંડાણોમાં પાકેલી
વિશાળ મનોહર છીપ ઉપર
ફેનિલ સમુદ્રતરંગોમાંથી
પ્રાચીન ગ્રીકોની આ પૂજ્ય દેવી
નગ્ન દેહે નીસરી આવી.
ધીમેધીમે તે કિનારે સરી આવી,
જ્યાં ઋતુદેવીઓએ તેનું સ્વાગત કર્યું
(જુઓ ડાબી બાજુનાં પાત્રો).
કુમારિકાઓ, દેવોનાં અમર વસ્ત્રો વડે
(જમણી બાજુનું પાત્ર) તેના દેહને ઢાંકીને
તેને દેવલોક ઑલિમ્પસમાં દોરી ગઇ."

ઇટાલિયન સંસ્કારમાં નવાં મૂલ્યોનું સ્થાપન કરતા
'નવચેતનાયુગ'(રેનેસાં)ની આ શ્રેષ્ઠ કલાકૃતિમાં,
કહે છે કે, 'વીનસના જન્મ'ને
'માનવજાતના જન્મ'ના પ્રતીક તરીકે નિરૂપ્યો છે.





ઇટાલિયન કલાકાર સાન્દ્રો બોતીચેલીની જગવિખ્યાત કૃતિ 'વીનસનો જન્મ'. મથાળે એ કલાકારનાં 'મધુર વિષાદછાયા ધારતાં સ્વપ્નિલ સ્ત્રીપાત્રો'માં શ્રેષ્ઠ ગણાએલી 'વીનસ'નું સંપૂર્ણ દર્શન આપ્યું છે.



જડેશ્વરનું મંદિર · ચિત્રકાર મગનલાલ ત્રિવેદી

ભૈરવી

· વસંત ·

નિદ્રા મહીં—તિમિરશીતલ કંદરામાં—
રાત્રિ તણે ચરમ આ સમયે સુમંદ
રેલાય તારું મહિમન્-સ્તવને સકંપ
હૈયું, મને ધરતું જાગ્રતિની હવામાં.

તારી અહીં જલતી નિશ્ચલ એક જ્યોતિ,
અંજાય એની દૃગ માંહિ પ્રશાન્ત દીપ્તિ!
અંધાર-આવરણ ઓસરી જાય, સૃષ્ટિ
આભાથી ઉજ્જ્વળ વિલક્ષણ રૂપ સ્હોતી!

ઉત્ફુલ્લ પદ્મ તણી ત્યાં પમરે સુગંધ,
માધુર્ય જેનું અનુપ્રાણિત અંગઅંગે;
ને રોમહર્ષમય કંપનના તરંગે
શી ચિન્મયી પરમ શક્તિ રહી સ્ફુરંત!

હે ભૈરવી! હૃદયને દલ તું રમંત;
તું મૃત્યુશાન્ત શવને શિવ શું કરંત!

રાજેન્દ્ર શાહ

આઠ પ્રહરની આઠ રાગિણીઓનાં સૉનેટોની માળાનું છેલ્લું. સમય બ્રાહ્મમુહૂર્તનો. પ્રાચીન રાગિણી-ચિત્રોમાં એનું ધ્યાનસ્વરૂપ મહાદેવ સદાશિવની પૂજારિણી તરીકેનું છે; એક પ્રાચીન ચિત્રમાં શવ, શિવના ઉપર નૃત્ય કરતી કાલિનું આલેખન પણ છે. ઇ=શક્તિ; 'શવ' શબ્દના પહેલા અક્ષરમાં 'ઇ' ભળતાં 'શિવ' થાય છે—શવ(શબ)માં શક્તિનો સંપાત થતાં 'શિવ' બને છે.

અધબીડયાં લોચન

· ગાન ·

અધબીડયાં તવ નીરખું લોચન:
આમ તો મહાનલ શું એમાં ભડકે બળતું બળતું જીવન!
સુરમે આંજ્યાં ને ભર્યું માંહે શમણાંનું શત ઘેન,
અમાસને નિવેશ નિહાળું પૂનમની અહીં રેણ:
આષાઢ-મેઘ શાં શ્યામલ એનાં રૂપનું કેવું ય રે સંમોહન!—અધબીડયાં૦

અસિત આ બે સાગરમાં ગોરી, ગોપવી કેટલી માયા!!
ભરતી નિત ને તોય કદી એનાં નીર નહીં છલકાયાં:
આવ રે નાજુક પોપચાં આડે ઢાંકયાં તેજનું કેટલું મારે કરવું શોધન!!
અધબીડયાં તવ નીરખું લોચન:

હેમન્ત દેસાઈ

બેડાને ઝાઝું અજવાળ ના

· ગાન ·

બેડાને ઝાઝું અજવાળ ના!
જોનારાં તો જોશે કંચનની કાયાને, પિત્તળમાં જીવ તું લગાડ ના.

લજ્જાના લાલલાલ ગેરુએ ઝળકતું હોઠ તણા ખૂણાનું સ્મિત!
નજરો ટકરાય તો ય કંપી કૈં ઊઠતી, રોમરોમ રણકંતી પ્રીત!
તારી બે આંખોમાં ઝૂકે પ્રભાત, હવે બેડામાં સૂરજ બતાડ ના.—બેડાને૦

પલકારે પલકારે છલકાતું જાય રૂપ, વાયરો ય એમાં ભીંજાય!
પગલું તું માંડે ને આસપાસ જાણે કૈં રંગધનુ રમતાં રે થાય!
પીનારો પીશે 'લી, હૈયાનાં નીરને. બેડાનો ભાર તું ઉપાડ ના.—બેડાને૦

ચન્દ્રકાન્ત શેઠ

તીથલભરતી

· પૃથ્વી ·

નમી જલધિનો ગએલ ઘટ આ તટે રે જરી,
હલ્યું કઈ હશે વિશેષ શિર શેષનું તે, મણિ-
સમાન ધરતી તણી ગગરી મૃણ્મયી રે ઢળી,
જળો ઊમટિયાં બધેથી અહીં આ કિનારા ભણી.

તુફાની શિશુઓ સમાન વીચિશ્રેણીઓ રૂહે ધસી
મુખેથી સીકરો ઉડાડતી, મથંતી પંજા વડે
કરો ખૂંપવીને જરીક ટકવા તટે, ના'વડે;
વળે અનિક આગું તે પરત અટ્ટહાસે હસી.

અને ભરતી-ભીંજવ્યા તટથી એક મુઠ્ઠી ભરી
ઉપાડી લઉં વાલુકા, કયહીંની આ હશે? ચિંતવું:
હશે અરબી? આફ્રિકા-યુરપની? બને એહવું:
પુરા-ની અનવદ્ય કોક પ્રતિમા જ આ કાંકરી!

અને પાછી ન માત્ર હું તીથલના તટે માનવી
રહું વિકસી કાળ ને સ્થળ તણા ત્રિભેટે કવિ.

'ઉશનસ'

મનુ અને મત્સ્ય

· પરંપરિત હરિગીત ·

મત્સ્ય!
મેં તો રમતમાં રમતી મૂકી'તી
એ જ તું
—નાજુક નિરર્થક શી—
ફરીથી આવશે થૈ આવડી
ને નાવડી નાની
પ્રલયમાં પાર કરશે,
શી ખબર!

વિનોદ અધ્વર્યુ

વર્ષાની સાંજે

· મિશ્ર ·

નર્તી રહ્યા કુન્તલ કેશ કેરા,
વસંત મ્હેકી ગઇ શું હવામાં!
હસી ઊઠયું સૌરભલાસ્ય તારું,
ગુંજી રહ્યું સ્પંદનગાન હૈયું.

વર્ષા અને તૃપ્ત થએલ પેલા
કો વાદળે મેઘધનુષ્ય સર્જ્યું;
ને મર્મર્યાં વૃંદ તમાલ કેરાં,
ગ્હેકી પડે કોઇ મયૂર ક્યાંકથી.

હલી રહે વાયુની સંગસંગ
તૃણાંકુરોનો પટ રોમહર્ષિત.
પેખી બધી એ મન રમ્ય લીલા
નેત્રો ફર્યાં આ તવ ચક્ષુ સામે:

હસી પડયા કુન્તલ કેશ કેરા,
ને પી રહ્યાં અમૃત નેન મારાં.

'તુષાર'

ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર સમા પ્રકાંડ પંડિત અને સમર્થ વિદ્યાગુરુ તથા ભારતના

વિભૂતિઓ બે પ્રકારે ઓળખાય છે. અમુક વિભૂતિઓ પોતાને ક્ષેત્રે પ્રાણવાન પ્રવૃત્તિઓ દ્વારા સ્વવ્યક્તિત્વને અપ્રત્યાહતપણે પ્રકાશિત કરે છે. જ્યારે બીજી અમુક વિભૂતિઓનું કાર્ય હોય છે તો આ જ રસમનું, પરંતુ તેઓ કાં તો પોતાના કાર્યવિષયના અથવા તો એ ક્ષેત્રે કામ કરતી સંસ્થાના અંગભૂત બનીને પોતાના વ્યક્તિત્વને છાનું કે ગૌણ બનાવી દે છે. ગયા માસની ૧૨મી તારીખે પરલોક સિધાવેલા, ભારતીય દર્શન-સંસ્કારવિદ્યાના પુરોધા જ્યોતિર્ધર આચાર્ય ક્ષિતિમોહન સેન આ બીજા પ્રકારની વિભૂતિ હતા. કવિવર રવીન્દ્રનાથ ઠાકુર સ્થાપિત વિશ્વભારતી વિદ્યાલયના તેઓ ભૂતપૂર્વ આચાર્ય હતા, અને રવીન્દ્રનાથના એક અંતરંગ સહકાર્યકર હતા. કમળ જેમ સરોવરથી અને સરોવર જેમ કમળથી શોભા પામે છે, તેમ આચાર્ય ક્ષિતિમોહન સ્વયં શાંતિનિકેતનના એક અમોલ ભૂષણ સમા બની ગયા હતા. તેમના અવસાનથી ગુજરાતે તો સ્વજન ગુમાવ્યા જેટલો ઊંડો આઘાત અનુભવ્યો છે; કેમકે આશરે ત્રણેક દાયકા પહેલાં ગુજરાત-સૌરાષ્ટ્રના પોતાના પરિભ્રમણ વેળા સ્વ. કરુણાશંકર કુબેરજી ભટ્ટના કોસીન્દ્રા આશ્રમમાં તે આરામ માટે રહેલા ત્યારે તેમણે ત્યાં એક લાંબી વ્યાખ્યાનમાળા આપેલી જે ઘણા તત્કાલીન જિજ્ઞાસુઓના સ્મરણમાં હશે. એ વ્યાખ્યાનો પાછળથી ગુજરાતીમાં 'શિક્ષણસાધના', 'તંત્રની સાધના' અને 'ચીન-જાપાનની યાત્રા'ને નામે ગ્રંથસ્થ પણ થયાં છે. ગુજરાતમાં ચાલતી જ્ઞાનસંસ્કારની નાનાવિધ પ્રવૃત્તિઓથી પણ તેઓ આખર સુધી વાકેફ રહેતા આવ્યા હતા.

મધ્યકાલીન સંતોની ચિંતનસાધના, સાહિત્યપ્રબોધ અને મરમી તત્ત્વજ્ઞાન ઉપરાંત સમસ્ત ભારતીય ધર્મસાધનાપરંપરાનું પણ તેમનું અધ્યયન સર્વાંગી હતું, અને તેની અનેક અજ્ઞાત શાખા-પ્રશાખાઓ પર તેમણે કીમતી પ્રકાશ પાડ્યો છે એટલું જ નહિ પણ એ સર્વે વિદ્યાઓની શાસ્ત્રીયતા સિદ્ધ કરીને પોતાની વિશિષ્ટ મેધા-પ્રતિભાને બળે તેમણે તેનું જે આકલન કર્યું છે એ એમની વિરલ સેવા છે.

આપણા દેશમાં થઈ ગએલા જૂજ પ્રકાંડ પંડિતોમાંના એક વિરલ એવા એ વિદ્વાનનું ચરિત્ર, એમના એક અંતેવાસી વિદ્યાર્થી જેવા બની રહેલા શ્રી જયંતીલાલ આચાર્યે આજથી પંદર વર્ષ પર 'ભારતી'માં આપેલું તે પરથી, તેમજ હમણાં એમના અવસાન સમયે 'દેશ' 'અમૃત-બજાર પત્રિકા' 'જનસત્તા' આદિ પત્રોમાં આવેલા અંજલિલેખો પરથી તારવીને આ નીચે આપીએ છીએ.

આજથી ત્રીસેક વર્ષ પહેલાંની વાત છે. સદ્‌ગત કરુણાશંકરભાઈ તે વખતે કોસીન્દ્રા ગામમાં પ્રાચીન ઢબે પોતાનો આશ્રમ ચલાવતા હતા. એક વખત ત્યાં જવાનું નિમંત્રણ મળ્યું. કોસીન્દ્રા પહોંચતાં સમાચાર મળ્યા કે બંગાળના એક વિદ્વાન ક્ષિતિબાબુ આવ્યા છે તેથી સૌ ત્યાંથી થોડે દૂર આવેલા કાશીપુરા ગામ ગયા છે. રાતવાસો કોસીન્દ્રામાં કરીને સવારમાં વહેલા ઊઠીને કાશીપુરા તરફ કૂચ કરી.

કાશીપુરા ગામની પાસે જ, હેરણ્ નદીને કિનારે, ફેણાઈ માતાની ટેકરીની છાયામાં, વૃક્ષોની ઘનઘટા વચ્ચે, પ્રકૃતિના રમણીય ખોળામાં માનવમંડળ બેઠેલું જણાયું. તેમાં એક બાજુ ઉઘાડા માથાવાળા, ધીરગંભીર મુખમુદ્રાવાળા, શરીરે સ્થૂળ પણ નયનતેજે સૂક્ષ્મ પરખ કરનારા પેલા બંગાળી વિદ્વાનને જોયા.

આમ તો હું મુંબાઈ વિશ્વવિદ્યાલયનો સ્નાતક થએલો; મોટી ઈંટ-ચૂનાની પાકી ચણેલી કૉલેજના પાકા પ્રાધ્યાપકોનાં નિયંત વ્યાખ્યાનો સાંભળેલાં; પરતુ આ તો કાંઇક નવીન લાગ્યું. આ પ્રવચનમાં તો રવીન્દ્રનાથનાં બંગાળી કાવ્યોનો ઉલ્લેખ આવતો, બાઉલોની વાતો આવતી, વેદોના મંત્રોનું ઉચ્ચારણ થતું, કુમારસંભવના કોઇક શ્લોકનું આવર્તન થતું, ઉપનિષદનાં સૂત્રો આવતાં, કબીર દાદૂ વગેરે ભક્ત-સંતોની વાણીનો ઉલ્લેખ થતો ને કોઇકોઈ વાર તો હસાવે એવો એકાદ ટૂચકો પણ આવતો. એ પ્રવચન સાંભળતાં પ્રાણ જાણે ભર્યાભર્યા થઈ જતા, કોઈ ઋષિનાં બાળકો હોઇએ એવો ભાવ ઉત્પન્ન થઇ જતો.

ત્યાર પછી અમદાવાદમાં વિ. સં. ૧૯૮૬ની કાળીચૌદશને દિવસે પ્રાર્થના સમાજ મંદિરમાં 'મજલિસે ફિલ્સુફાન'ના આશ્રયે 'ગત વર્ષ અને નવું વર્ષ' પર થએલું તેમનું વ્યાખ્યાન સાંભળ્યું ત્યા પહેલી જ વાર 'વીરાચાર' ને 'પશ્વાચાર' શબ્દો કાને પડ્યા. 'પ્રસ્થાન' માસિકના તે વખતના તંત્રીએ ક્ષિતિબાબુ વિષે નીચે પ્રમાણે નોંધ લખી હતી: 'બાબુ ક્ષિતિમોહન સેન હિંદનું જંગમ જ્ઞાનતીર્થ છે.. ...તેમની પ્રવચનશૈલી વિલક્ષણ રીતે સ્વૈરવિહારી છે, ને વક્તાશ્રોતાના સાક્ષાત્ સંબંધ વિના તે લખાણથી તાદશ કરી શકાય તેવી નથી. તેમના હાસ્ય-ના ટૂચકા ને દૃષ્ટાંતો પણ લખાણમાં પૂરેપૂરાં ન ઊતરી શકે તેવાં છે.'

હાલ પૂર્વ પાકિસ્તાનમાં ગએલા વિક્રમપુર જિલ્લાનું સોનારંગ તેમનું વતન. આજથી ચોર્યાશી વર્ષ પહેલાં આચાર્ય ક્ષિતિમોહન સેનનો જન્મ થયો હતો. તેમના પિતામહ પૂર્વબંગાળના પ્રસિદ્ધ નૈયાયિક હતા. વિક્રમપુર પરગણાના પયસાગ્રામવાસી વિખ્યાત પીતાંબર વિદ્યા-ભૂષણના તેઓ શિષ્ય હતા. આ ખ્યાતિને લઇને જ્યારે તેઓ શેષ જીવન ગાળવા કાશી ગયા ત્યારે ત્યાં ઘણાના આગ્રહથી તેમણે અધ્યાપનનું કાર્ય સ્વીકાર્યું ને પચ્ચીસેક વર્ષ લગી તે ચલાવ્યું.

તેમના પુત્ર (અને ક્ષિતિબાબુના પિતા) શ્રી ભુવનમોહન સેન કાશીના પ્રસિદ્ધ ચિકિત્સક થઈ ગયા. આમ આચાર્યશ્રીના પિતૃકુળમાં પ્રસિદ્ધ નૈયાયિકો અને ચિકિત્સકો થઇ ગયા છે. ઘણા લાંબા સમય સુધી તેમને ત્યાં પાઠશાળા ચાલતી, જ્યાં વિદ્યાર્થીઓ ખાતાપીતા ને શાસ્ત્રાધ્યયન કરતા. એ જ રીતે તેમના માતૃકુળમાં મોટામોટા સર-કારી અમલદારો થઇ ગયા. આમ, વિક્રમપુરની પ્રસિદ્ધ પંડિત-પરંપરા-માં તેમજ અગ્રણી જનોમાં તેમના વંશનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે.


આચાર્ય સેનનું શિક્ષણ જગતની પ્રાચીનમાં પ્રાચીન ને આજે પણ જીવંત એવી કાશીનગરીમાં થયું. તે સમયના સુપ્રસિદ્ધ વિદ્વાન મહામહોપાધ્યાય પં. ગંગાધર શાસ્ત્રી, મહામહોપાધ્યાય પં. કૈલાસ-શિરોમણિ અને મહામહોપાધ્યાય પં. સુધાકર દ્વિવેદીના ઘણા પ્રિય વિદ્યાર્થીઓમાંના તેઓ એક હતા.

પોતે એક ઠેકાણે કહે છે કે 'બાલ્યકાળમાં કાશીમા અમે પ્રાચીન યુગના ગુરુઓના વિદ્યાર્થીઓ પેઠે ગુરુનાં પોતાનાં જ બાળકોની માફક રહેતા. તે વખતે ગુરુ શિષ્યનો કેવો ગંભીર પ્રેમનો સંબંધ અનુભવ્યો છે!' તે સમયની શિક્ષણપ્રથાનો તેમજ ગુરુનાં અપરિસીમ સ્નેહ, અપરિમેય જ્ઞાન ને અટલ કર્તવ્યનિષ્ઠાનો ખયાલ આપતાં તેમના ગુરુ ગંગાધર શાસ્ત્રીનો એક પ્રસંગ તેમણે ટાંકેલો:

"વિશ્વવિશ્રુત ગંગાધર શાસ્ત્રીનો એકનો એક પુત્ર ઢુંઢરાજ અમારો અંતરંગ મિત્ર હતો. તે એકાએક જ માંદો પડ્યો અને ગુજરી ગયો. અમને કોઇને ખબર પણ નહિ. શાસ્ત્રી મહાશયે તો રોજના ક્રમ પ્રમાણે ભણાવ્યું, પરંતુ અમને કાંઇક બેચેની લાગી. જેવા અમે ઢુંઢ-રાજને શોધવા જતા હતા તેવા જ શાસ્ત્રીજીએ અમને કહ્યું: 'એ તો એવે ઠેકાણે ગયો છે જ્યાં તમારો કંઠ પણ નહિ પહોંચે.' તરતમાં તો કાંઇ ન સમજાયું. જ્યારે સમજ્યો ત્યારે મેં કહ્યું: 'ત્યારે આપે ભણા-વવાનું બંધ કેમ ન કર્યું?' તેમણે કહ્યું: 'બેટા, અનેક ઠેકાણેથી અનેક

મધ્યયુગની કવિસ્મૃતિ તથા સાધનાધારાના તજ્જ્ઞ

આચાર્ય ક્ષિતિમોહન સેન



ફોટો : વિષ્ણુકુમાર ભટ્ટ

વિદ્યાર્થીઓ અહીં આવ્યા છે. તેમનો સમય નષ્ટ કરવાનો મને શો અધિકાર? શોક તો મારો એકલાનો છે, સાધના બધાયની છે. એ સઘળાની સાધનામાં વિક્ષેપ નાખવાનો મને અધિકાર નથી.'

એક વાર ગંગાધર શાસ્ત્રીને ઘેર અધ્યયનને માટે અમે રાહ જોઈ રહ્યા હતા. શાસ્ત્રીજી અંદર હતા. તે વખતે એક અપરિચિત વૃદ્ધ પંડિત આવી ચડયા. અમે તેમનો યથારીતિ આદરસત્કાર કર્યો. શાસ્ત્રીજીએ બહાર આવીને તેમને પોતાનાથી મોટી ઉમરના જોઇને તેમનું અર્ચન કરવાની તૈયારી કરી. આ જોઇને વૃદ્ધ પંડિતે કહ્યું: 'જરા રહો, હું આપના પિતૃદેવનો સતીર્થ છું. એક રાજાને ધર્મ ભણાવવાની જવાબદારી સ્વીકાર્યાથી મારે કાશી છોડવું પડયું. તે વખતે કેટલાક ગ્રંથો મેં અરધાપરધા વાંચેલા. તે સમાપ્ત કરવાને ઘણે વખતે પાછો કાશી આવ્યો છું. ગુરુપરંપરાગત 'દેશના' દેવા માટે હવે માત્ર આપ જ રહ્યા છો. માટે ગુરુભાઈના પુત્ર હોવા છતાં ય તમે મારા ભાવિ ગુરુ છો. હવે સમજાયું ને, કે અર્ચનની કાંઈ જરૂર નથી?'

શાસ્ત્રી મહાશયે કહ્યું: 'હું ઘણા વખતથી પિતૃહીન છું. આજે મારાં પરમ સૌભાગ્ય કે મારા પિતાના ગુરુભાઇ આવ્યા છે. તો આવો સુયોગ શું હું જતો કરું? આપ દેશને માટે અભ્યાગત છો, એટલે આપનો અસ્વીકાર તો થઈ જ ન શકે. મારી વિનતિ છે કે ત્રણ દિવસ આપ મારો સત્કાર સ્વીકારો ને ત્યાર પછી યોગ્ય લાગે તેમ કરશો.'

ત્રણ દિવસ તેમનો સત્કાર થયો. ચોથે દિવસે પેલા અતિથિ દર્ભ વગેરે લાવીને બીજા છાત્રોની સાથે ભણવા બેસી ગયા ને અભ્યાસને અંતે સાષ્ટાંગ પ્રણામપૂર્વક વિદાય લીધી. શ્રદ્ધાનું એ અનુપમ ચિત્ર મારા ચિત્તમાં ચિરદિન અંકાઇ ગયું છે. શ્રદ્ધા જ છે આપણા દેશની સાધનાનો પ્રાણ. ગુરુશિષ્ય વચ્ચે યોગ કરનારી મર્મવસ્તુ આ શ્રદ્ધા છે.''

બાળપણથી જ તેજસ્વી બુદ્ધિમત્તા અને તીવ્ર સ્મરણશક્તિને લીધે ગુરુ ભણાવતા તે બધું જ ચમત્કારિક ઝડપે તેઓ પચાવી જતા. પોતાના મૌલિક વિચારવિકાસના એ પ્રારંભકાળે જ એમને એક સન્યાસીનો સમાગમ થયો, જે તેમના સમસ્ત વ્યક્તિત્વ પર ચિરંજીવ પ્રભાવ મૂકી ગયો. ત્યારથી એમને સંતસાહિત્યમાં રસ પડવા લાગ્યો હતો. મહામહોપાધ્યાય સુધાકર દ્વિવેદીના સત્સંગથી તેમના આ રસમાં વિશેષ અભિસિંચન થયું. પોતે એક ઠેકાણે જણાવે છે કે 'ઇ.સ. ૧૮૯૫માં આપણા દેશના નિરક્ષર સ્તરમાં ગુપ્ત રહેલા આ અમોઘ ઐશ્વર્યની મને ભાળ મળી. એ પછી વિદ્યાનું ને પોથીઓનું સુસજ્જિત મંદિર છોડીને હું ધૂળધોયાનું જીવન વિતાવવા લાગ્યો.'

ઓગણીસમા વર્ષે તો ક્ષિતિબાબુએ 'શાસ્ત્રી'ની તેમજ કાશીમાં આવેલી ક્વીન્સ કૉલેજમાંથી એમ. એ.ની ઉપાધિ પણ પ્રાપ્ત કરી લીધી. તે વખતે તે કૉલેજના આચાર્ય સુપ્રસિદ્ધ પ્રાચ્યવિદ્યાવિશારદ ડૉ. વેનિસ હતા. વિદ્યાભ્યાસ પૂરો કરીને તેઓ હિમાલયમાં આવેલા ચંબા રાજ્યમાં શિક્ષણ વિભાગના અધ્યક્ષ નિમાયા.

ઈ. સ. ૧૯૨૯માં કલકત્તા વિશ્વવિદ્યાલયમાં આપેલાં 'ભારતીય મધ્યયુગમાં સાધનાની ધારા' નામનાં પોતાનાં 'અધરમુખર્જી વ્યાખ્યાનો'ની પ્રસ્તાવનામાં તે જણાવે છે: 'બાળપણમાં કાશીમાં અનેક સંપ્રદાયોના સાધુસંતોની સાથે પરિચય થયાને આજે પાંત્રીસ વર્ષો વીતી ગયા. એ પ્રાચીન સાધકોની સાધના ને વાણી એવાં ઉદાર, ગંભીર ને મનોહર જણાયાં કે એ નાની વયે પણ મને તેનો કેફ ચડ્યો. ત્યાર પછી લખવા-વાંચવાને સમયે પણ આ વાણીના પરિચયમાં મારો ઘણો વખત પસાર થવા લાગ્યો. સદ્ભાગ્યે તે વખતે કેટલાક એવા માર્ગદર્શકોની કૃપા મળી કે જેવા લોક હવે મળવા મુશ્કેલ. મુંબાઇમાં સાંતાક્રુઝમાં રહેતા ભાવનગરના લાખનકા ગામના રહેવાસી વૃદ્ધ સાધુ બાબા મોહનદાસ તો પરલોક સિધાવ્યા. તેમને કંઠે ત્રણ હજારથી યે વધુ ભજનો હતાં. ફૂટકળ સંતવાણીનો તો પાર જ નહિ.'

એક વાર તેઓ કોઇ ઊંચા પદની સરકારી નોકરી લેવા જતા હતા, ત્યાં તેમને કવિવર રવીન્દ્રનાથ તરફથી બોલપુરના બ્રહ્મચર્ય વિદ્યાલયમાં કાર્ય કરવા માટે આમંત્રણ મળ્યું. તે સ્વીકારી લઇને ઈ. ૧૯૦૮માં ૨૮ વર્ષની વયે તે શાંતિનિકેતનમાં જોડાયા. તેઓ લખે છે:

'શાંતિનિકેતનમાં જોડાયા છતાં મેં મારી દરેક રજાનો ઉપયોગ મારા પ્રિય વિષયના અનુસંધાનમાં કર્યો. લાંબા વખત સુધી મારી આ ઘેલછાની વાત કોઇને જણાવી નહિ. એક વાર કોણ જાણે ક્યાંથી કવિવર રવીન્દ્રનાથને તેની ગંધ આવી ગઇ. ત્યાર પછી તેઓ મને આ વિષયમાં લખવા માટે કહેવા લાગ્યા. શરૂશરૂમાં તો એ વિષે બધાંયને જણાવતાં મને સંકોચ થયો... કબીરની મુખ્ય વાણીના માત્ર ચાર ખંડ ઇન્ડિયન પ્રેસ તરફથી પ્રગટ થયા. દસ ખંડ થાત તો જ કબીરનો કાંઈક પરિચય આપી શકાત. આમ, મધ્યયુગના લગભગ બસો સાધકોનું સંધાન મળી આવ્યું. ક્ષેત્ર તો વિરાટ છે, પરંતુ કામ કરનાર ક્યાં છે?'

માત્ર પુસ્તકો પર તેઓ પોતાના કાર્યને માટે કદી નિર્ભર રહ્યા નથી. તેમણે ભારતવર્ષમાં અનેક તીર્થોમાં, ગુપ્ત સ્થાનોમાં, પહાડોમાં, ગુફાઓમાં, રણમાં ને ગામડાંઓમાં પગપાળા પર્યટન કર્યું છે. પોતાના અનુસંધાનના વિષય સંતભક્તો જ્યાં રહેલા હોય, તેમણે જ્યાંજ્યાં મુસાફરી કરી હોય, એ સર્વની હકીકતો મેળવીને ત્યાંત્યાં જઈ પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું છે. રવીન્દ્રનાથના નિર્વાણ પછી વિશ્વભારતીની મૂળ (અનુ. પૃ. ૧૪૬મે)



ગુજરાત એની વિશિષ્ટતાઓ અને ઊણપો

કનૈયાલાલ મુનશી

આશરે સાતસો વર્ષ પછી ગુજરાતની સત્તા ગુજરાતીઓના હાથમાં ઘણે અંશે આવે છે.

ગુજરાત એક સાંસ્કારિક વ્યક્તિ છે એમ ૧૯૨૩માં મેં કહ્યું હતું. સાડત્રીસ વર્ષ પછી આજે આપણે કહી શકીએ કે ગુજરાતીઓનું સામુદાયિક વ્યક્તિત્વ વધ રે ખીલ્યું છે ને તેના વિકાસ માટે અવકાશ નિ:સીમ થઈ રહ્યો છે.

દરેક સમુદાયના વ્યક્તિત્વનો પાયો તેના નિવાસસ્થાનની વિશિષ્ટતામાં હોય છે. તે જ પ્રમાણે ગુર્જરભૂમિની વિશિષ્ટતાનો આધાર આપણાં ભૌગોલિક બળો પર રહ્યો છે.

આ ભૌગોલિક બળોમાં મુખ્ય ગુજરાતના સીમાડાની સુબદ્ધતા છે. પશ્ચિમે અતૂટ સમુદ્રકિનારો; ઉત્તરે રણ ને આબુ; પૂર્વે અરવલ્લી, વિન્ધ્ય, સાતપૂડા ને સહ્યાદ્રિની શૃંગાવલિઓ: આ બધાંના કારણે ભારતની સપાટ ધરતીમાં આપણો પ્રદેશ ઘણી રીતે અલગ બની રહે છે.

ગુજરાતની બીજી વિશિષ્ટતા એની ભૂમિની ફળદ્રુપતા છે. ગુર્જરભૂમિ નદીતટોની બનેલી હોવાથી રસાળ છે અને તેથી ગુજરાતીઓનું જીવન પ્રમાણમાં સુખી રહ્યું છે. આ ભૌગોલિક વિશિષ્ટતાનો આર્થિક દૃષ્ટિએ આપણે પૂરેપૂરો લાભ ઉઠાવી શકીએ.

ચાલુક્ય વંશનું રાજ્ય ગુજરાતમાં હતું ત્યાં સુધી આર્ય સંસ્કૃતિનાં અનેક કેન્દ્રો ગુજરાતમાં હતાં. ઈ. ૧૨૯૯માં અણહિલવાડ પાટણ તૂટ્યું ત્યાર પછી પણ ભારતીય સંસ્કારનો ધર્મ અને વિદ્યાનો વારસો આપણને મળતો રહ્યો. એ ખરું કે સંસ્કારોની સર્જનશક્તિ ઘટી ને પ્રખર વિદ્વત્તા ને સૂક્ષ્મ ભાવનાનો ચેપ આપણને ન લાગ્યો. છતાં છેક ઈ. ૧૮૮૫ સુધી ઉત્તર-દક્ષિણ ભારતને સાંકળનાર ધોરી માર્ગોમાં નાસિક-વલસાડનો રસ્તો મુખ્ય હતો. પરિણામે ભારતનો ઘણોખરો સાંસ્કારિક વ્યવહાર ગુજરાતમાં થઇ વહેતો ને વહેતાં વહેતાં આપણા જીવન પર રંગ ચડાવતો જતો.

ગુજરાતીઓએ પરાપૂર્વથી સમુદ્રતટવાસીઓને સુલભ કુનેહ કેળવી હતી. વિદેશો સાથે વ્યવહાર કરવો એ એમના ખમીરમાં હતું. ચોર્યાસી બંદર પર ગુજરાતનો વાવટો ફરકતો. આજે પણ ભારતના વિશ્વવ્યાપારમાં ગુજરાતીઓનો ફાળો મોટો છે—ઘણોખરો મુંબઈ દ્વારા. આ વ્યવહારને કારણે આપણે પરદેશીઓના સમાગમમાં આવતા ગયા અને એથી આપણા સ્વભાવમાં ઉદારતા ને સહિષ્ણુતા આવ્યાં. વ્યવહારુ કાર્યસાધકતા આપણા સ્વભાવનું લક્ષણ બન્યું આ વ્યાવહારિકતાથી આપણને ઘણાં મૂલ્યો સાંપડ્યાં. સ્ત્રીસ્વાતંત્ર્ય ને તેના ફલસ્વરૂપ મિતવિલાસિતા તથા ડહાપણભર્યું દાંપત્ય આપણામાં આવ્યું. વળી, ધર્મનું ઝનૂન કેળવવાને બદલે વ્યવહારમાં નીતિ સાચવવા તરફ આપણું ધ્યાન ગયું.

સાતસો વર્ષ પર આપણે સ્વાધીનતા ગુમાવી. તેને લીધે આપણા જીવનમાં પરાક્રમશીલતાનું સ્થાન ગૌણ બન્યું. તેનું પરિણામ એ આવ્યું કે આપણો સ્વભાવ સુંવાળો બન્યો ને લડાયક પ્રજાઓ સામે મક્કમતાથી વિરોધ કરવાની શક્તિ ક્ષીણ થતી ગઈ. ચતુર વ્યવહારથી કામ કાઢી લઇ સંતોષ માનવાની વૃત્તિ વધી.

ઓગણીસમી સદીની મધ્યમાં 'અર્વાચીનોમાં આદ્ય' એવા નર્મદે 'જય જય ગરવી ગુજરાત'ની ઘોષણા પહેલવહેલી કરી. સાથેસાથે અંગ્રેજી શાસન, નવાં સ્થપાએલાં વિશ્વવિદ્યાલયોની કેળવણી ને અંગ્રેજી ભાષાનું વર્ચસ્વ, એ ત્રણ વડે આપણને રાષ્ટ્રીય એકતાની ઝાંખી થઈ. ઈ. સ. ૧૯૦૪ પછી સ્વાધીનતાની ઝંખના વધતી ગઈ, તીવ્ર થઈ, ને આખરે ગાંધીજીને પ્રતાપે સક્રિય આંદોલનમાં મૂર્ત થઇ. તેમની પ્રેરણાથી ગુજરાત આત્મસમર્પણના પાઠ શીખ્યું.

પછી સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું અને ભારતની પ્રજાએ વૈધાનિક ગણતંત્ર સ્થાપ્યું. પણ રાષ્ટ્રીય એકતાની ભાવના જેમ જેમ થતી ગઈ, તેમ તેમ પ્રદેશે પ્રદેશની અસ્મિતા યે વધતી ગઇ. પ્રાદેશિક ઇતિહાસના પુન:સર્જને દરેક પ્રદેશના ગર્વ પોષ્યો.

વળી, પ્રાદેશિક ભાષાઓની અભિવૃદ્ધિ જેમ જેમ થતી ગઈ તેમ તેમ પણ પ્રાદેશિક અસ્મિતા વધતી ગઈ. સંસ્કૃત અને અંગ્રેજીની અવગણના થવા લાગી. ખાસ કરીને ૧૯૫૦ પછી ભાષાવાદ પ્રબળ થયો—રાષ્ટ્રવાદને ભોગે.

પહેલાં ભારતના સામુદાયિક જીવનમાં ગુજરાત એક સાંસ્કારિક વ્યક્તિ હતું; ગાંધીજીના સમયમાં એ વ્યક્તિત્વનું મુખ્ય અંગ રાષ્ટ્રવાદ હતો. પણ જે રીતે આજે ગુજરાત અલગ થયું તે જોતાં રાષ્ટ્રવાદ ગૌણ બન્યો છે.

સ્વાધીન રાજ્યતંત્ર સ્થપાતાં આર્થિક ઉન્નતિ મેળવવા તરફ ગુજરાતનું લક્ષ એકાગ્ર થશે. પણ આપણો કાર્યસાધકતાનો મોહ સંસ્કાર પર કેવી અસર કરશે તે વિચારવાનું રહે છે. આપણા સાહિત્યમાં ઊંડા ઘેરા ભાવો, ઉત્કટ ભાવનાનાં કથનો ને સૂક્ષ્મ સૌંદર્યદૃષ્ટિ ઓછા પ્રમાણમાં નજરે પડે છે. આર્થિક કાર્યસાધકતાના વહેણમાં આમાંનું જે કાંઈ છે તે પણ ઘસડાઇ ન જાય તે જોવાનું રહે છે.

ગુજરાત ધન પ્રાપ્ત કરવાનું એ ચોક્કસ. એના રાજકીય પુરુષો વ્યવહારુ હોવાના એ પણ નિ:સંદેહ. ઘણા પ્રશ્નોનો ઉકેલ ગુજરાત ડહાપણથી લાવશે એ પણ ખરી વાત. એટલે આજે જે રીતે વિજ્ઞાનને લીધે સમસ્ત સંસાર એક બની રહ્યો છે તે જોતાં ગુજરાતીઓ આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં સહેલાઈથી નિષ્ણાત થઈ શકશે. પણ એક ખામી રહી જવાનો ડર છે. પરાક્રમશીલતાનો આપણામાં અભાવ છે. તેથી રાજ્યતંત્રથી દબાઇને ચાલવાની આપણી વણિકવૃત્તિ પ્રબળ થયા વિના રહેવાની નથી. આ દિશામાં આપણે ધ્યાન નહિ આપીએ તો ગુજરાતમાં શિસ્તને નામે પરાધીનતા આવશે.

આપણામાં ધર્મનું ઝનૂન નથી, છતાં આપણે પ્રજા તરીકે ધર્મપ્રિય રહ્યા છીએ ને હજી સુધી સામાન્ય રીતે નીતિમય જીવન ગાળતા આવ્યા છીએ. ધર્મથી દૂર રહેવાની 'પ્રગતિવાદીઓ'ની ધગશમાં ને 'હોલિવુડ' જીવનના આકર્ષણમાં આપણાં એ લક્ષણો સાચવી રાખવાનું અઘરું બને એમ પણ સંભવ.

જો મારું આ દર્શન ખરું હોય તો વ્યવહારુ ડહાપણ ને સમૃદ્ધ જીવન આપણી સામે જરૂર આવીને ઊભાં રહેશે, પણ સંસ્કારિતાનાં સામાન્ય ધોરણો સાચવી રાખવા આપણે મહાપ્રયત્ન કરવો પડશે. ભાવનાનાં ઊંચાં શિખરો દુર્ગમ ન થઈ પડે તેની ચિંતા કરવી રહેશે.

સંસ્કાર એ વ્યાવહારિક જીવન ને ભાવનાદૃષ્ટિ બેના સંપૂર્ણ સમન્વયથી થાય છે. એ સમન્વય જો આપણે પૂરેપૂરો સાધી શકીએ તો જ ગુજરાતની સંસ્કૃતિ ફૂલે અને ફાલે.

(સમર્પણ)

ભવોભવનું ભાથું

લેખક · 'સ્નેહરશ્મિ'

એક નાનકડા ગામમાં લાંબા વખતથી ત્રાસ વર્તાવી રહેલા એક શાહુકારને ગોળીએ દઈ પોતાની પવનપાંખાળી ઘોડી ઉપર અભેસંગે જ્યારે ગામની ભાગોળ વટાવી ત્યારે રાત ઠીકઠીક આગળ વધી ચૂકી હતી. પૂનમ પૂરબહારમાં ખીલી હતી. એક સત્કૃત્ય કર્યાના સંતોષથી એના હૈયામાં પ્રગટેલી આનંદની ઝલક ને પૂનમની ચાંદનીના ઘેનથી એનું મન સભર બન્યું હતું. મનની એવી હાલતમાં નદીની ભેખડ ઊતરતાં એકાએક તેની આંખ ચમકી. એક મોટા પથ્થરને પોતાના સાલ્લા સાથે પોતાની કેડ પર બાંધી ચણિયાનો કચ્છ ભીડી કિનારે બાંધેલા એક તરાપા તરફ જતી એક તરુણીને એણે જોઇ. એક ક્ષણમાં આખી પરિસ્થિતિ તે પામી ગયો, ને ઝડપથી તે છોકરીની નજીક પહોંચી તેના માર્ગમાં તે ખડો થઈ ગયો.

'કોણ છે તું? ખસ મારા રસ્તામાંથી!' છોકરી મક્કમ અવાજે બોલી.

'હું? હું અભેસંગ બહારવટિયો. પણ તું કોણ છે? કેડે પથ્થર બાંધી આ શું કરે છે?'

'તેની તારે શી પંચાત? તું આ મુલકનો રાજા તો નથી ને?'

'ના, પણ કોઇને મરતાં વારવાનો તો બધાંનો હક ને?'

'તે તને કોણે કીધું કે હું મરવા જાઉં છું? તું તારે રસ્તે જા, મને મારે રસ્તે જવા દે.'

'ના, એમ નેં જવા દઉં. પૂરો ખુલાસો કર!'

'એમ?' તિરસ્કારથી બોલતી એ યુવતી આગળ વધી, અભેસંગ—પહાડ જેવો અભેસંગ તેના રસ્તામાં દીવાલ બની ઊભો.

'ખસ અહીંથી!' કહીને છોકરીએ તેની છાતીમાં મુક્કો લગાવ્યો.

અભેસંગ ખડખડાટ હસી પડયો: 'વાહ, શો મિજાજ છે! તારા ગામની ભાગોળે આવ્યો એટલે આવા ફૂલની ભેટ મળે જ ને!'

'તો લે આ બીજો, ને આ ત્રીજો...' એમ બોલતાં એ છોકરીએ ઉપરાઉપરી ઢીંકોનો વરસાદ વરસાવતાં અભેસંગનાં હાથ ને ગળા પર તથા મોં પર નખથી અનેક ઘસરકા કર્યાં, પણ એનો કશો જ પ્રતિકાર કર્યા વિના અભેસંગ હસતો જ રહ્યો! પેલી છોકરીનું બધું ઝનૂન ઓસરી ગયું ને તે ધ્રુસકેધ્રુસકે રડી પડી.

અભેસંગે તેને તેનો ઊભરો ઠાલવવા દીધો, અને કળેકળે તેનો વિશ્વાસ મેળવી લઇ એ યુવતીની વીતકકથા તેણે જાણી લીધી. એક વિધવાની એ એકપૂરી દીકરી હતી, મોટી ઉમરે થએલા એ સન્તાનને લાડ લડાવવામાં એની માએ કશું બાકી રાખ્યું ન હતું, પણ બીજી બધી રીતે સારી એવી એની માના જીવનમાં એક વાત એને ખૂંચતી. એક જુવાન છોકરા ઉપર એની મા પોતાનું બધું વહાલ વરસાવતી, ને ધીરેધીરે એ યુવકની એ વૃદ્ધા પ્રણયિની બની ગઇ. એને હમેશને માટે પોતાને વળગેલો રાખવા એક અતિભયાનક યોજના એ વૃદ્ધાએ ગોઠવી કાઢી. પોતાની દીકરીનું એની સાથે વેવિશાળ કરવાનું એણે નક્કી કર્યું. સ્વમાની ને નીતિની આગ્રહી દીકરીએ એ પ્રસ્તાવને ધુત્કારી કાઢયો. મા-દીકરી વચ્ચે ભયંકર ઝગડો થયો, ને એથી અકળાઈ જીવનનો અન્ત લાવવા તે અહીં ભાગી આવી હતી. બળીને મરવાના વિચારથી તે ત્રાસતી હતી, અને પોતાને તરતાં આવડતું હતું એટલે ડૂબી મરવું સહેલું ન હતું. એથી કેડે ભારે પથ્થર બાંધી, તરાપાને નદીની અધવચ લઈ જઈ આપઘાત કરવાની તેણે યોજના કરી હતી. પોતાની વીતકકથા પૂરી કરી તેણે અભેસંગને કહ્યું, 'હવે તો મને સુખેથી મરવા દે'શ ને?'

'ના.' અભેસંગ મક્કમતાથી બોલ્યો, 'તને મરવા નેં દઉં. મારી સાથે આવશે?'

'ક્યાં?'

'ક્યાં?' અભેસંગ સહેજ મૂંઝાયો: 'બહારવટિયાને કાયમનું ઘર થોડું જ છે? પણ તારો વાળ વાંકો ન થાય એ રીતે હું તને રાખીશ, અને તને મનગમતો મૂરતિયો મળી જાય ત્યારે સારા દાયજા સાથે વળાવીશ.'

એ છોકરી હસી. 'વાહ, થોડી ઓળખાણમાં આટલું બધું? અને તે પણ છાતીમાં પડેલા ધુમ્બા ને મોં પર લાગેલાં નખોરિયાં પછી?'

'એ તો મેં કહ્યું નથી કે ફૂલ વરસ્યાં?' અભેસંગ હસતાંહસતાં બોલ્યો.

એ પછી થોડી જ વારમાં અભેસંગની ઘોડી એકની જગ્યાએ બે સવારને લઇને રાત્રિની ગાઢ નીરવતામાં અલોપ થઈ ગઈ.

અભેસંગ મૂળે એક ખાનદાન ઘરનો નબીરો હતો, પણ એક અકસ્માતથી એક ભાવનાશાળી યુવાન નાગરિકમાંથી તેના જીવને એક ભાવનશાળી યુવાન બહાવટિયામાં પલટો ખાધો. હકીકત એવી બની કે એના ગામના એક શાહુકારે પોતાના લેણાના બદલામાં દેણદારની એક યુવાન ખૂબસૂરત દીકરીને બાન તરીકે રાખી હતી. આ બનાવથી લોકોમાં ભારે હાહાકાર મચ્યો હોવા છતાં એ શાહુકારનું ચલણ એવું ભારે હતું કે કોઈ એની ઇતરાજી વહોરવા તૈયાર ન હતું. સરકારી નોકર પણ બધા એના ફોડેલા હતા. એની આવી ચુંગાલમાં ફસાએલી એ યુવતીએ એના કબજામાંથી છટકી જવા એકબે વખત પ્રયાસ કર્યો, પણ તે દરેક પ્રયાસને અંતે તેના પર વધુ બંધનો લદાયાં. અભેસંગ ગામના યુવાનોના નાક જેવો લેખાતો. આ બનાવથી તેનું લોહી ઊકળી આવ્યું હતું, એ જોતાં ભારે અગમચેતી વાપરી એના પિતાએ એને કોઈક અગત્યના કામનું બહાનું શોધી કાઢી લાંબા વખતની કામગીરી માટે ઘણે દૂર બહારગામ મોકલી દીધો હતો. પણ એના પિતાની આ યુક્તિ કારગત નીવડી નહિ. એક દિવસ અભેસંગને ટપાલમાં એક પરબીડિયું મળ્યું. તેમાં એક રાખડી હતી, અને 'કસાઇવાડે બંધાએલી ગરીબ ગાય જેવી તમારી દુર્ભાગી બહેન તરફથી' એવી મતલબનું લખાણ હતું. અભેસંગના પ્રાણનો એકેએક તાર એ પત્ર મળતાં ઝણઝણી ઊઠયો.



તેણે પોતાનો નિર્ણય કરી લીધો. એ જ દિવસે ત્યાંથી નીકળી પડી પોતાને ગામ તે પહોંચ્યો. ત્યાં કોઇને પણ મળ્યા વિના ભરબજારમાં ધોળે દિવસે તેણે પેલા શાહુકારને પડકાર્યો. તેનો મિજાજ જોતાં શાહુકાર શિયાવિયા થઈ ગયો. લોકો પણ ભેગા થઈ ગયા. પણ કોઇની તાકાત ન હતી કે અભેસંગના હાથમાંની રિવૉલ્વર કોઈ પડાવી શકે—બલકે એ પડાવી લેવાની કોઈની ઇચ્છા પણ ન હતી. એ ટોળાની હાજરીમાં જ અભેસંગે શાહુકારને પૂરો કર્યો, અને તરત જ તે ગામ છોડી ચાલી નીકળ્યો. બનાવવાળા સ્થળે આવી પહોંચેલી પોલીસે એને પકડવા ભારે દોડાદોડ કરી મૂકી, પણ તે બધી એ જે રસ્તે ગયો હતો તે ટાળીને!—પોલીસ પણ એ ખૂનથી રાજી હતી!

આ બનાવ પછી લોકોના મનમાં જે હતું તે ધીરેધીરે ચોકે ને ચૌટે ચર્ચાતું થયું, ને અભેસંગે કરેલા આ ખૂન માટે રાજ તરફથી એને માફી મળવી જોઇએ એવી વિનતિ કરતી એક અરજી કેટલીક સ્ત્રીઓ તરફથી રાજસરકાર તરફ રવાના થઇ. રાજા અને તેના મંત્રીઓએ શાહુકારની બદચાલ ને તેના અત્યાચારની બધી વિગતોનો અભ્યાસ કર્યો ત્યારે તેમનાં પણ દિલ પીગળ્યાં. પણ કોઈ નાગરિક આવી રીતે પોતાના હાથમાં કાયદો લે એ કેમ પરવડે એવો સવાલ પણ તેમના મનમાં ઊભો થયો, એનો જવાબ પણ બહેનોની અરજીમાં જ હતો. નવ્વાણું ગુનેગાર ભલે છટકી જાય, પણ એક નિર્દોષને સજા થવી જોઇએ નહિ એવી સાવધાની કાયદાના પાલનમાં રખાતી હોઈ દુષ્ટ લોકો કાયદાના આ ઉમદા તત્ત્વનો ગેરલાભ ઉઠાવવામાં ઘણી વખત ફાવી જતા હોય છે. એવે પ્રસંગે જો અભેસંગે ભર્યું હતું એવું પગલું કોઈકને નિરુપાયે ભરવું પડે તો તેમાં એક પ્રકારની સુજનો માટેની મજબૂરી લેખી કાયદાની મર્યાદા જ્યાં પૂરી થાય છે ને દયાનો પવિત્ર અધિકાર જે સર્વોચ્ચ રાજસત્તાને હસ્તક હોય છે તે અધિકાર વાપરવા માટે સબળ કારણ ઊભું થયું છે કે કેમ તે તપાસાવું જોઇએ એવો બહેનોની અરજીનો સાર હતો. પણ આ દૃષ્ટિબિન્દુમાં યે કાયદાની અનેક આંટીઘૂંટીઓ નડતી હતી. તે સૌનો નિકાલ કરતાંકરતાં છેવટે રાજ્ય તરફથી અભેસંગને એના બે ગુના માટે માફી આપવાનું નક્કી થયું, અને એ અંગેનું જાહેરનામું પણ બહાર પડ્યું. પણ તેના છ કલાક પહેલાં અભેસંગ બીજો ગુનો કરી ચૂક્યા હતો, એણે લોકોનું લોહી ચૂસતા બીજા એક શાહુકારનું પાસેના ગામમાં ખૂન કર્યું હતું. અભેસંગે જ્યારે એ જાહેરનામું વાંચ્યું ત્યારે પોતાના નાગરિક જીવનમાં પાછા ફરવાની પોતાને મળેલી અણમોલ તક આ તાજા બનાવથી પોતાના હાથમાંથી સરકી ગઇ છે એવું તેને લાગ્યું. પણ એણે જે બીજું ખૂન કર્યું હતું તેમાં પણ એક દુષ્ટના જુલ્મોમાંથી ગરીબ લોકોને મુક્ત કરવામાં પોતે ભગવાનનું સાધન બન્યો છે એવી જ કૃતકૃત્યતા તેણે લેખીને એના ચેનમાં પોતાને મળેલી તક જતી રહ્યાનો તેના મનમાં અફસોસ રહ્યો નહિ. યા હોમ કરી બહારવટામાં તે ગળાડૂબ થઇ ગયો.

'જોગીદાસ ખુમાણ' કે 'રૉબિન હુડ' જેવી ખ્યાતિ પામેલા એ બહારવટિયાના જીવન આસપાસ અનેક દંતકથાઓ ગૂંથાવા માંડી. એનું નામ સાંભળતાં શાહુકારોના હાંજા ગગડી જતા. વહુદીકરીઓને એના તરફથી પૂરું અભયદાન હતું; પણ એનો પંજો કોના પર પડશે તેની ફડક ધીરેધીરે વધુ ને વધુ લોકોના દિલમાં પેસવા માંડી. સામાન્ય ધીરધાર કરનારાં કે લેવડદેવડમાં નાનીમોટી ઘાલમેલ કરનારાં, ભેળસેળમાંથી મોટા નફા કરનારાં—એવાંએવાં સમાજદ્રોહી છતાં ધનને લઇને સમાજનાં મોભી લેખાતાં તત્ત્વો જ માત્ર નહિ પણ પ્રામાણિકપણે ધીરધાર, ધંધોરોજગાર કે નાનીમોટી લેવડદેવડ કરનારા પણ એનાથી થરથરવા લાગ્યા. જ્યારે બીજે પક્ષે પીડિત, દલિત, શ્રમત્રસ્ત, દરિદ્ર સમાજ એનાં પરાક્રમો પર ખુશ હતો. તે કમળકાભેર એને અપનાવતો, અને એના ગુપ્તવાસ માટે અધરાત મધરાત ગમે ત્યારે પોતાની ઝૂંપડીનાં બારણાં તે ખુલ્લાં જ રાખતો.

પણ આત્મહત્યા કરવા નીકળેલી પેલી યુવતીને બચાવી તેને પોતાની ઘોડી પર લઇ પોતે ક્યાં જશે એના કશા જ ખયાલ વિનાનું તેનું આજનું સાહસ અનોખું જ હતું. એ અવિવાહિત હતો, ને બહારવટું સ્વીકાર્યા પછી લગ્નજીવન પોતાને માટે નથી એ વાત એણે ભલે કોઇને જણાવી ન હોય, પણ એના મન સાથે તો પાકી રીતે જડાઈ ગએલી હતી. પરસ્ત્રી મા-બહેન સમાન છે એવી માન્યતા એ ગળથૂથીમાંથી પામ્યો હતો ને એના યૌવનકાળમાં એની એ માન્યતા એવી તો ઉદાત્ત રીતે એના વર્તન દ્વારા અભિવ્યક્તિ પામતી હતી કે સૌ કોઇને એ કારણે એને માટે આદર રહેતો. એની એ ખ્યાતિ બહારવટિયા તરીકેના એના જીવનમાં વધી; અને એથી એ જ્યારે કોઈક ઘરમાં આશરો મેળવી લેતો ત્યારે તે ઘરની વહુબેટીઓ વિના સંકોચે એની પાસે એના પરાક્રમની વાતો સાંભળતી કલાકોના કલાકો એકલી બેસી રહેતી, તો ય તેમાં કોઇને કશું અજુગતું લાગતું નહિ, કશી ભીતિ રહેતી નહિ. આમ જુવાન સ્ત્રીઓ સાથે હળવા વિનોદ કરવાની પણ આ પહેલાં એણે અનેક વાર રમૂજ માણી હતી, અને એથી તેના અંતરમાં રહેલી કૌટુંબિક જીવનથી વિખૂટા પડી ગયાની અતૃપ્તિ બહુ સહજ ને નિર્દોષ ભાવે કંઇક અંશે હળવી કરવાની તેને અનુકૂળતા મળતી. એના એ બધા અનુભવોમાં આજનો અનુભવ અનોખો જ હતો. એને સ્વપ્ને પણ કલ્પના ન હતી કે આત્મહત્યામાંથી ઉગારી લઈ જે યુવતીને પોતાનાથી બને તે મદદ કરવાના આશયથી તે લઈ જઇ રહ્યો હતો તે યુવતી જોતજોતામાં તેના સકળ જીવનની અધીશ્વરી થઈ બેસશે. અને એમ થવું સ્વાભાવિક પણ હતું. મેનામાં એવી તેજસ્વિતા હતી, એવું આભિજાત્ય હતું અને તે સાથે એવું રૂપ પણ હતું.

લગ્નજીવનના બંધનમાં નહિ જકડાવાના નિશ્ચયવાળા એ યુવાને જ્યાં કાયદાની હકૂમત બહુ ઓછી પહોંચતી હોય છે એવા સભ્યતાથી પણ દૂર એક ગાઢ જંગલમાં આવેલા થોડાંક ઝૂંપડાંવાળા એક ગામમાં ગામલોકોનો પૂરેપૂરો વિશ્વાસ સંપાદન કરી ઘર માંડ્યું. બંને એક કોમનાં હતાં એટલું જ નહિ, પણ પેઢી દર પેઢી ઊતરી આવેલી કુલીનતાનાં પણ વારસ હતાં, એ કારણે એ વખતના લોકજીવનનાં જે નૈતિક મૂલ્યો હતાં તે બધાં તેમના આ સંબંધથી જળવાતાં હતાં અને જો અભેસંગને એના પૂર્વજીવનમાં પાછા ફરવાની તક મળે તો માત્ર એનું કુટુંબ જ નહિ પણ એની જ્ઞાતિ અને આખો સમાજ આ લગ્નસંબંધ ઘણો ઉચિત હતો એવા ભાવ સાથે તેમને અપનાવે, એ સંબંધે એ બંનેમાંથી કોઈના મનમાં કશી જ શંકા ન હતી.

પણ એમના પ્રણયની બંસીના મીઠા સૂરોમાં ધીરેધીરે એક મોટો અવરોધ ઊભો થવા લાગ્યો. લગ્નજીવન એ એક મોટી સામાજિક જવાબદારી પણ છે અને એ જવાબદારી જો યોગ્ય રીતે અદા ન થઈ શકે તો એ જીવનની મધુરપ બધી ઊડી જાય એ વાત આ નવપરિણીત મુગ્ધ દંપતીને થોડાક વખતમાં સમજાવા લાગી. પોતે તો યુવાન હતાં, સાહસિક હતાં ને એમને એકમેકની હૂંફ હતી એટલે જીવનસંગ્રામમાં કચરાઈ જવાની તેમને ભીતિ ન હતી; પણ સંતાનની જવાબદારી ઉઠાવવાની આવી તો?–આ પ્રશ્ન અભેસંગ કરતાં મેનાને ડગલે ને પગલે વધુ ને વધુ સતાવતો રહેતો. દીકરો હોય તો કદાચ નભી જાય, પણ દીકરી હોય તો? કુલીનતા અને શીલના મેનાના સંસ્કારો એવા હતા કે બીજી કોમમાં કે ઊતરતા કુળમાં પોતાની દીકરીને પરણવાનું આવે એના વિચારમાત્રથી તે થરથરી ઊઠતી. સંતાન તેને જોઈતું હતું

હતી દીકરી તો નહિ જ! ને એ માટે ભગવાનને તે વારંવાર પ્રાર્થના પણ કરતી. અભેસંગ આગળ પોતાની આ મનોવ્યથા તે કોઇ વાર વ્યક્ત પણ કરતી, અને ત્યારે હસીને અભેસંગ કહેતો: 'ગાંડી, સૌ પોતપોતાનાં નસીબ લઇને જન્મે છે; આ બધી ફિકર તે હજાર હાથવાળાને નથી, કે આપણે નાહકનાં દુઃખી થઇએ? આપણો જ વિચાર કર ને? કોણે જાણ્યું હતું કે આપણને બંનેને તે અણધારી રીતે ભેગાં લાવશે?' અભેસંગનું આ આશ્વાસન લાંબું ટકતું નહિ ને મેના અહોરાત જે ચિંતા કરતી હતી તે ચિંતા એક દિવસ ખરી પડી: તે એક પુત્રીની માતા બની. પોતાની કૂખે પથરો અવતર્યો છે એવા ભારે નિઃશ્વાસ સાથે મેનાએ માથું કૂટ્યું ને અભેસંગે ભારે કુનેહથી રોકી ન હોત તો એણે એ દીકરીને તે જ ઘડીએ દૂધ પીતી કરી દીધી હોત.

દીકરીના જન્મ પછી જીવનના અનેક કોયડાઓ અભેસંગને સતાવવા માંડ્યા. એક જીવને ઉછેરવામાં કેટલી બધી મુસીબતો રહી છે એનો આ પહેલાં એને કદી પણ ખયાલ આવ્યો ન હતો. જે ગામમાં એણે વાસ કર્યો હતો તેના લોકોએ એના અહીંના વસવાટ અંગે પૂરી ગુપ્તતા જાળવી પોતાના વચનનું જે રીતે પાલન કર્યું તે માટે તેમનો તે અહેસાનમંદ હતો; પણ રોજબરોજના એમના વ્યવહારમાં વપરાતી ભાષા, તેમાં વ્યક્ત થતી અશ્લીલતા, ગામનાં કેટલાંક છકેલાં જુવાનિયાંનાં નિરંકુશ જીવન ને એવુંએવું ઘણું તેને અકળાવતું, ને પોતાની આંખની કીકી જેવી પોતાની નાનકડી દીકરી જેનું નામ તેણે બહુ ઉમળકાથી કીકી રાખ્યું હતું તે આ ઝેરી હવામાં પોતાનો કૌટુમ્બિક સંસ્કારવારસો કેવી રીતે ટકાવી શકશે તેની એને ચિંતા રહેતી; પણ મેના આગળ એ ચિંતા એણે કદી પણ વ્યક્ત થવા દીધી ન હતી. એ તો મેના જ્યારે આવી ચિંતા દાખવતી ત્યારે હસીને કહેતો, 'કાદવમાંથી કમળ પેદા થાય છે તે કેમ ભૂલે છે?' પણ મનોમન તો એ જાણતો જ હતો કે આ વાત કહેવા જેવી સરળ જીવનમાં અનુભવાતી નથી, ને એથી મેના કરતાં પણ તે વધુ ઊંડી ચિંતામાં ડૂબી જતો, ને મોતને મૂઠીમાં લઈ ફરતો એ જુવાન એવે વખતે ડરી જતો.

અને એની આ ભીતિનું ઉગ્ર સ્વરૂપ બહુ અણધારી રીતે થોડા જ વખતમાં કોઈક ભયાનક ભૂતાવળની જેમ તેની આગળ છતું થયું: કીકીને અઢી વર્ષની મૂકી મેના સર્પદંશનો ભોગ બની અચાનક જગત છોડી ગઇ. અભેસંગ એ જ દિવસે સવારે બહાર નીકળી ગયો હતો, અને અઠવાડિયા સુધી પાછો ફરવાનો ન હતો. પડોશમાં રહેતી ને થોડા જ વખત પર વિધવા બનેલી કેસર નામની એક યુવતીએ કીકીને પોતાની હૂંફમાં લીધી. કેસરને આગળપાછળ બીજું કોઈ જ ન હતુ. પોતાના ઘરમાં તે એકલી જ હતી.

યૌવનથી ફાટફાટ થતાં અંગોવાળી કેસર આ વાસમાં એક મિજાજી અને રંગીલી સ્ત્રી તરીકે ઓળખાતી. ધારે તેને તે પોતાની આંગળીને ટેરવે નચાવી શકતી—માત્ર એક અભેસંગ આગળ એનાં તીર નકામાં જતાં. વારતહેવારે કોઇ વખત સ્ત્રી-પુરુષના ભેળા રાસની રમઝટ જામતી ત્યારે કોક વાર પોતાનાં પુષ્ટ અંગોથી અભેસંગ સાથે નિષ્ફળ અડપલાં કરવા મથતી કેસરને જોતાં સ્ત્રીસહજ ઇર્ષ્યા ને ક્રોધથી ભભૂકી ઊઠવાને બદલે પોતાના પતિનો ચારિત્ર્યોજ્જ્વળ પ્રભાવ જોતાં મેના પુલકિત થતી ને વિજયના મીઠા ઘેનમાં કેસરની ઠેકડી પણ કરી લેતી. એવી એ કેસર થોડાક મહિના પહેલાં જ વિધવા બની હતી, અને લોકો ધારતા હતા કે વરસ પૂરું થાય તે પહેલાં જ બીજા કોઇકનું એ ઘર માંડશે. એમાં મેનાનું આ રીતે અણધાર્યું અવસાન થતાં કેસર માટે એક સારી તક ઊભી થઇ હતી એવું એકલી કેસરને જ નહિ, પણ કેસરના રૂપથી પ્રભાવિત બનેલાં ત્રાહિતોને પણ લાગ્યા વિના રહ્યું નહિ. વળી મેના જીવતાં જ કીકીને કેસરે જાણે કે પોતાની કરી લાધા હતી. કીકી માટેના એના આ ભાવમાં અભેસંગને એ નિમિત્તે પોતાના તરફ આકર્ષવાની એની ગણતરી હતી કે કીકી માટે એને સાચેસાચ વહાલ હતું એનો જવાબ તો એ પોતે પણ આપવા અસમર્થ હતી પણ કીકી માટે આખો વખત એને જે ઉલ્લાસ રહેતો, ને એને રમાડતાં જે રીતે ગાંડીઘેલી બની જતી તે જોતાં કેવળ અભેસંગ નહિ પણ મેના પણ તેના પર ખુશ રહેતી. એથી મેનાનું અવસાન થતાં કીકીને એણે જે રીતે પોતાની ઓથમાં લઈ લીધી તેમાં લોકોને કશું જ અસ્વાભાવિક લાગ્યું નહિ.

અભેસંગે જ્યારે મેનાના અવસાનના સમાચાર સાંભળ્યા ત્યારે મોત સાથે ખેલતો એ મરદ ભાંગી પડ્યો. એના જીવનમાં એક પ્રચંડ શૂન્યતા વ્યાપી ગઈ અને હાથમાંથી સરી જતા જીવનને પકડી રાખવાનાં વલખાં મારતાં કીકીને પોતાની બધી તાકાત સાથે તે વળગી પડ્યો.

કેસરે તેને આશ્વાસન આપવા કરવા જેવું કશું બાકી રાખ્યું નહિ. અભેસંગની વેદના જોતાં કેસરની વિષયવાસનાઓ પણ જાણે કે થોડો વખત ઢબુરાઈ ગઈ. તેનું માતૃત્વ પાંગરી ઊઠ્યું. કીકીની બાબતમાં અભેસંગને ચિન્તામુક્ત કરવા તેણે બનતું બધું કર્યું.

અને આમ થોડાક દિવસ નીકળી ગયા. એ દિવસોમાં કીકી માટેની એની ચિન્તા ઓછી થઇ હતી એવું તો ન હતું, પણ કેસર કીકીની જે રીતે કાળજી રાખતી હતી અને એની હાજરીમાં જે સલૂકાઇથી વર્તતી હતી તે ઉપરથી ગામમાંની પોતાની ગેરહાજરી દરમ્યાન તે કંઈક નિરાંત અનુભવતો; પણ એનો એ ભાવ લાંબો ટકતો નહિ. એ જ્યારે પાછો વળતો ત્યારે કેસર અંગે જે કંઈ વાતો સાંભળવા મળતી, અને કેસરનાં જે જે લક્ષણો એની નજરે પડતાં તેથી એ ઘણો અસ્વસ્થ બનતો, એને મેનાની ચિન્તા યાદ આવતી—કીકી મોટી થતાં એનું શું થશે? પોતાના કુળને છાજે એવો મૂરતિયો ન્યાતમાંથી એને મળશે ખરો? એવી જે અકળામણ મેના એની આગળ વખતોવખત દર્શાવતી તે બધું એને યાદ આવતું, અને કીકી જે મલિન હવામાં ઉછેર પામી રહી હતી તે જો આજે મેના જોઈ શકતી હોત તો તેનો આત્મા કેવો ઘવાત તે વિચારે તે થરથરી ઊઠતો. વિધિની નિષ્ઠુરતા સામે પોતે અસહાય બની રહ્યો હોય એવી વેદનાજનક પ્રતીતિ તેને હવે વારંવાર સતાવવા માંડી.

એક વાર એક મધરાતે અણધાર્યો તે ગામમાં આવી પહોંચ્યો. કીકીને જોવા માટે કેસરની ઝૂંપડીનું બારણું તેણે ખખડાવ્યું. બારણું ઊઘડતાં સહેજ વાર લાગી, એટલું જ નહિ પણ ઝૂંપડીમાં દીવો બળતો હોવાનાં જે ચિહ્નો બારણાની તડમાંથી આવતા ઝાંખા પ્રકાશ પરથી વરતાતાં હતાં તે અદૃશ્ય થયાં, અને ઝૂંપડીના પાછળના ભાગમાં કંઇક ખડખડાટ થતો તેણે સાંભળ્યો. અંધારામાં ઝપાટાભેર ગરક થઇ જતી કોઇ માનવ-આકૃતિ તેણે જોઈ. એ પછી તરત ઝૂંપડીમાંથી જવાબ આવ્યો: 'કોણ છે?' જવાબમાં અસ્વસ્થતા હતી તે અભેસંગના ધ્યાન બહાર રહી શકી નહિ. 'એ તો હું અભેસંગ.' અભેસંગે જવાબ આપ્યો, અને તરત ઝૂંપડીનું બારણું ઊઘડ્યું. ઝૂંપડીમાં અંધારું હતું, અભેસંગે ખિસ્સામાંથી દીવાસળી કાઢી સળગાવી ને કેસરે દીવો પેટાવ્યો, કેસરનાં મોં ને આંખમાંની વિહ્વળતા, ચોળાએલી પથારી, ને પાસે સૂતેલી કીકીને અભેસંગે જોઇ. દીવાનો પ્રકાશ આંખ પર પડતાં કરવટ બદલી કીકી બીજી બાજુ ફરી ગઈ, પણ ક્ષણભર તેની આંખ ઊઘડી. અભેસંગ તરફ જોઈ સહેજ મલકી તેની આંખો પાછી બિડાઈ ગઈ. તરત જ તેના નિયમિત શ્વાસોચ્છ્વાસ સંભળાવા લાગ્યા. તે ગાઢ નિદ્રામાં હતી.

થોડી વાર બંને મૂગાં બની ગયાં. પછી ધીમે રહીને અભેસંગે પૂછ્યું, 'કોણ હતો એ, કેસર?'

'ગેંડો.' કેસરે સહેજ પણ થડકાટ વિના જવાબ આપ્યો.

'ક્યારથી એની જોડે—' અભેસંગ વાક્ય પૂરું કરી રહે તે પહેલાં જ કેસર બોલી, 'આજે જ.'

'કેમ, ચંચળ એને નથી ગમતી?' અભેસંગે પૂછ્યું.

'હું વધારે ગમું છું.' કેસરે જવાબ આપ્યો.

'અને તને મેઘો ગમે છે.' અભેસંગ બોલ્યો.

'ના. એની જોડે બીજી વાર એક છાપરા નીચે નેં રે'વાય.' કેસર બોલી.

'એ તેં આજે જાણ્યું?' 'ના, પહેલાંથી જાણતી હતી.'

'તો પછી એને કેમ આવવા દીધો?' 'જોવનાઈની ભૂખ.'

આ સ્ત્રી સાથે વધુ વાત કરવાનું અભેસંગને માત્ર મુશ્કેલ જ નહિ, નિરર્થક જણાયું, પણ ફીકીના નાજુક તંતુથી એ બંને જોડાએલાં હતાં, એટલે અભેસંગથી બોલ્યા વિના રહેવાયું નહિ કે, 'આના કરતાં તું કોઇનું ઘર માંડતી હો તો, કેસર!'

'એની મારે ક્યાં ના છે? પણ મારી આ ફીકીને આંખના રતનની જેમ જાળવે એવો કોક મળે તો ને? ને જે જાળવે એવો છે...'

તે વધુ બોલે તે પહેલાં અભેસંગ બોલ્યો, 'એ વાત ફરીથી કાઢી? એક ફીકી પૂરી સચવાતી નથી, તો હવે બીજી મૂર્ખાઈ હું કેમ કરું?'

કેસર ને અભેસંગ જાણતાં હતાં કે આ કથનમાં અર્ધસત્ય હતું. બાકીનું અર્ધસત્ય એ હતું કે અભેસંગ અને જગત આડે મેના હતી. મેનાનું સ્થાન બીજું કોઈ લે એ વિચાર જ અભેસંગને અસહ્ય હતો.

અને આમ બીજા પણ કેટલાક દિવસ વીતી ગયા, ને એક દિવસ અભેસંગ ગામમાં આવ્યો ત્યારે મેરુજીની ચૌદ વર્ષની કુંવારી દીકરી કંકુના અકાળ અને કરુણ અવસાનના સમાચારથી તે કંપી ઊઠ્યો. ગર્ભપાત માટેના જંગલી ઇલાજથી એ ગભરુ બાળા મોતના જડબામાં જઈ પડી હતી. એને ફસાવનાર મેઘો ક્યાં ય પલાયન કરી ગયો હતો. ઘોર નિરાશા, આઘાત ને વેદનાથી અભેસંગનો પ્રાણ રૂંધાઇ ગયો. મેનાની પ્રબળ ઓથ ગુમાવી બેઠેલી ફીકીના ભાવિ જીવનની ભયંકર અમંગળતાઓ તેના મન આગળ ભૂતાવળોની જેમ નાચી ઊઠી.

અને આવી વેદના ભરેલી મનોદશામાં તે જ્યારે ફીકીને જોવા કેસરના ઝૂંપડામાં પેઠો ત્યારે કેસરને પથારીમાં ચત્તીપાટ સૂતેલી ને કંઈક શારીરિક વ્યથાના નિઃશ્વાસ નાખતી તેણે જોઈ. ફીકી ચૂલા પાસે બેસી કંઈક ખાઇ રહી હતી. કેસરને 'શું થયું છે?' એવું અભેસંગે પૂછતાં તે ઊંડી વેદનામાં હોય તેમ બોલી, 'છાતીમાં સણકા મારે છે.' અને એમ બોલી તેણે અભેસંગને પાસે તેડ્યો. 'મારાથી નથી વેઠાતું, મને ચોળી આલ.' બોલી તેણે છાતી પરથી કાંચળી સરકાવી દીધી. અભેસંગે બીજો પ્રચંડ આઘાત અનુભવ્યો, અકથ્ય ભાવોથી તે કેસરને જોઇ રહ્યો.

જગતની સકળ વેદના ને નિરાશા તેની છાતીમાં ઊભરાઈ ઊઠી. કેસરના મોં પરના ભાવ પલટાયા. મસ્તીથી એની આંખ હસી ઊઠી. અભેસંગના હાથ જોરથી પકડી પોતાની બધી તાકાત સાથે તેણે તેને પોતાની નિકટ ખેંચ્યો, પણ અભેસંગે પોતાની જાતને સંભાળી લીધી—તેની પકડમાંથી તે મુક્ત થયો, ઘવાએલી સિંહણની જેમ પથારીમાંથી ઊભી થઈ વીફરેલી કેસર વધુ નફ્ફટ બને તે પહેલાં અભેસંગ ચૂલા તરફ ધસ્યો, ને ફીકીને ઉપાડી લઈ બહાર અંધકારમાં અદૃશ્ય થઈ ગયો.

આજે આખા દિવસમાં જીવનની ઘોર કરુણતાનાં તેણે જે દર્શન કર્યાં હતાં—કંકુનું અકાળ ને ક્રૂર મૃત્યુ ને કેસરની બેફામ વિષયવાસના ને ફીકીનું અરક્ષિત જીવન એ બધાં તેને પ્રચંડ અગ્નિની જેમ ચોમેરથી બાળી રહ્યાં. જો કેસરની ઓથમાં ફીકીને વધુ વખત રહેવું પડે તો કાલે તે પણ કેસરને પંથે જ વળશે—ને એમાંથી એને કોઇ જ ઉગારી નહિ શકે—એવા કારમા ચિત્રથી એનો પ્રાણ રૂંધાવા લાગ્યો. આમાંથી બચવાનો રસ્તો કયો? ફીકીના જન્મ પછી ફીકી માટેની જે અનેક આશંકા ને ચિન્તાથી મેના અકળાતી ને દીકરીનો દાયજો ભરવાની અશક્તિવાળાં કુટુંબોમાં દીકરીને દૂધપીતી કરવાનો કોઇકોઈ જગ્યાનો રિવાજ યાદ કરી તે જે કારમું કૃત્ય કરવાની એક વાર હઠ લઈ બેઠી હતી તે ફરીથી તેને યાદ આવવા લાગ્યું. એ ભયાનક પળે મેનાને પોતે કેવી કુનેહથી શાન્ત પાડી હતી તે યાદ કરતાં પોતાની જાતને તે પૂછવા લાગ્યો કે ફીકીને બચાવવાનો એકે ય રસ્તો રહ્યો નથી કે શું?

પવનવેગે દોડતી પોતાની ઘોડી ક્યાં જઈ રહી હતી તેનું તેના આ પ્રચંડ મનોમન્થનમાં તેને ભાન ન હતું—પણ આ બધું શું બની રહ્યું છે એનાથી તદ્દન અજાણ ફીકીએ એને કંઈક પૂછતાં એ જાણે કે ભાનમાં આવ્યો. એણે નજર નાખી તો ચોમેર ગાઢ અંધકાર ને વિજન વેરાનતા હતી. આકાશમાં પલકતાં નક્ષત્રો તરફ તેની નજર ગઇ, ને જાણે ત્યાંથી કંઈક શાતા, કંઈક ધીરજ, કંઇક નવું બળ તે મેળવતો હોય તેમ તેનો પ્રાણ હળવો બનવા માંડ્યો: અહીંથી વીસ-પચ્ચીસ માઈલ દૂર આવેલા એક ગામના એક મુખીની એકાએક તેને સ્મૃતિ થઈ આવી, ને તે ગામની દિશામાં તેણે ઘોડી મારી મૂકી.

મોહન મુખીના ઘરની નજીક એ પહોંચ્યો ત્યારે મળસકું થવાને હજુ થોડી વાર હતી, ને આખું ગામ ગાઢ નિદ્રામાં હતું. તેણે ધડકતે હૃદયે મુખીના ઘરની સાંકળ ખખડાવી. આ પહેલાં કંઈ કેટલી યે વાર તેણે લોકોનાં ઘરનાં બારણાં ચીરી નાખ્યાં હતાં. ને તે વખતે એના હૈયામાં કશો જ ગભરાટ કે કશો જ ક્ષોભ ન હતો. આજ તો સાંકળ ખખડાવતાં એ જાણે પસીને રેબઝેબ થઈ ગયો. થોડી વારે અંદરથી અવાજ આવ્યો, 'કોણ છે, ભાઈ?' કંપતે અવાજે અભેસંગે કહ્યું: એ તો હું–અભેસંગ.' બીજો પ્રશ્ન આવ્યો નહિ અને તરત જ બારણાનો આગળો ખૂલ્યો. અંધારામાં દીવો ધરતાં સૌમ્ય સ્વરે મુખીએ કહ્યું: 'આવો ભાઈ, આવી અસૂરી વેળાએ શું કામ પડ્યું?'

'મુખી, મારું નામ સાંભળતાં તમને—'

તેને અધવચથી જ અટકાવતાં મુખી બોલ્યા, 'મને એમાં કંઇ અજુગતું નથી લાગ્યું. કામ વિના તું સાંકળ નહિ ખખડાવે એટલે તારું જે કાંઈ કામ હોય તે સુખેથી કહે, અને આ મીઠી દીકરી કોણ છે?' પ્રેમથી ફીકીને પંપાળતાં મુખીએ પૂછ્યું.

'એ જ હું કહેવા માગતો હતો,' અભેસંગે જવાબ આપ્યો. 'હું એ કહેતો હતો કે આજ હું તમારે આંગણે એક બહારવટિયા તરીકે નથી આવ્યો, બાપ તરીકે આવ્યો છું. તમે ઘણા જીવોનું ભલું કર્યું છે. આ એક બચારાને પણ તમારી પાંખમાં લો.'

સ્મિત કરતાં મુખી બોલ્યા, 'આ તારી દીકરી, અભેસંગ?'

અભેસંગે હકારમાં માથું હલાવ્યું.

'તારી વહુ?' મુખીએ બીજો પ્રશ્ન પૂછ્યો.

અભેસંગે આર્દ્ર બનતા સ્વરે કહ્યું, 'તેને ભગવાને લઈ લીધી, આ દીકરીનો બોજ તે મને સોંપતી ગઇ. તે બોજ ઉપાડવાનું મારું ગજું નથી એમ સમજી હું તમારે આશરે આવ્યો છું.'

'તને શાથી લાગ્યું કે તારો બોજ મારાથી ઊંચકી શકાશે?'

'એની મને ખબર નથી,' અભેસંગે કહ્યું, 'પણ તમે ઘણા ડૂબતાની બાંય પકડી છે ને મને થયું કે હું પણ તમારે આંગણે ધા નાખું.'

અભેસંગની આ વાત સાચી હતી. મુખીએ કંઈ કેટકેટલા ગુનેગારોને અવળે માર્ગેથી પાછા વાળ્યા હતા! એમની એ સેવાઓ એવી તો ઉમદા હતી કે સરકાર પર પણ એની ઊંડી અસર પડી હતી, અને ભયંકર લેખાતા અનેક ચોર-ડાકુ એમની જામીનગીરીને ટેકે સજામાંથી મુક્તિ પામી સારા ને પ્રામાણિક નાગરિક તરીકેનું જીવન ગાળતા થઈ ગયા હતા. કોઇકોઇને તો એ ફાંસીના (અનુસંધાન પૃ. ૧૪૮)

અગસ્ત્યને પગલે-૩૪

કંબોજી પાટનગરી

લેખક અને ફોટોકલાકાર નવનીત પારેખ

બેંગકૉકથી ડેકોટા-વિમાનમાં અમે સીધા પૂર્વ દિશામાં કંબોજ (કંબોડીઆ) તરફ ઊડયા. (ભૂ-માર્ગે જઇએ તો થાઇદેશ તથા કંબોજની સરહદ પર અરણ્ય-પ્રદેશ નામનું ગામ આવે છે.) દોઢ કલાકે અમે સીમ-રીપ વિમાની-મથકે ઊતર્યાં. આ સીમ-રીપની પાસે જ કંબોજનાં (નહિ, જગતભરનાં) શ્રેષ્ઠ મંદિરો તથા પુરાતત્ત્વ-અવશેષો વિખેરાએલા છે; પરંતુ પ્રથમ કંબોજની રાજધાની ફ્નોમ-પેન્હની મુલાકાત લઇને પાછા વળતાં અહીં ઊતરવાનું ગોઠવ્યું હતું. કંબોજી પાટનગરમાં પ્રતિવર્ષ કાર્તિકી પૂર્ણિમા પર એક મોટો ઉત્સવ થાય છે, તેથી જ ત્યાં પહોંચી જવા વિચાર્યું હતું. સીમ-રીપથી અગ્નિ દિશાએ દોઢસોક માઈલ પરની એ કંબોજી રાજધાનીની હરિયાળી ભૂમિનો સવારના અગિયારે તો વિમાને સ્પર્શ કરી લીધો.

અહીં બધે કંબોજી તથા ફ્રેન્ચ ભાષાનું જ ચલણ હતું, પરંતુ વિમાની મથકે થાઈ-અંગ્રેજના શ્રી સિહા તેડવા આવેલા, તેથી વિધિ ઝટ પત્યો. શ્રી સિહાના દાદા પૉંડિચેરીથી કંબોજ આવેલા, તેથી તેમનામાં ભારતીય સંસ્કારો સ્પષ્ટ જણાતા. તેમની જીપમાં અમે શહેરમાં આવ્યા.

ફ્નોમ-પેન્હ નગરી, પૂર્વ-એશિયાની મહા-નદી મેકોંગને કાંઠે વસી છે. મેકોંગને તો કંબોજ, લાઓસ તેમજ વીએટ-નામ દેશોની ગંગા જ કહી શકાય. હિંદી-ચીનના સમગ્ર પૂર્વાર્ધને આ માતા પોષે છે અને તેને સુતૃપ્ત, સમૃદ્ધ બનાવે છે. કંબોજ-દેશનાં લચી પડતાં ડાંગરનાં ખેતરો તથા તેનાં પ્રગાઢ અરણ્યોની વિપુલ વનરાજિ મેકોંગ-માતાના ઉદાર વાત્સલ્યની સાક્ષી પૂરે છે.

ફ્નોમ-પેન્હ તો કંબોજની ત્રિવેણી છે. અહીં મેકોંગ-નદીને લગભગ એવડી જ મોટી તોન્લે-સપ નદી મળે છે—જાણે કે ગંગાને તેની બહેન યમુના મળી! અને તેને સાચી ત્રિવેણી બનાવવા વળી એક ત્રીજી નાની સરિતા પશ્ચિમેથી અહીં જ આવીને આ સાહેલીઓના રાસમાં જોડાઈ છે. આ ત્રણે સખીઓ મળે છે ત્યાં નદીનો પટ તો માઇલો પહોળો બની ગયો છે અને તેને કાંઠે જ આ પ્રયાગરાજ ફ્નોમ-પેન્હ વસ્યું છે.

શહેર વચ્ચે આવેલી એક ટેકરી પર બંધાએલા એક બૌદ્ધ મંદિર પરથી ફ્નોમ-પેન્હનું નામકરણ થયું છે. કંબોજી ભાષામાં 'ફ્નોમ' એટલે ટેકરી; અને 'પેન્હ' તે એક ભાવિક શ્રદ્ધાનું નામ હતું, જેણે બસો વર્ષ પર આ ટેકરી પર ભગવાન બુદ્ધનું મંદિર બંધાવ્યું હતું.

અમે સીધા હોટેલ-રૉયલ પર આવ્યા. ફ્નોમ-પેન્હની આ શ્રેષ્ઠ હોટેલ ગણાય. કંબોજના વાર્ષિક જલ-મહોત્સવ પ્રસંગે ઘણા વિદેશી પ્રવાસી ફ્નોમ-પેન્હ આવ્યા હોવાથી હોટેલ ચિક્કાર હતી. ટ્રાવેલ-એજન્ટ હોવાને નાતે માંડ એક ઓરડો મળી ગયો. સામાન મૂકીને અમે ભારતીય એલચીની કચેરી પર આવ્યા. ત્યાં ભારતના રાજદૂત શ્રી કૃષ્ણને ઉમળકાભેર આવકાર આપ્યો. કૃષ્ણન હસમુખા ને મળતાવડા યુવાન હતા. છેલ્લાં કેટલાક વર્ષોથી યુનાઇટેડ નેશન્સ તરફથી કંબોજમાં તેમજ લાઓસ ને વીએટ-નામમાં શાન્તિ તથા સુલેહ જાળવવા એક 'સુપરવાઈઝરી કમિશન' નિમાયું છે, જેમાં ભારત પ્રમુખસ્થાને હોવાથી ભારતીય રાજદૂત કંબોજ આખામાં ઘણા સન્માનિત છે. કંબોજી રાજકારણ વિષે પણ ઘણી રસપ્રદ વાતો થઈ. શ્રી કૃષ્ણને કંબોજના હિંદી મંડળના પ્રમુખ શ્રી દાઉદભાઈ અબ્બાસઅલીનો પણ પરિચય કરાવ્યો. સૂરત બાજુના આ વહોરા ગૃહસ્થ ત્રીસેક વર્ષથી કંબોજમાં સ્થાયી



ફ્નોમ (ટેકરી) પરનો બૌદ્ધ સ્તૂપ

થયા છે અને અહીંના પ્રતિષ્ઠિત વ્યાપારી ગણાય છે. ફ્નોમ-પેન્હમાં તેમનું 'સિને-સ્ટાર' નામનું સિનેમા-ગૃહ પણ ચાલે છે.

બીજે દિવસે શ્રી સિહા તથા દાઉદભાઈ મને ફ્નોમ (ટેકરી) પર લઈ ગયા. ટેકરી માંડ સિત્તેર-એંશી ફીટ ઊંચી હશે. ઉપર જવા માટે પહોળાં પગથિયાં બાંધેલાં છે ને બાજુ પર નાગ-આકારના લાક્ષણિક કંબોજી શૈલીના કઠેડા મૂકયા છે. ઉપર એક મોટો સ્તૂપ બાંધેલો છે અને પાછળ બે ત્રણ નાનાં બૌદ્ધ મંદિરો પણ છે. ફ્નોમથી સીધા અમે શહેર બહાર વિમાની મથકે આવ્યા અને કંબોજના લાડીલા નેતા રાજકુમાર નોરોદમ (નરોત્તમ) સિહાનૂક ભારત જઈ રહ્યા હતા, તેમના વિદાય-સમારંભમાં હાજર થઈ ગયા.

રાજકુમાર નરોત્તમ રૂપાળા, ભરાવદાર તથા હસમુખા યુવાન છે. તેમની નમણી મુખાકૃતિ તથા તે પર રમતું બાલસહજ સ્મિત તેમને કૉલેજમાં જતા કોઈ મસ્તીખોર તરુણ મનાવી લે. સદૈવ વિલસતું તેમનું સ્મિત સાથે જ ચેપી છે; તેમની સામે જોનારના મોં પર પણ સ્મિત ફરકયા વિના ન રહે. તેને તો આપણા લોકપ્રિય પર્વતારોહી તેનસિંગના નિરંતર સ્મિત સાથે જ સરખાવી શકાય.

અને રાજકુમાર નરોત્તમે તેમની રાજકી કારકિર્દી દરમ્યાન પણ પોતાની રમતિયાળ ઢબે ઘણાં રૂઢ-વિરુદ્ધ કાર્ય કર્યા છે. ઈ.સ. ૧૯૪૧માં જ્યારે કંબોજના મહારાજાનું અવસાન થયું ત્યારે ત્યાંના મંત્રી-મંડળે નરોત્તમના પિતા સમરિત તથા બે કાકાને ઉવેખીને અઢાર વર્ષના તરુણ નરોત્તમને રાજગાદી સોંપી. ટૂંક સમયમાં જ ચતુર નરોત્તમે પોતાની કાર્યદક્ષતા તથા લોકસેવા વડે પ્રજાનું દિલ જીતી લીધું. ઈ. ૧૯૫૪માં



ફ્નોમ હપરના મંદિરે જવાનાં પગથિયાં. બાજુ પર લાક્ષણિક કંબોજી શૈલીના નાગ આકારના કઠેડા કંડાર્યાં છે

કંબોજ–રાજ્ય ફ્રેન્ચ સામ્રાજ્યમાંથી સંપૂર્ણ સ્વતંત્ર થયું તે પછી મહારાજા નરોત્તમે કેટલાક બંધારણીય સુધારાઓ સૂચવ્યા. જુનવાણી લોકોએ તેનો વિરોધ કર્યો ત્યારે રાજા નરોત્તમે વળી એક નાટકી નુસખો અજમાવ્યો. તેમણે એકાએક રાજગાદીનો ત્યાગ કર્યો અને અંકોરનાં પ્રાચીન મંદિરો પાસે પોતાના નાના ભવનમાં રહેવા ચાલ્યા ગયા! તેમના પિતા સમરિત (અમૃત?) હવે સિંહાસને બિરાજ્યા. પુત્ર પછી પિતાના રાજ્યારોહણનો આવો પ્રસંગ દુનિયાના ઇતિહાસમાં ભાગ્યે જ હશે! આમ પિતાને રાજગાદી તેમજ આનુષંગિક મોભો તથા ગંભીરતા સોંપીને યુવાન નરોત્તમ નિઃસંકોચ જનતામાં ભળ્યા અને કંબોજના વિવિધ રાજદ્વારી પક્ષોને એકત્ર કરીને તેમણે એક સમાજવાદી જૂથ ઊભું કર્યું. થોડા મહિના પછી સ્વતંત્ર કંબોજમાં પહેલી વાર લોકમત લેવાયો ત્યારે નરોત્તમના જૂથે ચૂંટણીમાં બધી જ બેઠકો પોતાને કબજે કરી. પરાપૂર્વથી ચાલી આવેલી રાજસત્તાનો ત્યાગ કરીને નરોત્તમ હવે લોકપ્રિય જનસત્તાને પામ્યા.

થોડા જ દિવસોમાં ચીનના પ્રધાન મંત્રી ચૂ-એન-લાઈ કંબોજ આવનાર હોવાથી પોતાની વિદેશ-નીતિ સંબંધી જવાહરલાલજી પાસેથી માર્ગદર્શન મેળવવા એ નરોત્તમ આજે દિલ્હી જઈ રહ્યા હતા. તેમની સાથે ત્રણ-ચાર ભિક્ષુઓ પણ યાત્રાર્થે ભારત જતા હતા. બધાને સ્મિતપૂર્વક નમસ્તે કરીને નરોત્તમ વિમાનારૂઢ થયા અને અમે શહેરમાં પાછા ફર્યા.


જલ–મહોત્સવ


સાંજ પહેલાં અમે બધા ભારતીય દૂતાવાસના પ્રેસ–ઍટેશી (વર્તમાનપત્ર-સંપર્ક-અધિકારી) શ્રી મૌલિકને બંગલે પહોંચી ગયા, કેમકે તે મૅકોંગ–નદીને કાંઠે મુખ્ય રસ્તા પર આવેલો હોવાથી તેની અગાશી પરથી સામેની જલ-ક્રીડા સરસ જોઈ શકાતી હતી. હજારો લોકોનાં ટોળેટોળાં નદીકાંઠે ઊમટ્યાં હતાં ફ્નોમ-પેન્હની તો બે લાખની વસતી જ જાણે અહીં ઉપસ્થિત હતી. આસપાસનાં ગામોમાંથી તેમજ કંબોજ-ભરમાંથી અસંખ્ય લોકો જલ-મહોત્સવ નિમિત્તે અહીં એકત્ર થયા હતા. આ પચરંગી મેળામાં કંબોજી, અન્નામી (વીએટનામી) તેમજ કેટલાક ચીની પણ હતા. કંબોજી (ખ્મેર) સ્ત્રી-પુરુષો કાળા વાળવાળાં, ઘઉંવર્ણા, મજબૂત બાંધાનાં તેમજ સ્પષ્ટ મુખમુદ્રાવાળાં હતાં; જ્યારે વીએટનામી લોકો ફિક્કા વર્ણનાં, સુંવાળી મંગોલ મુખાકૃતિનાં, દૂબળાં-પાતળાં લાગતાં હતાં. કંબોજ-જાતિમાં આર્યદ્રવિડી તત્ત્વ પ્રબળ છે જ્યારે વીએટનામી લોકોમાં મંગોલ-જાતિનું તત્ત્વ પ્રધાન જણાય છે. પહેરવેશમાં પણ કંબોજી સ્ત્રીઓએ લાંબું, કાળું વસ્ત્ર સારોંગ સાડી-ઢબે કેડે વીંટ્યું હતું, જ્યારે વીએટનામી સ્ત્રીઓએ તો સફેદ સુરવાળ પર લાંબી બાંયના ચીની પ્રકારના ઝભ્ભા પહેર્યા હતા. ખભે નાખેલા સફેદ દુપટ્ટા તથા સુરવાળનો પોશાક પહેરેલી આ વીએટનામી સ્ત્રીઓ આપણી પંજાબી બહેનોની યાદ આપતી હતી.

બપોરના ત્રણ વાગ્યાથી જ નૌકાઓની હરીફાઈ શરૂ થઈ ગઈ હતી. લાંબી, સાંકડી હોડીઓ બબ્બે-ત્રણત્રણનાં જૂથમાં વેગથી તરી આવતી હતી અને નદીના વેગીલા પ્રવાહમાં જોતજોતામાં તો બધી દૃષ્ટિ–મર્યાદાની બહાર પણ જતી રહેતી હતી. દરેક હોડીના નાવિકોએ પણ એકસરખો લાલ, કેસરી કે વાદળી ગણવેશ પહેર્યો હતો, જેથી દરેક હોડી સરળતાથી જુદી પાડી શકાય. ત્રણેક કલાક આ નૌકા-શરતો ચાલી. આ કંબોજી નાવિકોનો ઉત્સાહ તથા તેમની સ્પર્ધા ઇંગ્લંડની વાર્ષિક ઑક્સફર્ડ-કેમ્બ્રિજની નૌકા-શર્તનું સ્મરણ કરાવતાં હતાં. ભારતમાં પણ જલ-પ્રચુર નદીઓનો તોટો નથી. આપણે ત્યાં પણ આ મર્દાનગીની રમત (સ્પૉર્ટ) ખીલવવામાં આવે તો સમુદ્ર-કાંઠાથી દૂર વસતા લોકો પણ જલ-ક્રીડા માણી શકે અને સાથે જ શારીરિક આરોગ્ય તથા માનસિક પ્રફુલ્લતા પણ પ્રાપ્ત કરી શકે. મૅકોંગ-કાંઠે પાણીમાં જ, એક વિશાળ નૌકા પર એક સુંદર પટ-મંડપ બાંધેલો હતો, જેમાં કંબોજના

મૅકોંગ, તોન્લે સૅપ અને એક ત્રીજી નાની નદીના ત્રિવેણીસંગમ પર વસેલા ફ્નોમ પેન્હનું સ્થાન દર્શાવતો નકશો. નીચે: રાજકુમાર નોરોદમ











ફ્નોમ-મંદિરનું કલામય છાપરું, મધ્યના શિલ્પમાં ઐરાવત પર આરૂઢ થએલા ઇંદ્રની આકૃતિ છે. નીચે: કંબોજના મહારાજાના પ્રાસાદનું પ્રવેશદ્વાર. જમણી બાજુ: ફ્નોમ-પેન્હમાં એક વિયેટનામી બહેન. તેના પોશાક પર ચીની પહેરવેશની ઊંડી અસર છે.



મહારાજા સમરિત જલ-મહોત્સવ નિમિત્તે ત્રણ દિવસ રહેવાના હતા.

સંધ્યાકાળ થયો. મૅકાૅંગ-પારની ગીચ વનરાજિ પાછળથી કાર્તિકનો પૂર્ણ ચન્દ્ર ધીમેથી, રાજવીચાલે ઉપર આવ્યો ને વાતાવરણ બદલાઇ ગયું. નૌકાઓની શરતો બંધ થઈ અને ટોળાંઓનો કોલાહલ શાન્ત પડ્યો. સર્વત્ર પ્રસન્નતા છવાઈ ગઇ. હવે લોકોનું ધ્યાન રાજવી નૌકા-મંડપ પર કેન્દ્રિત થયું. કંબોજના મહારાજા નૌકાના તૂતક પર બહાર આવ્યા અને મશાલ વડે એક મોટો દીપક પ્રકટાવ્યો. લોકોમાં જય-જયકાર થઈ રહ્યો અને બધાંએ પોતપોતાના દીવા પ્રકટાવ્યા. જલ-મહોત્સવ પછી દીપોત્સવ ઊજવાઈ રહ્યો. આજે, દેવ દિવાળીને દહાડે કંબોજ પાટનગરીમાં દિવાળી ઊજવવા મળી તે મહાભાગ્ય! બૌદ્ધ પ્રણાલિકામાં પૂર્ણિમા સૌથી પવિત્ર તથા ઉત્સવનો દિવસ મનાય છે; તેમાં વળી વર્ષાઋતુનો મેઘ ઓસરી ગયા પછી નિરભ્ર આકાશમાં કાર્તિકનો પૂર્ણ-ચન્દ્ર કોઈ સાર્વભૌમ સમ્રાટની જેમ મહાલે છે ત્યારે તેની સોળ કળાની જ્યોત્સ્ના પરાકાષ્ઠાએ પહોંચે છે અને તપ્ત ભૂમિ પર શીતળતા તથા સંદગ્ધ લોકો પર હર્ષોલ્લાસ રેલાવે છે. તેથી જ કંબોજમાં જલ-મહોત્સવ વર્ષઆખામાં સૌથી મોટો ઉત્સવ મનાય છે.

સેંકડો દીવાઓ વડે ઉજ્જ્વલિત બનેલી મોટીમોટી નૌકાઓ હવે મૅકાૅંગના વક્ષઃસ્થલ પર તરવા લાગી. કંબોજ સરકારના વિવિધ વિભાગ તરફથી પણ ઝળહળતી નૌકાઓ આવી, જે દરેક પર તે તે વિભાગનું પ્રતીક દીવાલોમાં આલેખાયું હતું. ઔદ્યોગિક વિભાગની નૌકા પર કારખાનાનું છાપરું, તેની પાછળ ઊંચી ચીમની તથા બાજુ પર યાંત્રિક ચક્ર ચમકતાં હતાં; જ્યારે આરોગ્ય-વિભાગની નૌકા પર સ્ટ્રેચર ઊંચકી જતી પરિચારિકાઓ દર્શાવી હતી. આપણા ગણતંત્રદિને નીકળતા સરઘસ જેવું જ કાંઈક આ દૃશ્ય હતું. અંતે નૌકાઓમાંથી પુષ્કળ દારૂખાનું ફોડવામાં આવ્યું. બધે આતશબાજીની ઝાકઝમાળ થઇ રહી અને મોટીમોટી હવાઇઓ સુસવાટ કરતી ગગનને ભેદી રહી.







ફ્નામ-પેન્હના મ્યૂઝિયમ-માંનું મુખ કંડારેલું શિવ-લિંગ. વચ્ચે : ખ્મેર (કંબોજ)નું અભિષેકભવન. ડાબી બાજુ છેડે : ફ્નોમ-પેન્હના રાજપ્રાસાદનો એક રક્ષક. તેણે ભારતીય ઢબે કાળું ધોતિયું પહેર્યું છે તથા માથે તમિળ ઢબે ચોટલીનો અંબોડો વાળ્યો છે. નીચે : ફ્નોમ-પેન્હનું મારકીટ. આખા હિંદી ચીનમાં એ સૌથી મોટું છે.

રાત્રે ભોજન પણ શ્રી માલિકને ત્યાં જ લીધું. આ બંગાળી કુટુંબ-ની ઊંડી સંસ્કારિતા તથા સાહિત્યપ્રેમ ઢાંકયાં ન રહ્યાં.

કંબોજનો રાજમહેલ

ત્રીજે દહાડે સવારે અમે રાજમહેલ જોવા ચાલ્યા. રૅંકાગ-કાઠે-ના વિશાળ ઉદ્યાનમાં રાજમહેલ ઉપરાંત રૌપ્ય-મંદિર, અભિષેક-ભવન તેમજ નૃત્યકારો તથા સંગીતકારોના પટ-મંડપ આવેલાં છે. વિશાળ પગથિયાં, તેની બાજુ પરના નાગ-આકારના કઠેડા, સોનેરી બારી-બારણાં, પચરંગી દીવાલો, પાતળા સ્તંભો, અણિ-યાળાં છાપરાં, રંગીન સપાટ નળિયાં, તથા તે બધાં પર ગઢિત ઝગમગતાં ગગનસ્પર્શી શિખરો—આ સર્વ શિલ્પ સ્થાપત્ય થાઈ શૈલીને ઘણાં મળતાં હતાં.

અભિષેક ભવનના શિખરની ચારે બાજુએ લોકેશ્વર બુદ્ધનાં ચાર મુખ કંડાર્યાં છે, તે કંબોજની વિશેષતા ગણાય. મહેલના રક્ષકોએ વિશુદ્ધ ભારતીય ઢબે ધોતિયાં પહેર્યાં હતાં તથા તે પર જોધપુરી ઢબના કોટ! ફર્ક એટલો જ કે ધોતિયાં સાવ કાળા રંગનાં હતાં જ્યારે કોટ સફેદ. કંબોજના નૃત્યકારો આ જ ઢબે ધોતિયાં પહેરે છે. અહીં ધોતિયાને 'સંપોટ' (વસ્ત્રનો સંપુટ?) કહે છે. મહેલના રક્ષકે તો તેની લાંબી ચોટલીનો અંબોડો આપણા તમિળ લોકો વાળે છે તેમ માથા પાછળ વાળેલો!

મહેલમાં ફરીને અમે રૌપ્ય-મંદિર પર આવ્યા. બૅંગકૉકના નીલમ બુદ્ધના મંદિરની જેમ અહીં પણ એક વિશાળ ભમતી તથા મુખ્ય મંદિર ઉપરાંત એક ભવ્ય સ્તૂપ આવેલો છે અને અહીં પણ ભમતીની દીવાલ પર રામાયણના સુંદર ભિત્તિચિત્રો આલેખાયાં છે. મંદિર બહારથી તો સાદું છે, પરંતુ અંદરની ભોંય પર રૂપાની ભાતીગળ લાદી જડેલી છે. તેના વિશાળ ખંડની મધ્યમાં ઊંચા સિંહાસન પર બુદ્ધની એક સુંદર સુવર્ણ-મૂર્તિ પધરાવી હતી, આસપાસ બીજી પણ અનેક બૌદ્ધ મૂર્તિઓ હતી.

બપોર પછી અમે ફ્નોમ-પેન્હનું મ્યૂઝિયમ જોવા ગયા. તેનાં ફ્રેંચ સંચાલિકાએ સાથે ફરીને બહુ રસપૂર્વક બધા અવશેષો બતાવ્યા. શિલ્પના ઘણાખરા અવશેષો તો અંકોરથી જ આણેલા છે. તેમાં શિવ,





ફ્નોમ-પેન્હના મ્યૂઝિયમમાંની શાન્તાકારે સૂતેલા ચતુર્ભુજ વિષ્ણુની એક ખંડિત મૂર્તિ. જમણી બાજુ: સમ્રાટ જયવર્મન



વિષ્ણુ, હરિહર, ગણેશ તથા બુદ્ધની અનેક મૂર્તિઓ ઉપરાંત મુખ કંડારેલું એક શિવલિંગ તથા શેષશાયી વિષ્ણુની એક ખંડિત છતાં અત્યન્ત સુરેખ પ્રતિમા જોવા મળી. જમણા બે હાથ પર માથું ટેકવીને શાન્તાકારે સૂતેલા પદ્મનાભ વિષ્ણુના મુખ પર કોઈ અલૌકિક શાન્તિ છવાઈ હતી. મ્યૂઝિયમમાં ખ્મેર (કંબોજ) સામ્રાજ્યના પરાક્રમી સમ્રાટ જયવર્મનની આસન વાળેલી પાષાણમૂર્તિ પણ જોવા મળી.

સાંજનો સમય ફ્નોમ-પેન્હની દુકાનોમાંથી વિવિધ કલાકૃતિઓ ખરીદવામાં ગાળ્યો. રાત્રે વિદેશી રાજદૂતોના સમારંભ માટે આમંત્રણ હતું, ત્યાં વિશેષ કરીને કૅનેડા તથા પોલૅન્ડના પ્રતિનિધિઓ સાથે રસપ્રદ ચર્ચા થઇ. વળતી સવારે દાઉદભાઈ વિમાની મથકે મૂકવા આવ્યા, ને ઍર-કંબોજનું વિમાન ફ્નોમ-પેન્હ છોડી વાયવ્યે આવેલા સીમ-રીપ તરફ ઊડયું.

(ચાલુ)

અનુસંધાન] **પચ્ચીસ વર્ષ પહેલાં** [પૃ. ૧૫૬થી

પંદર ડગલાં પૂરાં થયાં કે તરત ધીમા પડો ને જે રીતે બે ફર્લાંગ શરૂઆતમાં ચાલ્યા તે જ ગતિએ બાકીનો ફર્લાંગ તથા ચોથો આખો ફર્લાંગ ચાલતાં પૂરો કરો. ત્યાંથી આગળ ન જતાં પાછા ફરો. પણ પાછા ફરતાં જ પહેલાં પંદર ડગલાં અગાઉની માફક ઝડપથી અને બાકીનો એ ફર્લાંગ તથા પછીનો આખો ફર્લાંગ સાદી રીતે ચાલો. ફરી પાછાં પંદર ડગલાં ઝડપથી ને બાકીના ફર્લાંગ ધીમી ચાલે.

તમને કદાચ પરસેવો થયો હશે. શ્વાસ પણ જરા જોરથી ચાલશે. પણ ગભરાશો નહિ.

(૫) શ્વાસને કુદરતીરીતે વહેવા દો. દમ ભીડીને કે હાંફીને ફેફસાં ન થકવો.

(૬) બીજે દિવસે પણ આ જ ક્રમ. છતાં પહેલે દિવસે તમને શ્રમ ન લાગ્યો હોય તો પંદરની જગ્યાએ વીસ કે ત્રીસ ડગલાં ઝડપથી ચાલવાનું રાખો. પણ ઉતાવળ કરશો નહિ.

(૭) આમ સંપૂર્ણ સફળતાથી—બે ફર્લાંગ સાદી ચાલ: એક ફર્લાંગ ઝડપી ચાલ; બે ફર્લાંગ સાદી ચાલ: એક ફર્લાંગ ઝડપી ચાલ;—એ ક્રમે આખો માઈલ સરળ રીતે કાપતા થઈ ગયા એટલે આગળ વધવાનો સમય આવ્યો.

(૮) હવે ક્રમ બદલો. એક ફર્લાંગ ધીમે અને એક ફર્લાંગ ઝડપથી: આમ ચાર ફર્લાંગ આસ્તે ને ચાર ફર્લાંગ અત્યંત ઝડપથી ચાલો.

(૯) હવેનો ક્રમ આથી સહેજ જુદો, અર્થાત્ બે ફર્લાંગ અત્યંત ઝડપથી ચાલવાનો: એક ફર્લાંગ ધીમે ચાલવાનો. શરીરને ઓછો થાક લાગતો હોય તો વધુ આગળ વધો.

(૧૦) એટલે કે હવે ત્રણ ફર્લાંગ ઝડપથી ને એક ફર્લાંગ આસ્તે: આમ આખો માઈલ પૂરો કરો. આ પ્રમાણે ક્રમેક્રમે આખો માઈલ ઝડપથી અત્યંત ઝડપથી 'ચાલતા' થાઓ તે પછી જ 'દોડવા'નો અભ્યાસ શરૂ કરવાનો છે. તેમાં પણ ક્રમ તો ઉપર પ્રમાણે જ: માત્ર 'ઝડપી ચાલ'ને બદલે હવે 'દોડવા'નું રાખો. દોડવાનું એટલે આસ્તે આસ્તે; 'ઝડપી ચાલ'થી સહેજ ઉતાવળે; જેમ કોઈ નાના છોકરાની જોડે તમે એનું મન મનાવવા દોડતા હો, તેવી ધીમી ગતિએ; કલાકના આશરે ૫–૬ માઈલ લેખે: તમારી શક્તિ ને ગજા પ્રમાણે.

આમ ક્રમેક્રમે જ્યારે તમે સરળતાથી એક માઇલ સળંગ દોડતા થાઓ ત્યારે તમારે માટે બે માર્ગ રહ્યા. કાં તો તમે હવે દરરોજ અગર આંતરે દિવસે કે છેવટે અઠવાડિયામાં ઓછામાં ઓછા બે દિવસ પણ આખો માઈલ દોડવાનું રાખો: પ્રતિજ્ઞાપૂર્વક કે ધર્મની આણ ગણીને. કે પછી સમય હોય, ઇચ્છા હોય ને શક્તિ હોય તો અંતરમાં વધારો કરો. બે પાંચ કે સાત માઈલ: જેવી વૃત્તિ, દૃઢતા કે સંજોગો.

પણ આ બંને રસ્તામાં 'નિયમિતતા' અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. થોડું દોડો, પણ નિયમિત દોડો. ત્રણ દિવસે એક માઇલ સળંગ દોડવા કરતાં દરરોજ બે ફર્લાંગ કે અરધો માઈલ નિયમિત દોડવાનું સારું. આ વ્યાયામથી ફેફસાં અત્યંત બળવાન થશે; પાચનક્રિયામાં અદ્ભુત ફેરફાર થશે; હૃદય સુદૃઢ થશે; મગજ સ્વસ્થ અને સ્વચ્છ બનશે; કમ્મર, કરોડરજ્જુ અને પગ મજબૂત બનશે.

છેલ્લે, આ પ્રમાણે જેમને બહાર 'દોડવું' ન ફાવે અગર સ્થળ ને સમય પ્રતિકૂળ હોય તેમણે નિરાશ થવાનું નથી. આવી 'દોડ' ઘરમાં એક ખૂણામાં ઊભાઊભા પણ થઈ શકે. 'દોડ'ને બદલે 'દોરડું કૂદવું' એ પણ સબળ સ્વાસ્થ્યસાધક વ્યાયામ છે. કૂદો, દોડો, નાચો, દોરડું કૂદો–પણ સ્વાસ્થ્યની ખાતર કંઈક તો 'દોડવા'નું રાખો જ. ખાલી 'શ્વાસ' લઇને દિવસ પૂરા કરવામાં નથી મનુષ્યપણું કે નથી પશુતા. કેવળ 'જીવવું' એમાં શો પુરુષાર્થ છે?"

સોળમી સદીના શોધસફરીઓ–૩
લેખક · પ્રો. ર. ચી. શાહ


બેરિંગ અને ચિરિકોવની સફર

પોતાની પહેલી સફરના કાર્ય વિશે લોકોને અસંતોષ થયો અને રાજ્યના અમલદારો તથા રાણી સુદ્ધાંએ વિરોધ ઉઠાવ્યો ત્યારે બેરિંગને સમજાયું કે પોતે પોતાનું કામ કેટલી ઉતાવળથી અને કેટલી બેદરકારીભરી રીતે પતાવી દીધું હતું. બેરિંગની પ્રતિષ્ઠાને આથી ઘણી હાનિ પહોંચી હતી. પરંતુ એથી નિરાશ થવાનું બેરિંગના સ્વભાવમાં નહોતું. એણે તો ઊલટાનું, એમાંથી પ્રેરણા મેળવી અને એ કાર્ય કોઈ પણ ભોગે સિદ્ધ કરી આપવાનો મક્કમ નિર્ધાર કર્યો. અમેરિકાનો ખંડ શોધવાની પોતાની ઇચ્છા એણે મિત્રો આગળ રજૂ કરી. એની જૂની પ્રતિષ્ઠાને લીધે, એના વગદાર વૈજ્ઞાનિક મિત્રોને લીધે, આ કાર્ય માટે એના સિવાય બીજો કોઈ વધારે લાયક માણસ નહોતો, માટે અને વળી રાજ્યને આ તપાસ જેમ બને તેમ જલદી કરાવવાની ગરજ હતી, માટે બેરિંગની ઇચ્છા ફળીભૂત થઈ. એણે પોતાની યોજનાની વિગતો તૈયાર કરી નાખી. આ વખતની એની યોજના ઘણી વિશાળ અને ભારે મહત્ત્વાકાંક્ષાવાળી હતી. એણે કામચાટકાની પૂર્વે આવેલો અમેરિકાનો ખંડ શોધવાની, જાપાન તરફ જવાના દરિયાઈ માર્ગ શોધવાની અને ધ્રુવપ્રદેશમાં આવેલા સાઇબીરિયાના પ્રદેશનો નકશો તૈયાર કરવાની યોજના ઘડી. માણસો, સાધનસામગ્રી, ખર્ચ વગેરેની બાબતમાં એણે ઝીણીઝીણી વિગતો તપાસી અને નોંધી. ત્યાર પછી પોતાની યોજના એણે નૌકાખાતાને સુપરત કરી. ઈ. સ. ૧૭૩૩માં એની આ યોજનાને રાજ્ય તરફથી સત્તાવાર મંજૂરી આપવામાં આવી.

બેરિંગે આ સાહસ માટે પોતાના બે જૂના સાથીદારો ચિરિકોવ અને સ્પેન્બર્ગની પસંદગી કરી લીધી. આ ઉપરાંત તેમની સાથે એક જર્મન તબીબ, જે પ્રકૃતિવિશારદ પણ હતો તે તથા એક ફ્રેન્ચ ખગોળશાસ્ત્રી પણ આવનાર હતા. બેરિંગ અને ચિરિકોવ અમેરિકાની શોધ માટે નીકળવાના હતા અને સ્પેન્બર્ગ જાપાનના પ્રદેશ તરફ સફર કરી એના નકશો તૈયાર કરનાર હતો. મુખ્ય માણસો ઉપરાંત ખલાસીઓ અને નોકરચાકરોની પસંદગી થઈ ગઈ. રાણી એનની ઇચ્છા આ વખતે અમેરિકા શોધવાનું કાર્ય કોઈ પણ હિસાબે પાર પાડવાની હતી અને એ માટે જોઈએ તેટલાં નાણાં અને બધી જ જાતની સગવડો આપવાનું એણે વચન આપ્યું હતું. એ માટે એણે જરૂરી હુકમો અને સૂચનાઓ રાજ્યના અમલદારોને આપી દીધાં હતાં. જુદાજુદા પ્રકારના સંશોધન માટે દેશપરદેશથી વૈજ્ઞાનિક યંત્રો મંગાવવામાં આવ્યાં હતાં. ઓખોત્સ્ક પહોંચીને વહાણો બનાવવામાં સાહસિકોનો સમય ચાલ્યો ન જાય એ માટે રાણીએ અગાઉથી સંખ્યાબંધ સુથારો અને બીજા કારીગરોને ઓખોત્સ્ક ખાતે મોકલી દીધા હતા. સાહસિકો આવી પહોંચે તે પહેલાં, તેમને સરખી રીતે રહેવા મળે એ માટે એક નાનકડું કામચલાઉ ગામ ઓખોત્સ્કમાં ઊભું કરવાની પણ સૂચના આપી દેવામાં આવી હતી. આ બધી પૂર્વવ્યવસ્થા બરાબર તૈયાર થાય છે કે નહિ એની દેખરેખ રાખવા માટે, દેશનિકાલ થએલા પરંતુ અસાધારણ બુદ્ધિશાળી, હોશિયાર, અનુભવી ને કાબેલ એવા પિસારેવ નામના એક માણસને, બેરિંગ પહોંચે તે પહેલાં આગળથી મોકલવામાં આવ્યો હતો.

પરંતુ પિસારેવ જેટલો હોશિયાર હતો એટલો જ લુચ્ચો હતો; જેટલો બુદ્ધિશાળી હતો એટલો જ દુર્બુદ્ધિવાળો હતો; જેટલો અનુભવી હતો એટલો જ તરકટી હતો અને જેટલો કાબેલ હતો એટલો જ હઠીલો હતો. એના ચહેરા ઉપર દેશનું ભલું કરવાની તત્પરતા હતી, પરંતુ એના હૃદયમાં પોતાને દેશનિકાલની થએલી સજાનો ડંખ હતો. રાજ્ય તરફથી કહેવામાં આવેલું કેટલું કરવું, કેટલું ન કરવું એ તો એણે નીકળતા પહેલાં મનમાં ગોઠવી લીધું હતું. આ કામમાં કાયદેસર વિઘ્નો કેટલાં ક્યારે નાખી શકાય એ એના દુર્બુદ્ધિભર્યા મને સુઝાડી દીધું હતું. પીટર્સબર્ગથી નીકળી પર્વતો, જંગલો, નદીઓ અને કાદવકીચડવાળો ત્રણ હજાર માઈલનો માર્ગ કાપી બેરિંગ પોતાના સાથીદારો સાથે જ્યારે ઓખોત્સ્ક આવી પહોંચ્યો ત્યારે, જે સ્થળે એણે નાનાંનાનાં ઝૂંપડાંઓનું એક આખું ગામ ઊભું થએલું જોવાની કલ્પના સેવી હતી તે સ્થળે પિસારેવ અને કેટલાક કારીગરોનાં ઝૂંપડાં સિવાય એણે કશું જ જોયું નહિ. દરિયાકિનારે રેતીના પટમાં જ્યાં એણે બે મોટાં વહાણ અને નાનાંનાનાં હોડકાં જોવાની આશા રાખી હતી ત્યાં લાકડાનું એક છોડિયું પણ પડેલું એણે જોયું નહિ.

બેરિંગને માટે આ પરિસ્થિતિ નવી નહોતી. પહેલી વાર એ જ્યારે અહીં આવ્યો હતો ત્યારે બધી જ તૈયારી એને પોતાને હાથે જ કરવી પડી હતી. પરંતુ આ વખતે સાહસિકોની, ખલાસીઓની અને નોકરચાકરોની સંખ્યા ઘણી મોટી હતી. એટલે પૂર્વવ્યવસ્થાના અભાવે તેમને ઘણી તકલીફ વેઠવી પડી. હવે તો પોતાની રહેવાકરવાની સગવડ ઊભી કરતાં અને વહાણો તથા હોડકાંઓ તૈયાર કરતાં એકાદબે વર્ષ તો નીકળી જ જશે એમ તેમને લાગતું હતું. બેરિંગ ઓખોત્સ્ક પહોંચતાંની સાથે, બને તેટલો ઓછો સમય બગડે એ માટે, પોતે અને પોતાના સાથીદારોએ કામ શરૂ કરી દીધું. પરંતુ ત્યાં પિસારેવે વાંધો લીધો. પૂર્વવ્યવસ્થા અને વહાણો તૈયાર કરાવવાની સત્તા ને જવાબદારી પિસારેવની હતી, બેરિંગની નહિ. બેરિંગ તેના કામમાં કાયદેસર દખલગીરી કરી શકતો નહોતો. આમ છતાં, બેરિંગ જ્યારેજ્યારે કંઈ કામ કરતો ત્યારેત્યારે પિસારેવ તેમાં માથું મારતો, વાંધા પાડતો ને મોટી તકરારો કરતો. પહેલી વખત બેરિંગ આવેલો ત્યારે એને ફક્ત સાઈબીરિયા ને ધ્રુવપ્રદેશ અને પિસારેવ એ ત્રણેનો સામનો કરવાનો હતો. એને એમ લાગતું હતું કે પિસારેવના મિજાજની ગરમી કરતાં ધ્રુવપ્રદેશની અસહ્ય ઠંડી વધારે સહન કરી શકાય એવી છે.



એક પછી એક દિવસ નહિ પણ એક પછી એક વરસ પસાર થવા લાગ્યું છતાં હજુ કશી જ તૈયારી થતી નહોતી. ખલાસીઓનો, નોકર-ચાકરોનો અને સાહસિકોનો રોજેરોજનો પગાર ચડતો જતો હતો. દિવસે દિવસે ખર્ચના આંકડો વધતો જતો હતો. છતાં પિત્રારેવની ખટપટને લીધે બેરિંગ કશું જ કરી શકતો નહોતો. પહેલી વખતની સફરમાં બેરિંગ પોતે થાકી ગયો હતો. આ વખતે એ જ્યારે ઉત્સાહભેર આવ્યો હતો ત્યારે પિત્રારેવે એને થકવી નાખ્યો હતો. આ સંજોગોમાંથી છટકી જવાની, ક્યાંક નાસી જવાની કે પીટર્સબર્ગ પાછા ચાલ્યા જવાની બેરિંગને ઇચ્છા થતી હતી. પરંતુ માથે રાણીની આજ્ઞા હતી અને પોતે આવડી મોટી યોજના ઘડીને પાર પાડવાની મહત્વાકાંક્ષા સેવી હતી; વળી પીટર્સબર્ગ પણ દોડીને થોડા સમયમાં પહોંચી શકાય એવું નહોતું કે જેથી રાણીને આ બાબતમાં માહિતી આપી શકાય. એટલે પિત્રારેવનો પનારો પાડ્યા સિવાય બીજો કંઇ છૂટકો નહોતો. બીજી બાજુ કામની ઝડપ વધે એવો કોઇ ઉકેલ લાગતો નહોતો. વસ્તુતઃ પિત્રારેવની ખટપટને લીધે તેમના આખા કાફલામાં મંદતા, ઉદાસીનતા અને નિષ્ક્રિયતા આવી ગઈ હતી.

આમ, પીટર્સબર્ગથી તેમને નીકળ્યાને, માનશો, કેટલાં વર્ષ થઈ ગયાં? પૂરાં સાત વર્ષ. આ આખી યોજના માટે મંજૂર કરવામાં આવેલા બાર હજાર રૂબલમાંથી નવ હજાર રૂબલ તો ઓખોત્સ્કમાં બેઠાં-બેઠાં જ ખર્ચાઈ ગયા હતા. અને છતાં હજુ એક પણ વહાણ તૈયાર થયું નહોતું. પાંચ વર્ષમાં યોજના પૂરી કરીને જે માણસો પાછા ફરવા જોઇએ એ સાત વર્ષે પણ પાછા ફર્યા નહિ ત્યારે તેઓ કોઈ અસાધારણ સંકટમાં સપડાઈ ગયા હશે એમ માનીને રાણીએ તપાસ કરવા માટે માણસો મોકલ્યા. એમણે આવીને જોયું તો હજુ બધા ઓખોત્સ્કમાં જ આરામ કરતા હતા. રાણીને જ્યારે આવા સમાચાર મળ્યા ત્યારે એણે એક પછી એક તુમાર છોડવા માંડ્યા. દરેક સંદેશામાં રાણી તરફથી બેરિંગ પાસે કામનો અહેવાલ, ખર્ચનો હિસાબ અને ઢીલનો ખુલાસો માંગવામાં આવતો. રાણી સુધી વાત પહોંચી અને બધી જવાબદારી પોતાને માથે આવી એટલે બેરિંગે બધી સત્તા પોતાના હાથમાં લઈ ઝડપથી કામ ચાલુ કરી દીધું. બેરિંગની સૂચનાથી રાણીએ પિત્રારેવને પાછો બોલાવી લીધો.

અંતે 'સેંટ પીટર' અને 'સેંટ પૉલ' નામનાં બે વહાણ તૈયાર કરવામાં આવ્યાં. એમાં વપરાશની વસ્તુઓ ખાધાખોરાકી તથા પીવાના પાણીનાં પીપ ભરવામાં આવ્યાં. ઉનાળો શરૂ થતાં બંને વહાણો ઓખોત્સ્કથી કામચાત્કાના અવાચા નામના કિનારા તરફ જવા ઊપડ્યાં. અવાચા પહોંચીને ત્યાંથી તેઓ અમેરિકા ખંડની શોધ માટે નીકળ્યા. સેંટ પીટર વહાણની સરદારી બેરિંગે લીધી અને સેંટ પૉલની સરદારી ચિરિકોવે લીધી. બેરિંગની સાથે પ્રકૃતિવિશારદ જર્મન તબીબ ડૉ. સ્ટેલર હતો. ફ્રેન્ચ ખગોળશાસ્ત્રી ચિરિકોવના વહાણમાં હતો. બંને વહાણોમાં છોતેરછોતેર ખલાસીઓ હતા. એ ઉપરાંત બીજા કેટલાક નોકરચાકરો હતા. બેરિંગે કરેલી મૂળ યોજના તો અમેરિકામાં શિયાળાની લાંબી રાત પસાર કરી પાછા ફરવાની હતી, પરંતુ તેમની ઘણી સામગ્રી ઓખોત્સ્કમાં જ વપરાઈ ગઇ હતી. અને બીજી કેટલીક સામગ્રી ઓખોત્સ્કથી કામચાત્કા આવતાં સુધીમાં ખલાસ થઈ ગઈ હતી. એટલે શિયાળાની લાંબી રાત પસાર કરવા જેટલી જરૂરી સામગ્રી તેમના પાસે રહી નહોતી.

વળી, બેરિંગની ધારણા મે મહિનામાં કામચાત્કાના અવાચા કિનારેથી અમેરિકા માટે નીકળી જવાની હતી. પરંતુ ઠેઠ જૂન મહિના સુધી વહાણ હંકારવા માટે અનુકૂળ પવન મળ્યો નહિ. આથી કામચાત્કાને કિનારે એક મહિનો તેમને નિરર્થક, હાથ જોડીને બેસી રહેવું પડ્યું. જૂન મહિનામાં સાધારણ અનુકૂળ પવન જણાતાં બંને વહાણોએ લંગર ઉપાડ્યા અને સઢ ચડાવ્યા. એ એમનો સૌથી વધુ આનંદનો દિવસ હતો, કારણ કે જે ભગીરથ કાર્ય એમણે ઉપાડ્યું હતું તેની દિશામાં સાત વર્ષની તપશ્ચર્યા પછી આજે સક્રિય પગલું મંડાવું હતું.

ઉનાળાના એ દિવસોમાં સમુદ્રમાં બિલકુલ બરફ નહોતો. પવન અનુકૂળ હતો. સમુદ્રની મંદમંદ લહરાતી જળલહરી પર હિલોળા લેતાં-લેતાં આગળ જતાં બંને વહાણો એકબીજાથી થોડેથોડે અંતરે હતાં. બંને વહાણો એકબીજાને જોઈ શકતાં હતાં. બંને વચ્ચે ઇશારાઓ વડે સંદેશાઓની આપલે થતી હતી. પરસ્પર સતત સંપર્કને લીધે સમુદ્ર તદ્દન અજાણ્યો હતો છતાં અજાણ્યો ન હોય એવો લાગતો હતો.

પંદર દિવસ બંને વહાણોની સફર ઠીકઠીક ચાલી. સોળમે દિવસે વાતાવરણમાં ધુમ્મસ દેખાવા લાગ્યું, ને એ પછીને દિવસે તો ધુમ્મસ ચારે બાજુ એટલું બધું પસરી ગયું કે આકાશ, સમુદ્ર અને વહાણો— બધું જ જાણે સફેદ બની ગયું. દૃષ્ટિ એટલી બધી મર્યાદિત બની ગઇ કે બે ફૂટને અંતરે શું છે તેની પણ ખબર ન પડે. આથી બંને વહાણો વચ્ચેનો સંપર્ક તૂટી ગયો. બંને વહાણો એક જ દિશામાં જઈ રહ્યાં હતાં છતાં ઝડપ ઓછીવત્તી થવાને લીધે કે સહેજ દિશાફેર થવાને લીધે ધુમ્મસ જ્યારે ચાલ્યું ગયું ત્યારે તે એકબીજાને જોઈ શક્યાં નહિ. ચિરિકોવે પોતાનું વહાણ થંભાવી બેરિંગના વહાણની ખૂબ જ રાહ જોઈ, છતાં બેરિંગનું વહાણ દેખાયું નહિ. બેરિંગે પોતાનું વહાણ થંભાવી ચિરિકોવના વહાણની એટલી જ રાહ જોઈ પણ એને પણ એ વહાણ દેખાયું જ નહિ. બંને વહાણો આ રીતે એકબીજાથી વિખૂટાં પડી ગયાં. પરસ્પરનો સંપર્ક સાધવા માટે એ જમાનામાં આજના જેવાં વૈજ્ઞાનિક યંત્રો નહોતાં. બરાબર માપેલી દિશામાં માપેલા અંતરે ચોક્કસાઈપૂર્વક પહોંચી શકાય એવાં સાધનો પણ તે સમયે નહોતાં. વિશાળ સમુદ્રમાં બંને વહાણોએ સંપર્ક સાધવા માટે આમતેમ કેટલાક માઇલોના ચક્કરો લગાવ્યાં, પરંતુ તે શૂન્યાકાર ચક્કરો શૂન્યમાં જ પરિણમ્યાં. હવે એકલે હાથે જ કાર્ય પાર પાડવાનું રહ્યું એમ તેમને લાગ્યું.

ચિરિકોવનું વહાણ ત્યાર પછી લગભગ એક મહિને અમેરિકાના કિનારા પાસે આવી પહોંચ્યું. દૂરથી સમુદ્રનો કિનારો ઘણો ચકચકિત લાગતો હતો. કિનારા પર ઘટાદાર વૃક્ષોનાં મોટાંમોટાં ઝુંડો દેખાતાં હતાં. કિનારો જોતાં લાગતું હતું કે એટલામાં ક્યાંક માણસોની વસતી પણ કદાચ હશે. કિનારાથી થોડે દૂર ઊંડા દરિયામાં વહાણ નાંગરવામાં આવ્યું. અમેરિકાની ધરતી પર પગ મૂકવા માટે સૌ આતુર હતા. પરંતુ ચિરિકોવની ઇચ્છા એવી હતી કે પહેલાં થોડાક માણસો જઇને મુકામ માટે યોગ્ય જગ્યાની તપાસ કરે અને ત્યાર પછી બધાએ ત્યાં જઈને થોડા દિવસ મુકામ કરવો, કારણ કે શિયાળાની લાંબી રાત શરૂ થાય તે પહેલાં, અનુકૂળ પવનનો લાભ લઇ વેળાસર કામચાત્કા પહોંચી જવાનો તેમનો કાર્યક્રમ હતો. વહાણમાંથી એક હોડકું ઉતારી તેમાં દસ માણસોને તપાસ માટે મોકલ્યા. હોડકામાં બેસી તેઓ કિનારે પહોંચ્યા. ખાલી હોડકું પાણીમાં ઘસડાઇ ન જાય એ માટે તેમણે તે પાણીમાંથી થોડું બહાર ઘસડીને કિનારા પર મૂક્યું.

સાંજ પડવા આવી છતાં કોઈ પાછું ફરતું દેખાયું નહિ. ચિરિકોવે મોડી રાત સુધી રાહ જોઇ તો પણ પાણીમાં કંઈ સંચાર જણાયો કે સંભળાયો નહિ. બીજે દિવસે સવારે સૌ ઊઠ્યા ત્યારે કિનારો અને ત્યાં પડેલું હોડકું હતાં એવા ને એવાં જ શાંત જણાતાં હતા. ચિરિકોવને લાગ્યું કે કદાચ તેમના સાથીદારો થોડે આગળ નીકળી ગયા હશે, માટે તેમને ત્યાં જ રાત રોકાઇ જવું પડ્યું હશે. બીજો આખો

દિવસ અને આખી રાત પસાર થયાં છતાં કોઇ પાછું ફર્યું નહિ. હવે તેમની અધીરાઈ વધી ગઈ. જેમજેમ વધારે સમય પસાર થતો ગયો તેમતેમ તેમને અધીરાઈ ઉપરાંત કુતૂહલ ને ચિંતા થવા લાગ્યાં. એ પ્રદેશ તદ્દન અજાણ્યો હતો. તપાસ માટે બીજા માણસોને મોકલતાં પહેલાં એકબે દિવસ વધુ રાહ જોઈ જવાનું તેમને ઠીક લાગ્યું.

બરાબર એક અઠવાડિયા સુધી કોઈનાં પાછા ફરવાનાં કંઈ ચિહ્ન જણાયાં નહિ ત્યારે તેમની ચિંતા ઘણી વધી પડી. તેમનું એક હોડકું કિનારા પર પડી રહ્યું હતું. હવે તેમની પાસે ફક્ત બીજું એક જ હોડકું હતું. એ હોડકું વહાણમાંથી નીચે ઉતારવામાં આવ્યું. હોડકામાં ચિરિકોવે ચાર માણસોને બંદૂકો અને બીજાં હથિયારો સાથે મોકલ્યા ને નજીકમાં જ થોડા વખતમાંજતપાસકરીને પાછાફરવાનુંતેમનેજણાવ્યું.

બીજા હોડકામાં બેસી ચાર સશસ્ત્ર માણસો કિનારે પહોંચ્યા. કિનારે પોતાનું હોડકું મૂકી, પહેલા દસ માણસો જે ઝાડનાં ઝુંડોમાં થઈને ઢોળાવની પેલી બાજુ ઊતરી ગયા હતા તે જ ઢોળાવની પેલી બાજુ આ ચાર સશસ્ત્ર માણસો પણ ગયા. ચિરિકોવ અને બીજાઓ તેમને ઢાળ ઊતરતા જોઈ રહ્યા. પેલા દસ માણસો ગુમ થયાની તપાસ કરીને હમણાં જ તેઓ પાંછા ફરવા જોઈએ એમ તેમને લાગતું હતું.

પણ આ શું? સાંજ પડી ગઈ અને રાત પણ પડવા આવી છતાં તેઓ પાછા કેમ ન ફર્યા? તેમને ખાસ સૂચના આપવામાં આવી હતી છતાં તેમને કેમ મોડું થયું? આખી રાત તેમણે બધાએ તેમની રાહ જોઈ, પણ કોઈ પાછું ફર્યું નહિ. બીજો આખો દિવસ પસાર થઇ ગયો, છતાં કોઈ પાછું ફરતું દેખાયું નહિ. તો પછી તેમને શું થયું હશે? તેઓ જીવતા હોય તો અચૂક પાછા ફરે જ. શું કોઈ રેડ ઇન્ડિયનો સાથે ઝપાઝપી થઈ હશે? તો પછી બંદૂકનો એકે બાર કેમ ન સંભળાયો? કદાચ આગળ જતાં રેડ ઇન્ડિયનોએ તેમના પર અચાનક છૂપો હલ્લો તો નહિ કર્યો હોય ને? અથવા આગળ જતાં તેઓ કોઈ અજાણ્યા પાણીમાં ફસાઈ તો નહિ પડ્યા હોય ને? કે પછી ઉપરથી સુકાઈ ગએલા લીલા કાદવના ગર્તમાં તો તેઓ નહિ ખૂંપી ગયા હોય ને? કે એકાએક આવતી ભયંકર ખીણમાં ગબડી તો નહિ પડ્યા હોય? કે પછી ઝેરી ગૅસ નીકળતો હોય એવી કોઈ જગ્યા તો ત્યાં નહિ હોય ને? આમ, એક પછી એક ચિંતાયુક્ત તર્ક તેઓ કરવા લાગ્યા. પરંતુ એટલું તો નિશ્ચિત લાગતું હતું કે તેમનામાંથી કોઈ જીવતા નહિ રહ્યા હોય.

અને એ માણસોની ખબર કઢાવવી પણ કેવી રીતે? જેને મોકલીએ તે જો પાછા જ ન ફરે તો પછી ખબર કઢાવવા જેવું રહ્યું ક્યાં અને એનો અંત પણ ક્યાં આવે? વળી કિનારા સુધી જવા માટે હવે એકે હોડકું પણ તેમની પાસે ક્યાં રહ્યું હતું? ચિરિકોવ કે બીજા કોઈને એટલું પણ ન સૂઝ્યું કે બીજી વખત ચાર માણસોને મોકલતી વખતે એકાદ બે માણસ વધારે મોકલી એક હોડકું પાછું મંગાવીલઇએ. જોકે તેમની પાસે એકાદ વધારે હોડકું હોત તો પણ હવે કોણ જવા તૈયાર થાત? અમેરિકાને કિનારે પગ મૂકતાં જ કંઈક અગમ્ય ઘટના બની ગઈ. એનો ભેદ કોણ ઉકેલે અને કેવી રીતે ઉકેલે? આ ઘટનાથી આરંભમાં સૌને આશ્ચર્ય થયું. પછી થયું કુતૂહલ. પછી ચિંતા થવા અને વધવા લાગી. અને હવે? હવે તો બધાને ગભરામણ છૂટવા લાગી. અગમ્ય ઘટનાનો ભય તો કિનારાની પેલી બાજુ હતો, પરંતુ તે ધીમેધીમે પોતાના તરફ આવી રહ્યો હોય એમ સૌને લાગવા માંડ્યું. ખુદ ચિરિકોવ પણ આ ઘટનાથી ઘણો અસ્વસ્થ બની ગયો. અમેરિકાને કિનારે મુકામ નાખવાનો પ્રશ્ન તો હવે બાજુ પર રહ્યો, પરંતુ તેમનાં પીપોમાં સવાદોઢ મહિનાથી ભરેલું પીવાનું વાસી પાણી કાઢી કિનારેથી તાજું ભરી લેવાની ઘણી જ જરૂર હતી એ માટે પણ હવે કોઈ તૈયાર થતું નહોતું. અરે, કિનારા સુધી તરીને પેલાં બે હોડકાં પાછાં ખેંચી લાવતાં યે કોઈ ભરખી જશે એવી તેમનામાં બીક પેસી ગઈ.

અમેરિકાના અજાણ્યા કિનારાએતેમના ચૌદ સારાસારા માણસોને કોઈ ભેદી રીતે ભરખી લીધા. આથી તેઓ ખૂબ ડરી ગયા. હવે આ સ્થળે વધારે રોકાવામાં ભય છે એમ તેમને લાગતું હતું. ચિરિકોવે હુકમ છોડ્યો અને વહાણ પાછું ચાલવા માંડ્યું. મૃત્યુના મુખમાંથી બચીને નાસી જતા માણસની જેમ બમણા વેગથી વહાણ પાછું ફરવા લાગ્યું. વેગવાળા અનુકૂળ પવનને લીધે તેઓ ઝડપથી કામચાત્કાની દિશામાં પાછા ફરવા લાગ્યા. લગભગ મહિના ઉપરની એ સફર હતી. તેમની પાસે પીપમાં ભરેલું પાણી હવે ખલાસ થઈ જવા આવ્યું હતું અને જે હતું તે પણ દુર્ગંધ મારતું હતું. તાજું પાણી પીવાની તેમની ઝંખના ઉત્તરોત્તર વધતી ચાલી. સમુદ્રમાં જ્યાં જુઓ ત્યાં પાણી, પાણી અને પાણી જ હતું. છતાં પીવા માટે તેમની પાસે બિલકુલ પાણી નહોતું. 'Water water everywhere and not a drop to drink.'—આવી પરિસ્થિતિમાં અતૃપ્ત તૃષાને લીધે તેઓ બધા જ અસ્વસ્થ અને એક-બે માણસો તો અડધા ગાંડા બની ગયા હતા.

આ સંકટમાં બીજું એક સંકટ ઉમેરાયું. વાતાવરણમાં ચોપાસ ધુમ્મસ ફેલાઇ ગયું. એથી તેમની ગતિ એકદમ મંદ પડી ગઈ. બને તેટલી ઝડપે કામચાત્કા પહોંચી જવાની ઉતાવળમાં તેઓ હતા. એમાં આ વિઘ્ન આવી પડ્યું. પરંતુ એ વિઘ્ન તેમને માટે કંઈક રાહત આપનારું, આશીર્વાદરૂપ થઈ પડ્યું. બે દિવસ પછી ધુમ્મસ વિખેરાઈ ગયું ત્યારે તેમનું વહાણ સમુદ્રમાં એક નાનકડા ટાપુની તદ્દન નજીકમાંથી પસાર થઈ રહ્યું હતું. ટાપુ પરનો પર્વત, કેટલાંક વૃક્ષો અને લીલુંછમ ઘાસ–આ બધું સ્પષ્ટ દેખાતું હતું. સમુદ્રમાં સંકટસમયે એકાએક જોવા મળતું કોઈ ટાપુનું દૃશ્ય કેટલું સુખકર હોય છે એનો ખયાલ તો અનુભવીને જ આવી શકે. ટાપુ જોતાં તેઓ બધા જ આનંદમાં આવી નાચી ઊઠ્યા. તેમને બીજું કંઈ નહિ માત્ર પીવાનું તાજું પાણી જોઇતું હતું.

વહાણ કિનારા નજીક લેવામાં આવ્યું. થોડા છીછરા પાણી નજીક આવ્યું, એટલે હોડકું પાસે ન હોવાથી તેઓ પાણીમાં કૂદી પડ્યા અને તરતાતરતા તથા પાણી ડહોળતાડહોળતા ટાપુ પર પહોંચી આતુર નયને મીઠા પાણીની તપાસ કરવા લાગ્યા. ક્યાંકક્યાંક ખાબોચિયામાં ભરાએલું પાણી તેમને મળ્યું. પિવાય એટલું તેમણે પી લીધું અને બીજું કેટલુંક વહાણ પર લઈ જવા માટે એકઠું કર્યું. પરંતુ એટલામાં જોરજોરથી પવન ફૂંકાવા લાગ્યો. ધુમ્મસ ફરી ઘેરાયું અને વાવાઝોડાનાં ચિહ્નો જણાવા લાગ્યાં. પવનના જોરથી વહાણ કિનારાથી આઘું ખસવા લાગ્યું. આથી તેઓ પાણી પડતું મૂકીને દોડ્યા ને પાણી ફરી ડહોળતાડહોળતા અને આગળ તરતાતરતા વહાણ પર પહોંચી ગયા. એક રીતે વાવાઝોડું પણ તેમને આશીર્વાદરૂપ થઈ પડ્યું, કારણ કે એથી આકાશમાં વાદળાં ઘેરાયાં અને વરસાદના છાંટા પડવા લાગ્યા. તુરત તેમણે ચારે બાજુ કૅનવાસ પહોળું કરી તેમાં વરસાદનું પાણી ઝીલી લીધું. આહા! દોઢ મહિના પછી પીવા મળેલા ચોખ્ખા પાણીએ તેમના જીવમાં જીવ આણ્યો. આજનો દિવસ તેમને માટે ઉત્સવ બની ગયો.

પરંતુ તેમનું આ સુખ લાંબો વખત ટક્યું નહિ. વરસાદનું પાણી પૂરું થયું એટલે ફરી એની એ જ તંગી પ્રવર્તવા લાગી. કામચાત્કા પહોંચતાં હજુ દસેક દિવસ લાગે એમ હતું. એટલા દિવસ જેમતેમ પસાર કરી નાખવાના હતા, પરંતુ એટલા દિવસમાં જ તેમના પર દુઃખના ઢગલા ઉપર ઢગલા પડવા લાગ્યા. પીવાનું પાણી રહ્યું નહિ, તો રાંધવા માટે પણ પાણી રહ્યું નહિ. એથી તેમને કાચો ખોરાક લેવો પડ્યો. એની શરીર પર માઠી અસર થઈ. તેમાં (અનુસંધાન પૃ. ૧૫૧)

કલાવાર્તા

એક કલાશાળાનો રૌપ્ય-મહોત્સવ

કોઇ પણ ઉદ્યોગમાં કે તેની જાહેરખબરોમા કળાનું જે સ્થાન આજે જોવા મળે છે તે આજથી પચીસેક વર્ષ પર નહોતું. આજે તો લલિતકળા (ફાઇન આર્ટ)–ચારુ કલાના જેટલું જ ઊંચું સ્થાન કારુ કલા (કમર્શિયલ આર્ટ–ઍપ્લાઈડ આર્ટ)નું પણ લેખાય છે. તેને આ સ્થિતિએ પહોંચવાનાં જે કંઈ કારણો છે તેમાં મુંબાઇની 'સર જે. જે. સ્કૂલ ઑવ ઍપ્લાઇડ આર્ટ'નું સ્થાન ઊંચુ છે.

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં મુંબાઈની વિખ્યાત કળાશાળા સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં જ 'કમર્શિયલ આર્ટ'ના એક નાના વિભાગ તરીકે શરૂ થએલી આ સંસ્થા એક પચ્ચીસીમાં તો 'સર જે. જે. ઈન્સ્ટિ. ઑવ ઍપ્લાઈડ આર્ટ'ને નામે ઘણો વિકાસ પામી છે. ગયા માસે જ તેણે પોતાનો રૌપ્ય-મહોત્સવ ઊજવ્યો. મુંબાઈની પોસ્ટ ઑફિસે એ પ્રસંગ પર રદ્દીકરણની ખાસ છાપ તૈયાર કરી આ સંસ્થાના મહત્ત્વ પર મહોર મારી. ને ખરેખર, આખા ભારતમાં કારુ કલાનું જ શિક્ષણ આપતી આ એકમાત્ર સંસ્થા છે, એટલું જ નહિ પણ તેનું 'ઇન્ડસ્ટ્રીઅલ ડિઝાઈન સેન્ટર' ખુલ્લું મુકતાં તો તે એશિયાભરમાં આ જાતની એકમાત્ર સંસ્થા બની રહેશે.

આજે એમાં દિવસભરના 'ડિપ્લોમા'ના નિયમિત વર્ગો ઉપરાંત સવાર-સાંજના 'સર્ટિફિકેટ કોર્સ' પણ ચાલે છે, જેથી વ્યવસાયી માણસ પણ એનો લાભ લઈ પોતાનો અને પોતાના ધંધાનો વિકાસ સરળતાથી સાધી શકે. વળી એમાં શીખવાતા વિષયોના વૈવિધ્યને લીધે એમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા પણ સારી પેઠે-લગભગ ત્રીજા ભાગની રહે છે. સંસ્થાના આચાર્ય શ્રી વી. એન. અડારકર એક ઉત્સાહી સામાજિક કાર્યકર હોવાથી અહીંના વિદ્યાર્થીઓને અવારનવાર સામાજિક હિતની પ્રવૃત્તિઓ નિર્દેશતાં પોસ્ટરો ચીતરવાની પણ ઘણી તકો મળતી રહે છે.

ઔદ્યોગિક ક્રાંતિની સાથે જન્મેલી કલાની આ શાખા–કારુ કલા–નો વિકાસ પરદેશોમા તો ચરમ સીમાએ પહોંચ્યો છે. ભારત જેવા ઔદ્યોગીકરણને માર્ગે કૂચ કરતા દેશમાં જ્યારે બીજાં અનેક ક્ષેત્રોની જરૂરિયાતો વધતી જ જાય છે ત્યારે કલા પણ એમાં પોતાનો ઘણો મોટો હિસ્સો આપી શકે તેમ છે, ને આ દૃષ્ટિને ખયાલમા રાખીને જ અહીં 'ઇન્ડસ્ટ્રીઅલ ડિઝાઈન ટ્રેઇનિંગ સેન્ટર' ખોલવાનું વિચારાયું છે. આ નવા કેન્દ્રનો હેતુ કારખાનદારો તથા કારીગરોનાં વિવિધ ઉત્પાદનોની ડિઝાઇનો—ઘાટ, આકાર, રચના, ભાત વગેરે સુધારવાનો, વિવિધ વસ્તુઓનાં ઉત્પાદનોમા નવાનવા પદાર્થોની શક્યતાના પ્રયોગો કરવાનો, ભારતીય કલાપરંપરા સાચવીને આધુનિક રૂપો સર્જવામાં સહાય ને માર્ગદર્શન આપવાનો છે. વળી ભારતીય વસ્તુઓની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં માંગ વધારવી અને અહીંના ગૃહઉદ્યોગોનો વિકાસ કરવો એ પણ તેનું એક ધ્યેય છે. પશ્ચિમમાં આજે જ્યારે ભારતીય ડિઝાઇનો–ઘાટ, ભાત ને રૂપરચનાઓ પ્રત્યેનો પક્ષપાત વધતો જાય છે ત્યારે આપણી કળાને નવાં રૂપ અને ઓપ આપવાની અગત્ય અને અવકાશ પણ વધતાં જ જાય છે. આવે વખતે આવી સંસ્થાનો રૌપ્ય-મહોત્સવ એ એક ગૌરવની વાત છે.

સંસ્થાના સૌ વિદ્યાર્થીઓએ તો આ પ્રસંગે પોતાના ગુરુજનોની સહાય અને પ્રેરણાથી શ્રમદાન કરી એક સુંદર સ્મારક પણ રચ્યું છે. આ ઉપરાંત, તેમના મુખપત્ર 'શિલ્પાંજલિ'નો ખાસ અંક પ્રકટ કર્યો છે. આમ ય તે એ 'શિલ્પાંજલિ'ના અંકો કલારસિકોએ જોવા જેવા હોય છે જ, પણ આ વેળાનો દળદાર અંક ખાસ નોંધપાત્ર છે. મિશા બ્લૅક, મુલ્કરાજ આનંદ, સર ગૉર્ડન રસેલ, અજિત મુખરજી, મિ. વી. એન. અડારકર, આર. વી. લાઈડન, સર હર્બર્ટ રીડ, કે. યુ. મૅથ્યુ, સ્વેતોસ્લાવ રોરિક, જી. વ્યંકટઅચલમ્, પ્રો. એન. એસ. બેન્દ્રે, બી. એન. રાનડે, પ્રો. વી. સી. સન્યાલ, જી. એમ. રેગે, રાજ કારેર, એમ. જી. પાનસરે, ભાઈ પતકી, ગોવિંદ ભદ્રવળે ને રમેશ હોનાવર જેવી કલાક્ષેત્રે ખ્યાત વ્યક્તિઓએ લખેલા, ભારતીય કળા, બ્રિટિશ ડિઝાઇન પર એક દૃષ્ટિપાત, લોકોત્તર ભારતીય કળા, સંસ્થાનો પચ્ચીસ વર્ષનો ઇતિહાસ, આજની ભારતીય ચિત્રકળા, ચિત્રકળાનું લાવણ્ય, વિકસતા અર્થકારણમાં કલાકારનું સ્થાન, કળા ને પ્રજા, કાશ્મીરની કલાકારીગરી, ડિઝાઇનમાં પ્રાદેશિક અસરની જરૂર, ભારતમાં કલાભ્યાસ, ઔદ્યોગિક કળામાં શિલ્પીનું સ્થાન, જાહેરખબરો-

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૫મે)



છઠ્ઠા રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં પારિતોષિક મેળવનાર પાંચ કલાકારો પૈકી ત્રણ ગુજરાતીઓ છે. તેમની આ છબીમાં ડાબી બાજુથી : રજનીકાન્ત પંચાલ, નરેન્દ્ર પટેલ, હિંમત શાહ

ગુજરાતી કલાકારોનો આદર

પાંત્રીસની વય સુધીના યુવાન કલાકારોની કૃતિઓના પારીસના આંતરરાષ્ટ્રીય કલા-પ્રદર્શનમાં ભારતની કુલ છ કૃતિઓ પસંદગી પામી: ચાર ચિત્રો અને બે શિલ્પ. એમાંની ત્રણ તો ગુજરાતી-સૌરાષ્ટ્રના–કલાકારોની છે: (૧) જ્યોતિ ભટ્ટનું તૈલચિત્ર 'Fear of Tomorrow', (૨) રાઘવ કનેરિયાનું ધાતુશિલ્પ 'Calf' અને (૩) નરેન્દ્ર પટેલનું ધાતુશિલ્પ 'Bird'. ચોથું શ્રી અકબર પદમશીનું છે તે પણ ગુજરાતી-મુંબાઈમાં રહેતા–ખોજા કુટુંબના છે.


આ વર્ષે ભારતના છઠ્ઠા રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં કુલ પાંચ પુરસ્કાર અપાયા છે તેમાંથી ત્રણના વિજેતા ગુજરાતીઓ છે: નરેન્દ્ર માધવજી પટેલ, હિંમત દેવચંદ શાહ અને રજનીકાન્ત આર. પંચાલ. આમાંના પહેલા બે અત્યારે ભારત સરકારની 'સાંસ્કૃતિક શિષ્યવૃત્તિ'ની યોજના હેઠળ વડોદરા યુનિવર્સિટીની 'ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ'માં અભ્યાસ કરે છે. આ અગાઉ પાંચ ગુજરાતી કલાકારો ત્યાંનાં પારિતોષિકો જીતી ગયા છે તેમાં આ ત્રણ વધુ.

એમનો તથા એમની કૃતિઓનો વિગતવાર પરિચય આવતા અંકમાં.



સ્ક્રેપરબૉર્ડ (કાળા મીનાની સપાટીવાળા પૂઠા)ને ઉઝરડીને કરેલા ભગવાન બુદ્ધના કથાનકના આ 'પ્રસંગચિત્ર' (ઇલસ્ટ્રેશન)ના કલાકાર શ્રી છાપગરે પોતાની ઉત્કૃષ્ટ આલેખનાનો પરચો આ વર્ષના બર્મા-શેલના કૅલેન્ડરનાં પક્ષીચિત્રોમાં બતાવી આપ્યો છે.

ટાઇપોગ્રાફી (અક્ષરકળા)ની સાથે પ્રદર્શનો અને જાહેરાતો માટેની ઉપરચનાના નિષ્ણાત શ્રી સાંઝગિરિનો એક કૃતિ





કલાકાર શ્રી ફિટર ખાસ કરીને પેપર સ્કલ્પ્ચર (કાગળનાં શિલ્પો) તથા થ્રી-ડાઇમેન્શનલ મૉડેલની કલાના નિષ્ણાત છે. પ્રદર્શનો અને 'વિન્ડો ડિસ્પ્લે'માં જાહેરાત અર્થે યોજાતા એવા 'પેપર સ્કલ્પ્ચર'નો નમૂનો ઉપર આપ્યો છે.











કલામાં આધુનિકતા આણીને દીવાસળીની ડબ્બીનાં લેબલો પણ કેટલાં કેઠાવદાર કરી શકાય તે દર્શાવતાં, એ કલાસંસ્થાનાં આજના વિદ્યાર્થીઓ—કુમારી કિરણનાથ, શ્રી જે આર. જૅકબ, ને એસ.પી. શિરશીકરના નમૂના.

કારક કલાના વિવિધ પ્રકાર

મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑાવ ઍપ્લાઈડ આર્ટ્સ (કારક-કલા-વિદ્યાલય)ની રજત જયંતી પ્રસંગે બહાર પડેલી સ્મરણિકા (સુવેનીર)માં આપેલા, એ સંસ્થામાંથી નીકળેલા ભૂતપૂર્વ તેમજ ચાલુ કલાકારો-વિદ્યાર્થીઓની કૃતિઓના નમૂનાઓમાંથી ચૂંટેલું વૈવિધ્ય અત્રે આપ્યું છે. આપણા જીવનમાં કારક-કલાઓનો વિસ્તાર અને સંસ્પર્શ કેટલો બહોળો છે તેનો ખ્યાલ સામાન્ય વાચકને આવે એવો નથી. ચાલુ જાહેરખબરો (પ્રેસ-ઍડવર્ટાઇઝિંગ)ની અક્ષરરચના અને મુદ્રણનિર્માણ—(લેટરિંગ ને લેઆઉટ—ટાઇપોગ્રાફી)થી માંડીને ઇલસ્ટ્રેશન, ફોટોગ્રાફી અને તેનું રીટચિંગ, કાર્ટૂન, એક્ઝિબિશન લે-આઉટ, પોસ્ટરો, કાર્ડો, ટપાલ દ્વારા જાહેરાત કરતી 'મેઈલિંગ પીસ પબ્લિસિટી'નાં ફોલ્ડરો તથા બુકલેટો, બ્રોશરો, સુવેનીરો, ગ્રાફિક ડિઝાઈન, લીથોગ્રાફી, વિઝ્યુઅલાઇઝેશન, પેપર સ્કલ્પ્ચર, થ્રી ડાઇમેન્શનલ (ત્રિપરિમાણ) મૉડેલ, પૅકેજિંગ, વિન્ડો ડિસ્પ્લે, ઈન્ડસ્ટ્રીઅલ ડિઝાઈન, કાપડ માટેની ટૅક્સ્ટાઈલ ડિઝાઈન, હૅન્ડલૂમ પર હાથવણાટ માટેની ડિઝાઇનોની રચના આદિ અનેક શાખા-પ્રશાખાઓ સુધી તેનું ક્ષેત્ર વિસ્તરેલું છે. આ અને પછીનાં પાનાંઓ ઉપર આપેલા નમૂના તો તેની માત્ર આંશિક ઓળખાણ જ આપી શકશે. ચીલાચાલુ રચનાના બંધિયારપણામાંથી નીકળીને અદ્યતન (મૉડર્ન) કલાપ્રવાહોના સંસ્પર્શથી ચેતનવંતી થવા ઇચ્છતી કારક કલાનું દર્શન પણ એમાં થશે.

નીચે: એ વિદ્યાર્થીઓ કુમારી મિસ્ત્રી અને શ્રી બી. સી. કપૂરે યોજેલી સિનેમા-સ્લાઇડો







અક્ષરકળા અને બીબાંરચના(લેટરિંગ ઍન્ડ ટાઇપોગ્રાફી)ના નિષ્ણાત શ્રી વી. જી. મુંગરેએ કરેલી એક સપ્રમાણ ઘાટીલી રચના



મુંબાઈની તાજમહાલ હૉટેલના ઘુમ્મટોનો આધાર લઈને કલાકાર શ્રી રાજ કાંદેરે એ હૉટેલ માટે સર્જેલી સાદી પણ જોરદાર મુદ્રા




ઇંગ્લેંડમાં ઔદ્યોગિક રૂપરચના (ઇન્ડસ્ટ્રીઅલ ડિઝાઈન) શીખેલા શ્રી પી. એ. કટ્ટીની એક કૃતિ








કાચી શક્તિને 'મૉડર્ન આર્ટ'ના ઓઠા નીચે છુપાવવા મથતા કલાકારોને શ્રી પી. ચંદ્રશેખરનનું મથાળાનું પક્ષીઓનું જાહેરાતી આલેખન ધડા રૂપ છે. કલાશાળાના વિદ્યાર્થીઓ શ્રી ડી. એમ. કુળકર્ણી ને ડી. એમ. પવારના, જમણી તરફ આપેલા બે આઉટડોર સ્કેચ (સમાજમાં હરતાંફરતાં કરેલાં ઝડપી આલેખનો) એવી આલેખન-તાલીમની કક્ષા બતાવે છે.



↑ કલાકાર શ્રી આર. કે. જોશીએ દવાઓ બનાવનારી પેઢીની જાહેરાત માટે રેખાઓ ને છાયાસમૂહોનું ભારસામ્ય જાળવીને કરેલી મૉડર્નિસ્ટિક ચિત્રસંયોજના

આજથી સૈકાઓ પહેલાં કવિએ જે પંક્તિથી આ ભૂમિને બિરદાવીને પૃથ્વીના સાર રૂપ (ઉર્વીસાર) કહી હતી તે ફરીથી અસ્મિતાપૂર્વક ઉચ્ચારવાનો અવસર આજ, લગભગ સાતસો વર્ષ પછી ગુજરાતને સ્વાયત્ત શાસન મળે છે ત્યારે, આવ્યો છે. કોઈને કદાચ કવિસુલભ અતિશયોક્તિ એમાં લાગે. પણ ગરવી ગુજરાતની ધરતીના કણ જેના લોહીમાં ઘૂમે છે એને માટે એ સ્તુતિવચન આજે સાર્થ અને ક્ષમ્ય ગણાશે. ¶ આવતી તારીખ ૧લી મે ગુજરાત રાજ્યનો સ્થાપના-દિન છે. એ સ્પૃહણીય અવસરને અનુલક્ષીને આ પાનાંઓ ઉપર અમે 'કુમાર'ના વાચકોને એ પ્રસંગને સ્મરણાંકિત કરતી મુદ્રાઓ–ટિકિટો ભેટ ધરીએ છીએ. એનો ઉપયોગ એ દિવસોમાં જ લખાતી પોતાની ટપાલ ઉપર સીલ કે મુદ્રા તરીકે ચોડવા ઉપરાંત એ દિવસના ઉપલક્ષમાં અપાતી ભેટ ઉપર ચોડી કરી શકાય; વિદ્યાર્થીઓ પોતાના પુસ્તકો વગેરે ઉપર તે લગાડી શકે; જાડા કાગળ ઉપર ટાંકણી સાથે તેને ચોડીને છાતીએ લગાડવાના ધ્વજ તેમાંથી બનાવી શકાય...બીજા પણ આવા અનેક પ્રકારે તેને વાપરી શકાશે. ગુજરાતની અસ્મિતાની ભાવનાનો પ્રસાર કરવા માટેનો આ અદના વિચાર વાચકોને ભેટ ધરવા સાથે આ પ્રસંગનો ગૌરવ–આનંદ અમે પ્રકટ કરીએ છીએ. અંકમાંથી આ પાનાંઓ ફાડી લઈને તેમાંથી ટિકિટો કાપી લઈ ગુંદર લગાડી જરૂર પ્રમાણે ચોડી શકાશે. આ પાનાંની વધારે નકલો નજ કિંમતે કુમાર કાર્યાલયમાંથી મળી શકશે.





કોઈ પણ જાતના આલેખન વિના કેવળ બીબાંઓ વડે રચી શકાતી કલાત્મક જાહેરાતની રૂપ-રચનાનો, મુદ્રણકલા વિભાગના વિદ્યાર્થી શ્રી પી. એસ. પાટિલે યોજેલો એક નમૂનો




મૂળ કલાસંસ્થા સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટ (આ સંસ્થાના ચારુ કલા વિભાગ)નું વિદ્યાર્થીમંડળ 'કલાદીપ' પણ 'રૂપભેદ' નામના વાર્ષિક પ્રકાશન દ્વારા પોતાની વર્ષોવર્ષની પ્રવૃત્તિનો અહેવાલ પ્રકટ કરે છે. આ વર્ષના તેના અંકમાંની શ્રી મધુ પોવળેની એક કૃતિ ઉપર આપી છે. નીચે: શ્રી એમ. એ. શેખનું પોસ્ટર.

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૧થી)
માં કળા, પ્રદર્શન-રચનાનું ભારતમાં ભાવિ, બદલાતા આકારો ઈત્યાદિ કારુકલા વિષયક લેખો તો દરેક ધંધાદારી કલાકારે વાંચવા જેવા છે. અલબત્ત, બધા લેખો અંગ્રેજીમાં છે.

આ ઉપરાંત, કારુકલાને ક્ષેત્રે નામ કમાએલા આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પરિચય સાથે નમૂના રૂપ તેમની એક-બે સુંદર કૃતિઓ પણ આ અંકનું એક વિશિષ્ટ અંગ છે; અને છેવટે આપેલા સંસ્થાના આશાસ્પદ વિદ્યાર્થીઓની કૃતિઓના નમૂનાઓ પણ નવી પેઢીની પ્રગતિનો ખયાલ આપી રહે તેવા છે.

આ ઉપરાંત, સંસ્થાના ઈ. ૧૯૩૫થી ૧૯૬૦ સુધીના ઈતિહાસની એક જુદી પુસ્તિકા પણ પ્રકટ થઇ છે; અને આ બધાં સાથે રૌપ્ય મહોત્સવ જેવા વિશિષ્ટ પ્રસંગે પ્રદર્શન, વ્યાખ્યાનો, ઉત્સવો આદિ અન્ય જે કંઈ પ્રવૃત્તિઓ હોય એ તો થએલી જ.

પણ આવી આ એક જ સંસ્થાથી આપણી ભાવિ માંગને પહોંચી વળાશે? દેશના બદલતા જતા વહીવટી વિસ્તારોની તેના પર પણ અસર નહિ પહોંચે? મુંબાઇ રાજ્યના વિભાગીકરણની યોજનામાં જોકે મહારાષ્ટ્ર-ગુજરાતનાં બંને રાજ્યો આ કળાશાળાનો લાભ લઈ શકે એવી જોગવાઈ રાખવામાં આવી છે (અને વડોદરા યુનિવર્સિટીની ફેકલ્ટી ઑાવ ફાઈન આર્ટમાં કારુ કલાનો એક વિભાગ પણ છે), છતાં કોઈ પણ પ્રદેશને મુકાબલે પ્રાચીન પરંપરાગત કારુ કલાનો સમૃદ્ધ વારસો ધરાવતા ગુજરાતમાં આવી એક સ્વતંત્ર શાળાની જરૂરત છે જ. અને એ માટે અત્યારથી જ શરૂઆત કરી દેવાની જરૂર લાગે છે.





લાઓસની રામાખ્યાનની ટિકિટો (મોકલનાર: કિસન શર્મા, જૂનાગઢ)

રંગ-રચના અને વિષયના વૈવિધ્યવાળી ટપાલની ટિકિટો પ્રકટ કરનારા દેશોમાં નાનકડા લાઓસનો પણ સમાવેશ થાય છે. ઉપર આપેલી ટિકિટોમાં તેણે રામાખ્યાન-રામાયણનાં કેટલાંક પાત્રો રજૂ કર્યાં છે. રામાખ્યાનની લોકનાટિકાઓનું ત્યાંની પ્રજામાં ઘણું મહત્ત્વ છે અને રાજકુટુંબના સભ્યો પણ તેમાં ઘણી વાર ભાગ લે છે. આ નાટિકાનું એક આગળપડતું અંગ તે તેનાં વિવિધ પાત્રોનાં મહોરાં. નટો એ મહોરાં પહેરીને જ નાટકો ભજવે છે. આ ઉપર (ડાબી બાજુથી અનુક્રમે) લક્ષ્મણ, રાવણ, રામ, સીતા ને રામ તથા અંગદ ને રાવણનાં એવાં મહોરાંવાળાં પાત્રોનાં આલેખન છે.

અનુસંધાન આચાર્ય ક્ષિતિમોહન સેન [પૃ ૧૨૭થી

ભાવનાના સંરક્ષક તેઓ જ રહેલા. વર્ષો સુધી કવિવરની સાથે તેમણે પ્રભાતના પહોરમાં ઘણી વાતો કરી છે. કવિવરમાં બાઉલ વિષે વિશેષ રસ લગાડનાર, કબીર, દાદૂ, રજ્જબ, રામાનંદ વગેરેની વાણીનો રસથાળ તેમની આગળ રજૂ કરનાર ક્ષિતિબાબુ જ હતા. કવિશ્રીએ પોતાના 'માનવધર્મ'નાં વ્યાખ્યાનોમાં તેથી જ એમને 'ભારતીય મધ્યયુગની કીર્તિસ્મૃતિના ભંડાર' તેમજ 'સુહૃદ્વર' કહીને અપનાવ્યા છે.

આચાર્ય સેનનાં સ્મરણો અનેકવિધ છે. તે બધાં નોંધવા જતાં એક નાનકડું પુસ્તક બની જાય. અહીં તો તેમની કેટલીક વિશેષતાઓ નોંધીશું. સૌથી અદ્ભુત તો હતી તેમની સ્મરણશક્તિ. જ્યાંજ્યાં ગયા હોય ત્યાંની બધી માહિતી તેમને હોય એટલું જ નહિ, એ આખા પરિવારનાં નામે તેમને યાદ હોય! એક વાર ચીનથી કોઇ મળવા આવેલું. પોતે કવિવર સાથે ચીન ગયેલા ત્યાંની વાતો નીકળતાં તેમણે બધાં સ્ટેશનોનાં નામ દીધાં. પેલો માણસ તો આભો જ બની ગયો! તેણે કહ્યું: 'મને પણ આ બધાં નામો તો યાદ નથી.'

એક વાર દ્વારકાના એક જાણીતા ભાઈ શાંતિનિકેતન ગએલા, તે ક્ષિતિબાબુને મળવા ગયા. ક્ષિતિબાબુએ તેમને બધા સમાચાર પૂછી પોતે પીપા ભગતની શોધમાં ક્યાં ક્યાં ગએલા અને દ્વારકાનાં ક્યાં ક્યાં સ્થળો જોએલાં તે વર્ણવ્યાં, ત્યારે પેલા ભાઇ કહેવા લાગ્યા: 'બાબુજી, માફ કરશો. હું દ્વારકાનો જ રહીશ છું, છતાં મેં આમાંનું ઘણું જોયું નથી. મને પણ આપની પાસેથી નવું જાણવાનું મળે છે.'

એમનાં વિનોદ, હાસ્ય, નર્મ, કટાક્ષ, શ્લેષ વગેરેનાં દૃષ્ટાંતો તો પારાવાર છે. સદ્ગત કરુણાશંકરને તેઓ કહેતા: 'તમારું આતિથ્ય એટલે થાળીમાંથી પથારી અને પથારીમાંથી થાળી.' એક વાર સવારે મારે ત્યાં આવીને મારી બાને કહેવા લાગ્યા: 'મા, આજે તો રવિવાર ને? એટલે આતવારના ધાંચાની માફક બધે મૂંડવા નીકળ્યો છું.' ક્યાંક જમવા જવાનું હોય ત્યારે ખૂબ સાવચેત રહેતા. તેમ છતાં ય પીરસનાર ખૂબ ભારપૂર્વક આગ્રહ કરે તો ખાય, પરંતુ અતિરેક થઇ જાય તો કહે: 'એ નહિ પડ્યું રહે તો હું પડ્યો રહીશ, બીજું શું?' ગુજરાતમાં હતા તે દરમ્યાન શ્રી રવિશંકર રાવળને ઘેર મળવા આવેલા. શ્રી રાવળ ભાડે રહેતા હતા તે ઘર ઘણું જૂનું હતું. તેના મેડા પરથી ઊતરતી વખતે કહે, 'જૂના વખતમાં પૂલ વગેરેની મજબૂતીની કસોટી કરવા માટે તેના પરથી હાથીને ચલાવી જોતા. એમ તમારે પણ હવે તમારા આ મકાનની મજબૂતી વિષે શંકા રાખવી નહિ.' એમ પોતાના સ્થૂલ શરીર પર ઉપહાસ કરી ખડખડાટ હસી પડ્યા.

એક વાર ગુરુદેવની સાથે આગગાડીમાં મુસાફરી કરતા હતા તે દરમ્યાન ગુરુદેવને કોઈ કાવ્યની પ્રેરણા થતી તેમને લાગી, એટલે પોતે ચૂપકીથી શૌચના કમરામાં સરકી ગયા. ગુરુદેવે કાવ્ય પૂરું કર્યું. પોતે બહાર આવ્યા. ગુરુદેવ કહે: 'તમે ક્યાં હતા? હમણાં જ આ કાવ્યનો પ્રસવ થયો.' ક્ષિતિબાબુએ કહ્યું: 'પણ ગુરુદેવ, પ્રસવને સમયે કોઇ પુરુષ ઓછો હાજર રહી શકે છે?' બંને હસી પડ્યા.

(જુઓ 'કુમાર' અંક ૪૩૧)

સદ્ગત ક્ષિતિબાબુને

(સ્મરણાંજલિ)

· પૃથ્વી ·

ગુરો! અમર પંથના બની ગયા તમે યાત્રિક!
જીવ્યા જીવન દીર્ઘ. ચિન્મય ચીંધી ગયા પંથ એ
મહાતપસનો, જ્યહાં જીવનની બધી સાધના
થતી સરસ સંચિત, સમરસે અભિસિંચિત.
પુરાતન પવિત્ર પ્રિય નિજ ધાત્રી વારાણસી,
સદા પરમપાવની જીવનદાત્રી ભાગીરથી,
ગુરુગણતણાં જ્યહાં વરસતાં કૃપાવારિમાં
કર્યું સતત સ્નાન, પાન, અવગાહને નંદિત.
મહાકવિતણા વિરાટ નીડની મહાહાકલે,
નવીન મરમી તણી સૂરીલ વાણી સુણી તમે
ગયા દ્વિજ થઇ! બની અચલ સાધનાપીઠ એ.
કર્યાં સહજ પાન શૂન્યશિખરે સમારૂઢ થૈ!
રવીન્દ્રબીનની સૂરાવલિ તણી ઝીણી ઝંકૃતિ
ઝીલી હૃદયમાં, પીધી અમર સંતની સંસ્કૃતિ!

જયંતીલાલ આચાર્ય

કોઇને ક્યાંક જવું હોય તો તેને તેમની પાસેથી રેલવેના ટાઈમટેબલથી માંડીને સ્થળેસ્થળની વિગતવાર માહિતી તેમજ જુદીજુદી દૃષ્ટિથી જોવા જેવી વસ્તુઓ, એમના અનુભવની કેટલીક વ્યાવહારિક દોરવણી, એવું કઈકંઈ જાણવાનું મળે. આપણી રોજબરોજની મૂંઝવણો ને મુશ્કેલીઓ ટળી જાય તેવા ઘણાં ય માર્ગસૂચન ને વ્યાવહારિક ઉપાયો પણ તેમની પાસેથી મળી શકે. આથી ઘણાયના તેઓ મિત્ર, માર્ગદર્શક અને ગુરુ સમા એકીસાથે બની રહ્યા હતા. બંગાળમાં તો તેમને ઘણા 'ઠાકુરદા' તરીકે પિછાને છે. તેમના તરફના પૂજ્યભાવ અને સહજભાવને લઇને તેમને આ બિરુદ મળેલું.

ગુજરાતને તો તેમને સ્વજન ગણવાનું એક બીજું પણ ખાસ કારણ છે. ગુજરાતી ભાષાનું તેમનું જ્ઞાન પણ એક પરપ્રાંતીય માટે આપણને આશ્ચર્ય પમાડે તેવું સારું ને સાહજિક હતું. કોસીન્દ્રા આશ્રમમાં તેમણે ચીન-જાપાનની યાત્રા વિષે ગુજરાતીમાં જ વ્યાખ્યાનો આપ્યાં હતાં, ને તે પણ કુમારો-કિશોરો સમક્ષ. ગુજરાતી બોલીની ઉક્તિની વિશેષતાઓનો પણ તેઓ ઝીણવટથી અભ્યાસ કરતા. એક વાર તેમણે પોતાની લાક્ષણિક ઢબે હસતાંહસતાં પૂછેલું: 'અમદાવાદમાં તમે 'નવટાંક', 'કારેલાં' બોલો છો, કેટલાક ગ્રામપ્રદેશમાં 'નવકાંટ', 'કાલેરાં' બોલાય છે.'

આપણા દેશનું દારિદ્રય, ગુરુશિષ્યના સાચા ભાવની આપણે ત્યાં થતી જતી ખોટ, આપણાં વહેમ, અજ્ઞાન, સંસ્કારહીનતા, માનવમાનવના સહયોગનો અભાવ, ભાષાના પ્રશ્નની એકાંગી છણાવટ, લૂખી થતી જતી માતૃભાવના, કેળવણીને નામે પ્રસરતું અજ્ઞાન, કંટાળીને સંસારમાથી નાસી છૂટવા તલસતાં સાચાં સાધુ હૃદયો, ભારતીય સંસ્કૃતિનાં સનાતન તત્ત્વો—આવીઆવી અનેક વાતો ઉપર એમના અંતરનું ઊંડું દર્દ જોવાનો જેમને પ્રસંગ મળ્યો હોય તેમને જ એમની તેને વિષેની લાગણીઓના સંસ્પર્શની ખબર હોઈ શકે. એમને એવા પ્રસંગે વાતચીત કરતા જોવા-સાંભળવા એ ભાવક માટે તો એક સૌભાગ્યની પળ ગણાય.

અને આ સૌ કરતાં અંતર્ગત ને ગૂઢ તો હતી તેમની 'મનના માનવ'-ની વિરહવેદના. જ્યારે કોઇ ભક્ત કે સંતની વિરહવેદનાની વાત કહેતા હોય, ગુરુદેવના કોઈ અસીમ અને સીમના દ્વંદ્વથી ઉત્પન્ન થતા દુઃખમય કાવ્ય કે ગાનનો પ્રસંગ નીકળ્યો હોય, કોઈ બાઉલ ગાન ગાતા હોય, ત્યારે તેમના અંતરની એ ઝલક આપમેળે પ્રગટતી. તેમના સહાનુભાવને પાત્ર થવું એ પણ જીવનની કૃતાર્થતા ગણાય.

શાંતિનિકેતનમાં આવ્યા ત્યારે તેમના એકેએક સહકાર્યકર પોતપોતાના ક્ષેત્રના દિક્પાલ બની રહ્યા હતા. પંડિત વિધુશેખર ભટ્ટાચાર્ય (જેમનો પરિચય 'કુમાર'ના ૪૨૬મા અંકમાં આવી ગયો) પાલિભાષા, બૌદ્ધ ધર્મ અને બીજી ભારતીય ભાષાઓનાં ગૌરવ અને સમૃદ્ધિનો સહુને ખયાલ આપતા હતા. પંડિત હરિચરણ વંદ્યોપાધ્યાય બંગાળી ભાષાના વિરાટ શબ્દકોશના નિર્માણમાં મશગૂલ હતા. જગદાનંદજી વિજ્ઞાનવિષયનું તલાવગાહન કરવાકરાવવામાં વ્યસ્ત હતા. કલાગુરુ નંદલાલ વસુ વિદ્યાની એ તપોભૂમિને કલાના સંસ્પર્શથી પરિપ્લાવિત

કરી રહ્યા હતા. યુવાન ને ઉત્સાહી ક્ષિતિમોહનને શાંતિનિકેતનની શાખા શ્રીનિકેતન માટે ગામડેગામડે ઘૂમવાનું આહ્વાન દીધું હતું. શાંતિનિકેતનને આંતરરાષ્ટ્રીય જ્ઞાનક્ષેત્ર બનાવવા દીનબંધુ ઍન્ડ્રૂઝ દેશવિદેશના પરિભ્રમણમાં પડ્યા હતા. વિલી પીઅર્સન હાથમાં ફાનસ લઇને સાંતાલ પ્રદેશમાં અભણ ગ્રામવાસીઓને અક્ષરજ્ઞાન આપવા ઘૂમી રહ્યા હતા. બંગાળના પછાત પ્રદેશોને ખૂણેખૂણે ફરી વળીને દ્વિજેન્દ્રનાથે જ્ઞાનપ્રચારનું એક વ્યાપક આંદોલન જગાવ્યું હતું. બંગાળના અભિનવ સર્જનના આ યુગના આચાર્ય ક્ષિતિમોહન એક એવા મશાલચી હતા કે જેમનું સખ્ય ખુદ રવીન્દ્રનાથ પણ માણતા. રવીન્દ્રનાથના સાહિત્યનું સંકલન–પ્રકાશન કરીને તથા એ સાહિત્યને પોતાનાં વ્યાખ્યાનો દ્વારા લોકવ્યાપી બનાવીને તેઓ રવીન્દ્રનાથના અક્ષર-પુરુષના એક પ્રતિનિધિ બની રહેલા. રવીન્દ્ર-સાહિત્ય પરનાં તેમનાં પ્રવચનો એવી રીતે અપાતાં કે બાળકો, યુવકો, વિદ્વાનો, સૌને રસ પડે, દરેકને નવું જાણવાનું મળે, અને મૂળકાવ્ય તેમની ભૂમિકાથી જ આપમેળે સ્પષ્ટ થાય. ગંભીરમાં ગંભીર વાતો એકદમ હળવી કરીને મનમાં ઠસાવી દેતા. એક વાર ગુરુદેવનું કોઇ ઉત્તમ કાવ્ય શીખવવાનું હતું ભૂમિકામાં તેમણે કહ્યું 'કેટલાંક કાવ્યો સિગારેટની માફક ફૂંકીને ફેંકી દેવાનાં હોય છે, કેટલાંક ગાંજાની માફક ઘૂંટવાનાં હોય છે. કાવ્ય પીધા પછી તેનો નશો ચડે છે.' તે દિવસે પ્રવચન સમાપ્ત કરી પોતે ક્યાંક ફરવા ચાલ્યા ગયા.

એ જ રીતે સાધુસંતોની જ્ઞાનવાણીની સરસ્વતી પણ તેમને જિહ્વાગ્રે હતી. અને એમણે એ વિદ્યા કંઈ ઘરના એકાંત ખૂણે બેસીને એકાંગી દૃષ્ટિકોણથી મેળવેલી નહોતી. ગામેગામે, શહેરેશહેરે અને પ્રાંતેપ્રાંતે તેઓ ઘૂમતા. પોતાની પ્રાચીન ધર્મવાણીને ભારતે આજ સુધી કેવી અને કેટલી જાળવી રાખી છે તેનો સજીવ સાક્ષાત્કાર તેમણે કરેલો.

આચાર્યશ્રીના સખ્યથી કવિવરનો આત્મા પણ પ્રફુલ્લી ઊઠતો. ગુરુદેવે એમનામાં ભારતની સાધનાધારાના મર્મી તદ્વિદનો પોતાને માટે સબ્દર ટેકો નિહાળ્યો હતો. બંગાળી સાહિત્ય પરિષદના અધિવેશનના પ્રમુખસ્થાનેથી રવીન્દ્રનાથે બંગાળના બાઉલ ભક્તો વિષે કરેલા વ્યાખ્યાન માટેની મોટા ભાગની સામગ્રી ક્ષિતિબાબુએ જ પૂરી પાડેલી. ક્ષિતિબાબુ અને વિધુશેખર ભટ્ટાચાર્ય તેમના જમણા–ડાબા હાથ સમા હતા. વળી વાણીકલાના તો ક્ષિતિબાબુ સ્વામી હતા. તેમની વાક્‌પ્રભુતાનો જોટો જડવો મુશ્કેલ છે. જે વાત તેમના મુખમાંથી નીકળતી, તે જાણે કોઈ કલામય શિલ્પનો આકાર ધારણ કરીને.

ભારતીય ધર્મસાધના-પરંપરાનું તલાવગાહન કરવાના પોતાના જીવનકાર્યને અનુષંગીને સાધુસંતોનો સમાગમ કરવા તેમણે વેઠેલા પરિશ્રમ અને ખર્ચની યાદી કરતાં તો એકાદ પુસ્તક ભરાય! આગગાડી પણ જ્યાં નથી ગઈ તેવાં નાનકડાં પછાત ગામડાંઓમાં અને લોકવાસાઓમાં ભમી ભટકીને તેમણે એ ધર્મ ને સાધનાધારાઓનો અણમોલ સંચય કર્યો. ઉત્તર અને પશ્ચિમ ભારતમાં પંજાબ, રાજસ્થાન, સિંધ, સૌરાષ્ટ્ર ને ગુજરાત તો એમણે પગ તળે કાઢી નાખેલાં. આખા ભારતને આ રીતે ખૂંદી વળનાર તેમના સમો પ્રવાસી મળવો મુશ્કેલ છે.

સંતપુરુષોને જેમ જંગમ તીર્થ કહે છે તેમ અનેક જ્ઞાનશિખાઓને પ્રદીપ્ત રાખનાર મહાપંડિતોને જંગમ જ્ઞાનકોષ કહી શકાય. આચાર્ય ક્ષિતિમોહન સેન આવા મહાપંડિત તો હતા જ; પરંતુ એમની વિશેષતા એ હતી કે પંડિતાઇની સાંકડી મર્યાદાનું અતિક્રમણ કરીને અસીમ ગગનમાં ઊડનાર અગનપંખી જેવા તે હતા. પાંડિત્ય એમને માટે બોજરૂપ ન હતું. ફૂલ જેમ સુગંધનો ભાર સ્વાભાવિકપણે જ વહન કરે છે અને ચોમેર સૌરભ પ્રસારે છે એમ એમના જ્ઞાનસુગંધનો પમરાટ ભારતભરમાં પ્રસરી ગયો હતો. તે માત્ર પંડિત, વિદ્વાન અને સંશોધક જ નહિ પરંતુ જીવનભરના સાધક હતા, અને તેમનું હૃદય ભક્તિપૂર્ણ હતું. એમનાં ધાર્મિક પ્રવચનો સાંભળવાનો લાભ જેમને મળ્યો હશે તેમને એમના એ ઊંડા ભક્તિભાવની પ્રતીતિ થઈ હશે.

આચાર્ય ક્ષિતિમોહનનું સમગ્ર જીવન શારદોપાસનામય હતું. એમનો જન્મ ધર્મધામ કાશીમાં થયો હતો, ને ત્યાં જ તેનો પાયો શાસ્ત્રીઓની ઢબે એવા દૃઢ રીતે નખાયો કે એ જ્ઞાનમહેલના જેમજેમ નવાનવા માળ બંધાતા ગયા તેમતેમ પાયાની મજબૂતાઈ પ્રતીત થતી ગઈ. જૂના ઘરેડમાં ઉછરેલા આ યુવકે નવીનતાની સર્વોત્તમ જ્ઞાનસરણીને સાંગોપાંગ ઝીલીને તેનો સમન્વય સાધી લીધો. સનાતનને સમકાલીન સાથે જોડી આપે એ જ ખરી પંડિતાઇ, જે કદાચ આતંમની ઊંડી સૂઝ વિના શક્ય નથી. આ સૂઝના વેધક પ્રકાશ વડે તેમણે ભારતીય સંસ્કૃતિનાં આદિઝરણાંને સંશોધી તેમને બંધિયાર બનવા દીધા વિના વહેતાં કરી આપ્યાં.

ભારતવર્ષની આધ્યાત્મિકસાધનામાં મધ્યયુગનું પણ આગવું સ્થાન છે. એ યુગના અનેક સાધકો આંકડા કે બારાખડીની દૃષ્ટિએ નિરક્ષર હોવા છતાં સાક્ષરોને તો ક્યાં યે ટપી જાય એવી એમની અક્ષરતત્ત્વની ઓળખાણ હતી. એ મરમી સાધકોએ આપણા દેશની આધ્યાત્મિક જ્યોતને વિષમ સંજોગો વચ્ચે પણ જલતી રાખી હતી, એટલું જ નહિ પરંતુ પોતાની અનુભવવાણી વડે ગામડેગામડે જ્ઞાનદીપો પ્રગટાવ્યા હતા. એ અભણ મરમીઓની આધ્યાત્મિક સૂઝ ઉપનિષદ્‌કાળના ઋષિમુનિઓ જેટલી જ ઊંચી હતી. આ મહાન સત્યનું પ્રતીતિજનક અને પ્રમાણસિદ્ધ ઉચ્ચારણ ક્ષિતિબાબુના જેટલી તલાવગાહી વિદ્વત્તા વડે કદાચ આજ સુધીમાં કોઇએ કર્યું નથી. વજ્રયાની સિદ્ધો વિષે મહાપંડિત રાહુલ સાંકૃત્યાયને અથવા મહારાષ્ટ્રના સંતો વિષે શ્રી રાનડેએ જે માહિતીઓ આપી છે તે વિદ્વત્તાપૂર્ણ હોવા છતાં એકદેશી છે. એમણે પોતાનાં વ્યાખ્યાનોમાં સારગ્રાહી ને સર્વદેશી માહિતી આપીને સમસ્ત ભારતવર્ષનું પુણ્યમય પીઠબળ છતું કર્યું છે. મુસલમાન મરમીઓ, સિદ્ધ ભજનિકો, હલકી કોમના સંતો અને જેમને પગલે પગલે પૃથ્વી કોળી રહે એવા અભેદમાર્ગીઓનો એમણે જે રહસ્યદ્યોતક ચિતાર આપ્યો છે એ વાંચતાં સાનન્દાશ્ચર્ય ઉપજાવે છે.

આપણી જીવનસાધનાના પ્રવાહમાં બે ધારાઓ વહી છે: વૈદિક અને તાંત્રિક. એ બંને સાધનાની ધારાઓ ગંગા ને યમુનાની ધારાઓ માફક ભળી ગએલી છે. આપણે જેને પૌરાણિક વિધિ તરીકે સમજીએ છીએ તેમાંની કેટલી યે બાબતો તંત્રો સાથે સંકળાએલી છે. તંત્રસાધનાની એ રહસ્યવાળી બાજુ સમજવામાં આપણે લગભગ ભીંત ભૂલ્યા જેવી દશામાં છીએ. કેટલાક હીન માણસોની પાશવી વૃત્તિઓને કારણે આપણે તંત્રમાત્રને વામાચાર તરીકે ગણી લીધું છે. આથી જ્ઞાનવિજ્ઞાનની એક ગહન શાખા અણઓળખાએલી રહે છે. એ તંત્રની કેટલીક સાધનાઓ તર્કયુક્ત હોવા ઉપરાંત રોકડિયા પાક જેમ તરત ફળ આપનારી છે. ફક્ત એક જ દૃષ્ટાંત લઇએ તો છેલ્લાં સો વર્ષમાં ભારતવર્ષના ત્રણ મહાયોગીઓ—રામકૃષ્ણ પરમહંસ, અરવિંદ ઘોષ અને રમણ મહર્ષિમાંના બે તંત્રમાર્ગની ઉપાસનાનો આશ્રય લઇને સિદ્ધયોગી અને સિદ્ધગુરુઓ બન્યા હતા. ક્ષિતિબાબુ તંત્રોપાસનાની આ અસરકારકતાના રહસ્યવેત્તા હોવાથી તેમણે તંત્રનો સાચો ને આંતરિક મર્મ સ્ફુટ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ વિષયનાં કોર્સોદ્રામાં અપાએલાં ત્રણ વ્યાખ્યાનો 'તંત્રની સાધના' નામે સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી ૭૦ પૃષ્ઠની લઘુપુસ્તિકારૂપે પ્રકટ થયાં છે. મરમી વાણીનું સારસંદોહન એમણે જેટલા સચોટ સંક્ષેપથી કર્યું છે એથી યે વિશેષ કલાત્મક સંક્ષિપ્તતા અહીં જણાય છે. તંત્રોપાસનામાં

વિષય, અનુબંધ, પ્રયોજન અને અધિકારી ઇત્યાદિ ક્રમે રહસ્યસ્ફોટ કરતા જઈ તેમણે એ ઉપાસનાનાં સર્વ અંગોને સ્પષ્ટ કર્યા છે.

શાન્તિનિકેતન અને વિશ્વભારતી યુનિવર્સિટીનાં અનેક વિકાસ-કાર્યો સાથે તેઓ સંકળાએલા હતા. ત્રીસ વર્ષના એમના કુશળ સંચાલન નીચે શાન્તિનિકેતન અર્વાચીન યુગનું જીવંત ઋષિકુળ બની રહેલું. ત્યાંની દિનચર્યામાં પ્રાચીન ભાવનાનું વાતાવરણ સર્જવાની તથા ઋતુ-ઋતુનાં પર્વો કલાત્મક રીતે ઊજવવાની શરૂઆત એમણે જ કરેલી. ત્યાંના વિદ્યાભવન (સંશોધન-વિભાગ)ના આચાર્યપદે તેઓ લાંબા વખત સુધી રહેલા. તેમની વિદ્વત્તાભરી કારકિર્દીની ગુણજ્ઞતાથી વિશ્વ-ભારતી યુનિવર્સિટીની 'દેશિકોત્તમ' (ડી. લિટ્)ની માનદ ઉપાધિથી તેમને નવાજવામાં આવ્યા હતા. લાગટ પિસ્તાલીસ વર્ષ સુધી એ સંસ્થા સાથે સંકળાએલા રહી થોડાં વર્ષ પર જ તે નિવૃત્ત થયા હતા.

થોડા વખત પર પેઢુનાં ઑપરેશન માટે તેમને શાંતિનિકેતનથી બર્દવાનના નર્સિંગ હોમમાં ખસેડવામાં આવ્યા હતા. ઑપરેશન સફળ થએલું અને તબિયત પણ સુધરતી જતી હતી; પરંતુ કાચી તબિયતે એકાએક ઊથલો માર્યો, જે જીવલેણ નીવડયો અને ૧૨મી માર્ચે ૮૪ વર્ષની વયે સંસ્કૃતિના જ્યોતિર્ધર સમા આ મહાપંડિતનું બર્દવાનમાં જ અવસાન થયું. તેઓ પોતાની પાછળ વિધવા પત્ની, એકમાત્ર પુત્ર ક્ષેમેન્દ્ર (જેઓ કલકત્તાના જાણીતા દૈનિક પત્ર 'હિંદુસ્તાન સ્ટૅન્ડર્ડ'માં કામ કરે છે) અને ત્રણ પુત્રીઓનો પરિવાર મૂકતા ગયા છે.

પોતાની પ્રગલ્મ અને પ્રકાંડ વિદ્વત્તાના દ્યોતક અનેક મૂલ્યવાન ગ્રંથો તેઓ આપી ગયા છે, જે પૈકીના કેટલાક છે: 'દાદૂ', 'જાતિભેદ', 'પ્રાચીન ભારતે નારી', 'ભારતેર સંસ્કૃતિ', 'બાંગ્લાર સાધના', 'હિંદુ સંસ્કૃતિર સ્વરૂપ', 'ભારતે હિંદુ-મુસલમાનેર યુક્ત સાધના', 'કબીર', 'મધ્યયુગે ભારતીય સાધનાર ધારા', 'યુગગુરુ રામમોહન', 'ચિન્મય બંગ', 'બાલકકાવ્યપરિક્રમા', 'મિડીવલમિસ્ટિસિઝમઇનઇન્ડિયા'.

ભવોભવનું ભાથું (અનુસંધાન પૃષ્ઠ ૧૩૨થી) દોરડામાંથી પણ ઉગારી લાવ્યા હતા. અભેસંગ એવી કોઈ આશામાં આજે મુખીને આંગણે નહોતો આવ્યો, પણ એને ઊંડે ઊંડે એમ હતું કે આવો પરગજુ આત્મા કીકીનો બોજ કદાચ ઉપાડી લઈ એ માસુમ બાળકીને ઉગારી લેશે.

મુખીએ અભેસંગને જરા શ્વાસ ખાવા ને સ્વસ્થ થવા સૂચવ્યું. એકબે દહાડા એ રોકાઈ જાય અને નિરાંતે બધી વાતચીત થાય તો કંઈક રસ્તો સૂઝી આવે, ને પોતાની સલાહ અભેસંગને માન્ય હોય તેમ અભેસંગ અને કીકીને સૂવા માટેની જગ્યા તેણે બતાવી.

મુખીને ત્યાં બે-ત્રણ દિવસ નીકળી ગયા. મુખીએ એક ભારે કોયડો ઉકેલવાનું અભેસંગને સોંપ્યું: એણે પહેલું ખૂન કર્યું ને પછી બીજું કર્યું તે બે વચ્ચે કંઈ ફેર હતો? પહેલા ખૂન માટે જે કારણ તેને મળ્યું હતું તેવાં જ કારણ તેનાં બધાં જ ખૂન માટે તેને મળ્યાં હતાં એવું નિશ્ચયપૂર્વક કહેવાની સ્થિતિમાં તે હતો ખરો? એ બધાં ખૂનો પાછળની તેની નેમ બરોબર હતી? જેમને તેણે માર્યા હતા તે બધાનો ન્યાય તોળવાનો તેનો અધિકાર કેટલો? એક ખૂનમાંથી બીજું ને બીજામાંથી ત્રીજું કરતાં એને ખૂનનો ચસકો નહોતો લાગ્યો એવું તે ખાતરીપૂર્વક કહી શકે ખરો? મુખીના આવા બધા પ્રશ્નોથી અભેસંગ ખૂબ અસ્વસ્થ બની ગયો. એની ગોળીના ભોગ થઈ પડેલા અનેકના જીવનની જુદીજુદી વિગતો પર નજર નાખતાં તેને મનોમન કબૂલવું પડયું કે તેમાંના કેટલાકને તો કેવળ વહેમ પરથી ને કેટલાકને પોતાના કુટુંબની જૂની અદાવતને લઇને તેણે પૂરા કર્યા હતા. ને મુખીનો છેવટનો કોયડો તો તેને ઘણો વસમો થઇ પડયો. આ બધાં ખૂનને અંતે તેણે શું મેળવ્યું હતું? આવો હિંસક માર્ગ અપનાવી જે સમાજની સેવા કર્યાનો તે સંતોષ લઇ રહ્યો હતો ને જે સમાજ તેનાં પરાક્રમોની કો'ક વાર તારીફ પણ કરતો હતો, તે જ સમાજ તેની વહાલસોઈ કીકીને અપનાવવા તૈયાર હતો ખરો? સમાજ અન્યાય કરી બેસે છે ને નિર્દોષને એ કારણે રોષાવું પડતું હોય છે, એવું પોતાને માટે પણ થયું છે એમ અભેસગ ખાતરીપૂર્વક કહેવાની સ્થિતિમાં હતો? તો જેથી આ દુનિયાના બીજા કોઈ જીવને કશો લાભ જણાતો ન હતો—બલકે જેનાથી પોતાનાં બધાં જ સ્વજનો—પિતા, માતા, પુત્રી વગેરેને પારાવાર દુઃખ, ગ્લાનિ ને મૂંઝવણ હતાં તે જીવન એના જેવા નીડર, સત્ત્વશીલ ને પરાક્રમી મર્દ માટે જીવવા જેવું હતું ખરું!

મુખીએ એકસાથે કંઈ કેટકેટલા કોયડા અભેસંગ આગળ મૂકી દીધા હતા! એ બધા કોયડાનો એક જ ઉકેલ હતો: કીકીને ઉગારવી ને બહારવટું ચાલુ રાખવું એ બે વાત એકસાથે ન બની શકે. પણ બહારવટું છોડતાં કાયદાની પકડમાં જકડાયા પછી કીકી કેવી રીતે બચી શકશે? શું મુખી એને અપનાવી લેશે? એનો જવાબ ભગવાન પર છોડવા મુખીએ એને જણાવ્યું. કાયાનો શો ભરોસો? કોણે જાણ્યું હતું કે મેના આમ એકાએક જતી રહેશે? સાચને રસ્તે જનારાથી આ ગણતરી કરાય જ નહિ. સાચનો બેલી ભગવાન એ ગણતરી દિવસ-રાત કરતો બેઠો જ છે તો પછી આપણે એ બોજ શાને વહોરવો?

મુખી સાથેની આ બધી વાતચીતમાંથી અભેસંગને પોતાને લગતો બીજો નવો પ્રકાશ પણ લાધ્યો. કીકીની જિંદગી જો જોખમમાં હતી તો પોતાની જિંદગી ક્યાં ઓછી જોખમાએલી હતી? જેને એ દોષિત માનતો હતો એવા કેટલા ય નિર્દોષોનાં ખૂનનો ભાર એના આત્મા પર ન હતો? આવા બોજ આગળ ફાંસીનુ દોરડું હલકા ફૂલ જેવું ન હતું? જે ઉદાત્ત ભાવનાઓથી પ્રેરાએલા એના આત્માએ એને પહેલા ખૂન તરફ પ્રથમ વાર દોર્યો હતો તે જ ભાવનાઓએ એને બધાં સનાતન મૂલ્યોના ચિરધામ જેવી ઈશ્વર-આસ્થા તરફ હવે દોર્યો, એમાં પુનર્જન્મ માટેની એની શ્રદ્ધાએ એને ભારે પ્રેરણા ને બળ અર્પ્યાં. એ જોઈ શક્યો કે આપણી આ જિંદગી તો આત્માની લાંબી યાત્રામાં એક વિસામા જેવી છે, ને મુસાફરીમાં જેમ વિસામેવિસામે નવા-નવા લોકોને હળવામળવાનું, અવનવું જાણવાનું ને જોવાનું મળે છે તેમ જીવાત્મા પણ જનમમરણરૂપી વિસામાઓમાંથી પોતાની લાંબી જાત્રામાં ભવોભવનું ભાથું બાંધતો આગળ વધે છે. આ દૃષ્ટિએ કીકીની જ નહિ પોતાની જિંદગી ઉગારવાની પણ એવી જ મોટી જરૂર ઊભી થઈ હોવાની દૃઢ પ્રતીતિ અભેસંગને થઈ; ને તેણે પોતાનો છેવટનો નિર્ણય કરી લીધો. જીવ લેવા કરતાં જીવ બચાવવામાં ભારે પુરુષાર્થ રહેલો છે એવી દૃઢતર બનતી શ્રદ્ધા સાથે માત્ર કીકીને જ નહિ, પણ પોતાની જાતને પણ તેણે મુખીને હવાલે કરી દીધી.

એ પછી એના મન પરનો બધો બોજ જાણે હળવો થઈ ગયો. અનન્તની યાત્રાએ નીકળેલા એના આત્માને હવે મૃત્યુના બોગદાની ભીતિ રહી નહિ. એમાંથી નીકળતાં જ નવો પ્રકાશ, નવી ખુશબો, નવી તાજગી લાધવાનાં જ છે એવી સંપૂર્ણશ્રદ્ધા સાથે મુખીની ચરણરજ લઈ કાયદાના સંરક્ષકોના હાથમાં એણે જાતને સોંપી દીધી, ત્યારે એકલી કીકીના જ નહિ પણ બે જીવોના કલ્યાણનાં દ્વાર મુખી જેવા સંતના સંપર્કથી ઊઘડી ગયાંની પરમ ધન્યતાની દીપ્તિ તેના મુખ પર હતી.

આંખમાં આવતાં અશ્રુ ખાળી રાખી તેને વિદાય આપી મુખીએ જ્યારે અપાર વહાલથી કીકીને પોતાને ખોળે લીધી ત્યારે એમનો આત્મા ગાઇ રહ્યો હતો—

> હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે,
> જેની સૂરતા શામળિયાની સાથ-વદે વેદવાણી રે.

શરીરશોધનની ઘરગથ્થુ ને અકસીર તરકીબો

તામ્રપાત્રે જલપૂરણમ્

લેખક · નટવરલાલ માલવી

દશેબારે દિવસે ચંપકભાઈ મળ્યા, એટલે મેં પૂછ્યું: 'કેમ ચંપકભાઈ, દેખાતા નહોતા?

'તાવ આવી ગયો, ભાઈ. દવાદારૂ કરતાં ને મટાડતાં આટલા દિવસ નીકળી ગયા. બે વાર કોચણી લીધી ને ટીકડીઓ તો રોજરોજ.'

'સાથે કંઈ ખાંસી, ઉધરસ?'

'ના ના, કંઈ નહોતું.'

'તે તમે તુલસીનો રસ નહિ અજમાવ્યો?'

'અરે ભાઈ, હવે તુળસીના રસને તો કોણ માને છે? મશ્કરી થઇ જાય આપણી. તુળસીબુળસી બધું ભુલાઈ ગયું; ગયું અભરાઇએ. બાકી નાના હતા, ત્યારે તો તુળસીની ચા પીતા—એનો ઉકાળો પીતા કે તાવ નાસી જતો ને ટટાર થઈ જતા. હવે તો જાણે તુળસીનો જમાનો ચાલ્યો ગયો લાગે છે. તુળસીમાંથી પણ રામ જતા રહ્યા હશે.' એમણે નિરાશભાવે જવાબ આપ્યો.

મેં જરા હસીને કહ્યું: 'રામ કંઈ એવો કાચોપોચો નથી કે ઝટ ખસી જાય. પહેલેથી જ બધે ભરાઈ રહેવાનું એણે રાખેલું છે, તે છે જ. કંઈ ફેરવ્યું નથી જો. મારે ત્યાં તો હજુ પણ તુળસીમાં રામ દેખાય જ છે, ને તુળસી મારે ત્યાં તો હજુ પણ તાવ કાઢી આપે છે. ભાઇ, તુળસીનો રસ, કશા મિશ્રણ વિનાનો, અગર બહુ તો મરી સાથે લો, કે તાવ નાંસી જાય છે.'

બીજાના અનુભવનું તો કોણ જાણે, પણ મારી વાત કરું તો તુળસીનો રસ, (સ્વરસ, કશા પણ મિશ્રણ વિનાનો, કેવળ પાંદડાંનો નિચોડ) મારા શરીરમાં ખૂબ ગરમાવો ઉત્પન્ન કરે છે. અને શરીરને પરસેવે તરબોળ બનાવી દે છે એવો અનુભવ છે.

નાનપણમાં તાવ આવતો ત્યારે, અમારાં માતાજીની 'થીઅરી' હતી કે શરીરમાંથી પરસેવો કાઢી નાખીએ તો તાવ જતો રહે અગર હલકો પડી જાય. તે પ્રમાણે, તેઓ ગરમ મસાલાનો ઉકાળો, અગર મસાલાયુક્ત ચા પાઈ દેતાં, ગરમ ગરમ જ પાઈ દેતાં, અને પછી બે-ચાર ગોદડાં ઓઢાડી દેતાં, માથેમોઢે ગોટપોટ કરી દેતાં. પાંચ છ મિનિટમાં તો શરીર પરસેવે તરબોળ બની જતું, શરીરમાંનું ઘણુંક ઝેર (અગર તાવ લાવનારું જે કોઈ તત્ત્વ હોય તે) નીકળી જતું, અને ઘણીક વાર તો પૂરી સ્વસ્થતા આવી જતી. માત્ર તાવ ખાતર વૈદ-દાક્તરને ત્યાં જવાનો રિવાજ જ અમારે ત્યાં નહોતો.

તાવ પોતે કંઈ રોગ નથી. ઘણુંખરું (માથાના દુખાવાની પેઠે) એ કોઈ બીજી ગરબડનું જ પરિણામ હોય છે. અતિ થાકથી તાવ આવે, ગૂમડું થયું હોય તેની વેળનો તાવ આવે, અપચા–કબજિયાતથી પણ તાવ આવે, તડકામાં ઝાઝું ફર્યાથી પણ તાવ આવે. શરીરનો બગાડ, કંઈ પણ વિકાર હોય તે તાવ રૂપે દેખા દઈ તમને ધમકી આપે છે કે 'અલ્યા, દેખતો નથી? કાઢ મને બહાર.' ઘણીક વાર તો, કોઈ પણ ઉપચાર વિના તાવ ત્રીજે દિવસે ચાલ્યો જ જાય છે; કેમકે શરીરને શુદ્ધ કરવાની સ્વસ્થ બનાવવાની ક્રિયા અવિરત રીતે કુદરત કર્યા જ કરે છે. (અને આપણે, સામાન્ય રીતે શરીરમાં ગરબડો ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ ચલાવ્યા કરીએ છીએ, એમ કહું તો અતિશયોક્તિ થશે? ૨૫ ૫૦ વરસ પૂર્વે થતી તેના કરતાં આજે એ પ્રવૃત્તિ વ્યક્તિગત તેમજ સમાજગત જીવનમાં અતિ વધી પડેલી લાગે છે.) પ્રાણીમાત્રમાં જે જિજીવિષા રહેલી છે તેના પરિણામ રૂપે દેહમાં એવી પ્રક્રિયા કરવાની તાકાત કુદરતે મૂકેલી છે. પણ જે તાવ એમ ને એમ ચાલ્યો જવા નિર્માણ થયો હોય છે, તાવ રૂપે જ બહાર નીકળવા મથતો હોય છે,—તેને બિનજરૂરી દવાદારૂથી આપણે દબાવી દઇએ છીએ, અને ભવિષ્યની કોઈ મોટી તકલીફ માટેનો મસાલો સંઘરીએ છીએ, ભરીએ પણ છીએ. મોટે ભાગે તો પેટના બગાડમાંથી, મળના દૂષણ યા તેમને લીધે તાવ આવે છે,—મળસંચયનો ધુધવાટો, ધુરકાટ તે જ તાવ હોય છે,—હમેશ નહિ, પણ ઘણીક વાર.

તે વેળાએ શું કરવું? શ્રાદ્ધ કરવા બેસો ત્યારે સૌથી પહેલું કરવું પડે છે 'તામ્રપાત્રે જલપૂરણમ્'! તેમ તાવ આવે ત્યારે, ગમે તે કારણ હોય તો પણ, શરીરના મળસંચયનું નિવારણ કરવું, તેનો નિકાલ કરવો એ જ પહેલું કર્તવ્ય છે, ને એ માટે સૌથી સરસ મદદગાર ચીજ આપણા દેશની ઘરઘરવ્યાપી હિંગ છે.

ખારસી બાર કે રાયણ જેટલી હિંગ લ્યો, જરા ભેળવી ઘો પાણી સાથે, ને પેટ પર કરી ઘો તેનો થથેડો. ડૂંટીની નીચે બેત્રણ ઇંચ જેટલા ભાગમાં હિંગનું કૂંડાળું કરી દેવું. થોડી જ વારમાં વાયુનું અનુલોમન થવા માંડશે. વાછૂટ થતાં પાંચદશ મિનિટમાં રેચ લાગશે.

જરા રમૂજી લાગે એવો ઉપાય હિંગનું લગન કરવાનો છે. વરરાજાની પધરામણી રાબેતા મુજબ બહારથી કરવી પડે તેમ છે. વરરાજા તરીકે છે સામાન્ય રીતે કપાળે ચોપડવામાં વપરાતો, નરજાતિનો બામ. નરજાતિ બામ ને નારીજાતિ હિંગનું લગન કરો—મિશ્રણ કરો ને તેનો થર પેટ પર ચોપડી દેશો, એટલે ઓર ઝડપે વાયુનું અનુલોમન થવા માંડશે, અને રેચની હાજત લાગશે. પેટમાંનો બગાડ બહાર નીકળવા માંડશે, એકાદ બે રેચ થવાથી સામાન્ય તાવ હશે તો નાસી જ જશે, ઊલટી પણ થશે, પણ ડરવું નહિ. બે રસ્તે બગાડ નીકળી જશે. કશું નુકસાન થવાનું નથી. થશે કંઈ પણ, તો તે લાભ જ. પેટ હલકું પડશે. ઝાડો-ઊલટી બેય થાય, તો ગભરાવું નહિ.

સને ૧૯૩૩માં એક દી' સવારે જાગ્યો—અચાનક, છાતીમાં સખત દુખાવા સાથે, અગર તેના વડે જ ન ખમાય તેવું શૂળ! ક્ષણેક્ષણે ભાલા મારે, અને બૂમ પડાઈ જાય. લગભગ લાગ્યું કે જમરાજા બારણાં ઠોકી રહ્યા છે, અને કારણ ગમે તે હોય, પણ હવે આ જગતને રામ-રામ કરવાની પાળી આવી પડી છે. સારું ભાઈ, રામરામ કરવાના જ હશે, તો તે અટકાવી શકાવાનું નથી. તો બસ કરવા માંડો 'રામરામ'! આપણા રામે 'રામરામ' જ કરવા માંડ્યું–રામસ્મરણ ચાલુ કર્યું.

પણ એમ રામસ્મરણ થઈ જતું નથી–થઈ શકતું જ નથી! ક્ષણે-ક્ષણે છાતીમાં ભાલા ચોંચાતા હોય, ત્યાં બિચારા રામનું શું ગજું કે સ્થિર ભાવે જીભ પર કે મનમાં વાસો કરે? તે વખતે, ગદ્ધાપચીશીમાં હતા, એટલે આ હિંગનો થથેડો કરવા જેટલી, યા હિંગબામ-યુગલને નોતરવા જેટલી અક્કલ આવેલી નહિ.

ચા પીધી, ઉકાળો પીધો–એવું બધું તો કર્યું ખરું. કદાચ તુલસીનો રસ પણ પીધો હોય, પણ આજે કંઇ તે સાંભરતું નથી. એમ કરી-કરી દોઢ બે કલાક કાઢ્યા, ને દાક્તર આવે ત્યાં સુધીનો વખત ગાળ્યો. દાક્તર આવી પહોંચ્યા. તેમણે કહ્યું કે 'દવા તો હું મોકલી આપું છું, (કોચણીબોચણીની વાત નહોતી નીકળી એ ચોક્કસ.) પણ તમે એટલું કરો, એનિમા લઈ લો. તે લેવાની ખૂબ જરૂર છે.'

'એનિમા' શબ્દ લખ્યો છે, કારણ બસ્તિ શબ્દ આજકાલ સમ-

જાવો મુશ્કેલ છે. દેહને પાછલે દ્વારેથી પાણી, તેલ, ઇતર પ્રવાહી દવા-દ્રવ્ય આદિ પદાર્થો, શરીરશોધનાર્થે દાખલ કરવાની ક્રિયા અસલી છે, ને તેને 'બસ્તિકર્મ' કહે છે. એ જ નામથી એકાદ ગુજરાતી ચોપડી પણ લખાએલી છે,-પાત્રીસેક વરસ પૂર્વે તે જોએલી ને વાંચેલી.

બસ સાહેબ, દાક્તરાજ્ઞા મુજબ બસ્તિ લીધી અને રેચ લાગ્યો, સારી પેઠે લાગ્યો. મળના ગઠ્ઠેગઠ્ઠા નીકળ્યા–અને માનશો? મારું શૂળ સાઠપાંસઠ ટકા જેટલું, તે જ ક્ષણે અલોપ થઈ ગયું! તેમાંની અસહ્યતા અદૃશ્ય થઇ ગઈ! અરધા ઉપરાંત રોગ ચાલ્યો જ ગયો. છવ્વીસ વરસ પરની આ વાત છે. દાક્તરની દવા બેત્રણ દિવસ લીધી હશે, એકાદબે વાર બસ્તિકર્મ કર્યું હશે, અને આપણા રામ પાછા સાજા થઈ ગયા, કામે લાગી ગયા.

એટલે મોટા ભાગના રોગોનું—સંસ્કૃતમાં તો 'સર્વેષામેવ રોગાણામ્' કહ્યું છે, બધાનું—મૂળ કારણ મળસંચય હોય છે, તેથી જ્યારે પણ કંઈ વિકાર થાય, ત્યારે પહેલું કામ આ કરવું, શરીરનું શોધન, મળનું વિસર્જન. એ માટે જ દાક્તરો ઘણી વાર પહેલે દિવસે જુલાબ આપતા હોય છે. પણ જુલાબ સારી ચીજ નથી, ખાસ કરીને જુલાબ તરીકે ઓળખાતી દવાઓ. બસ્તિ–કદીક કદીક જ લ્યો એ રીતે, ટેવ ન જ પડવા દો એ શરતે–સારી ચીજ છે; હિંગનો થથેડો મજાનો ઇલાજ છે. હિંગબ મંનો ઉપયોગ પણ સલામત છે. કદીક હરડેસંચળ જેવો ને સોનામુખી જેવો જુલાબ લ્યો તો પણ બહુ હરકત નથી. પણ એવી ચીજ માટે દવાની શોધમાં જશો જ નહિ, ને જુલાબની ટીકડીઓ–ગોળીઓ પેટમાં નાખશો જ નહિ –ડાહ્યા હો તો.

પણ ડાહ્યું છે કોણ ભઇલા? આ જુલાબ શબ્દ જ ધ્યાનમાં લ્યો, તો ઘણું ડહાપણ આવી જાય. જુલાબ શબ્દ એ ગુલાબ શબ્દનું જ બીજું રૂપ છે, ઘણી ભાષામાં 'જ' ને 'ગ' પરસ્પર અદલબદલ થતા અક્ષરો ને ઉચ્ચારો છે. ('જવું'નું ભૂત રૂપ 'ગયો' થાય છે તે રીતે.) અને આ ક્રિયાનું નામ જુલાબ પડ્યું છે કેમકે ગુલાબ–ગુલાબનું ફૂલ-રેચક છે, મળશોધક છે, ને એ કામ માટે તેને જ વાપરવાનું શરૂ થએલું હશે, તેથી એ શબ્દ બધા રેચક પદાર્થોને લાગુ પડી ગયો છે.

પણ તો પછી ગુલાબનું ફૂલ જ વાપરોને, ભાઇ! શી રીતે વાપરશો?

દેવસેવામાં આવતાં ગુલાબના ફૂલ સાચવીને સૂકવી રાખો, બાટલીમા ભરી રાખો. નહિ તો પછી ગુલાબનાં સૂકાં ફૂલ ગાંધીને ત્યાં પણ મળે છે તે બે ત્રણ પૈસાનાં લઈ આવો. જે દિવસે રેચની જરૂર હોય તે દિવસે, ચોખા ઓરતી વેળા તેમાં ગુલાબના એ ફૂલ–ચાર-પાંચેક જેટલાં આશરે આશરે,–નાખી દો. બસ. ભાત રંધાઈ જાય ત્યારે તેમા ખાંડ ને ઘી નાખી, ભેળવીને ખાઇ જાઓ. કેમ, મજા પડે તેવું છે ને! ઘણી લહેજત આવશે. જાણે બિરંજ ખાતા હો તેવી મજા આવશે. સામાન્ય કોઠાવાળાઓ માટે આ મધ્યમ પ્રકારનો રેચ છે. કદાચ સખત કોઠાવાળાને બહુ કામ ન આવે, પણ નુકસાન તો થાય જ ક્યાંથી? આમાં દવા જ ક્યાં છે?

આગળ ચાલીએ. માનશો? આજના લોકો ન માને તેવો કિસ્સો છે. તદ્દન સાચો. નામઠામ સાથે, એક વાર આયુર્વેદ મહાવિદ્યાલય-માં ભાષણ આપતાં કહેલો યે ખરો, એક મુરબ્બીનો સ્વાનુભવ છે.

તે મુરબ્બી એક વાર દાક્તરને ત્યાં ગયા: 'દાક્તરસાહેબ, કબજિયાત બહુ રહે છે. રેચ આવતો નથી. કંઇ દવા આપો.' દાક્તર હશે દર્દીથી ૭-૮ વરસે મોટા, ૪૮-૫૦ના. દર્દીની સામે જરા તાકીને, ટગરટગર જોઈ રહ્યા. પછી પૂછે: 'છગનભાઇ, કેટલી ઉમર થઇ?'

'કેમ દાક્તરસાહેબ, એવું પૂછવું પડે છે? બેંતાળીસ થયાં.' દર્દીએ અચરજ પામતાં પૂછ્યું. ત્યાં તો દાક્તરજીનો તાડૂકો સંભળાયો: 'બેંતાળીસ વરસના થયા! બેતાળાંમાં દાખલ થયા, તે કોઇ દહાડો હરડેનું નામ સાંભળ્યુંછે કે નહિ? કદી સોનામુખીનું નામ સાંભળ્યુંછે કે નહિ? શરમ નથી લાગતી, આવો રોગ લઇને આવતાં? જા.. ઓ.'

ખરેખર? 'વેપારી' તે વળી 'ઘરાક'ને ધમકાવીને કાઢે? આજના યુગમાં જ્યારે 'The Customer is always right' એવા સાઇકોલૉજીના આ યુગમાં આ વાત કલ્પી શકો છો? સાચી માની શકો છો? જેવી મરજી: છે તદ્દન સાચી. દાક્તરે ટોળા કાઢી દર્દીને ધમકાવ્યો; 'કાઢી મૂક્યો' તો નહિ કહું; કેમકે જીવનભર એ 'ધમકાવણી' દર્દીએ યાદ રાખી–ખૂબ કૃતજ્ઞતાથી, માનપૂર્વક, પૂજ્ય ભાવે.

નામ જાણવું જ છે એ દાક્તરનું? સ્વ. ડૉ. મગનલાલ મોતીરામ મહેતા. આવી પ્રામાણિકતા લોકોને હૈડે ચોડી રાખવા લાયક ગણાય.

પણ હરડે, સોનામુખી કે એવા જુલાબ પણ કદીક જ લેવા; વારંવાર હરડે કે ત્રિફળા ફાકયા કરવાનું પણ ઇષ્ટ નથી. ઇષ્ટ તો એ છે, કે ખોરાકની કાળજી એવી કર્યા કરવી કે પેટની ગરબડ માત્ર શાકભાજીના ફેરફારો વડે ફળફળાદિ કે કઠોળાદિના જરૂરી ઉપયોગ વડે જ ટળ્યા કરે, શરીરનું શોધન થયા કરે.

સને ૧૯૩૦ના જુલાઇની ૧૧મીએ અમને ૨૫-૩૦ કેદીઓને સાબરમતી જેલમાથી થાણાની જેલમાં લઈ ગયા; ને હું તો દુઃખીદુઃખી થઇ ગયો. થાણાનું પાણી અતિ પથ્થરિયાળું, અતિ બધક, સખત કબજિયાત કરનારું. સાબરમતીમાં તો એ વાતનું મને ઠીક સુખ હતું, સુરતમાં પેર નહોતું તેટલું. પણ થાણામાં તો દશા કફોડી થઇ ગઈ. સદ્ભાગ્યે ત્યા શાકભાક મળતાં, ગુવાર પણ મળતી; ને ગુવારાદિ શાકનો રસો હું સારી પેઠે પીતો. આમ છતાં કોયડો ઊકલતો નહિ.

ત્યારે જેલના દાક્તરે મારે માટે નવી જાતનો જુલાબ યોજી આપ્યો—જેલબહારિયાંની કલ્પનામાં પણ ન આવે એવો. જેલવાસો હતો કે સાસરવાસો, એવો સવાલ પેદા કરનારો! દાક્તરે મારે માટે બે કેળાં 'પ્રિસ્ક્રાઇબ' કર્યા. કેદી નં. ૯૧૮૭ની પોથીમાં લખ્યું કે 'એને રોજ રાત્રે બે કેળાં આપવાં.' ને સાહેબ, બ્રિટિશ સરકારના કેદખાનામાં, જેલના બગીચામાથી, રોજ સાંજે બે એલચી–કેળાં મારે માટે આવતાં. એક કેદીને માથે જ એ ફરજ નંખાઇ ગઈ, તે રોજ મને બે કેળા આપી જતો. અમને 'બ' વર્ગના કેદીઓને રોજ સાંજે થોડુ દૂધ મળતુ, (સાબરમતીમાં ગુર્જર કેદીઓ એ મળવા છતાં લેતા નહિ. થાણામાં તો મહારાષ્ટ્રીય કેદીઓ લેતા જ, તેમની વચ્ચે થોડા ગુર્જર કેદીઓ જઇ પડ્યા, ને ભાઈચારા ખાતર ત્યાંનો ખોરાક કબૂલી લીધો.) તે દૂધમાં, કેળાં છૂંદીને ભેળવી દેવાનાં, પા અરધો કલાક રાખી મૂકવાનાં, ને સૂતાં પૂર્વે ખાઇ જવાનાં, જુલાબ માટે. કેમ? કેવી સરસ દવા?

કેળા ને દૂધ–બે નાન્યેતરોનું આ લગન, મરાઠીમાં 'કળીંચે શિકરણ' કહેવાય છે, જે ગુજરાતીઓ એ ખાય છે તેઓ એને કેળાનો શિખંડ કહેતા થયા છે, પણ એ લગનમાં એક નવાઇભરી ખાસિયત છે. કેળાં ઠંડા ગણાય છે, ને છે પણ ખરાં. બેત્રણ વરસ પૂર્વે સાંજે કે રાત્રે કેળું ખાવાની હિંમત હું કરી શકતો નહિ, ભૂલથી ખવાઇ જાય તો બીજી સવારે માથામાં દુખાવો, શરદી દેખા દેતાં. અસંખ્ય વેળા એ પ્રકારે કેળાં સાંજે–રાત્રે ખાવાનું પ્રલોભન મારે ટાળવું પડ્યુ છે. એકબે વરસથી હવે એ તકલીફ નથી, રાત્રે કેળું ખાઈ શકું છું. પણ કેળાં ઠંડાં ને શરદીકારક છે એમા તો શંકા નથી. બીજી બાજુ દૂધ પણ ઠંડુ લેખાય છે. આમ છતાં દૂધ કેળાંનું ઉપરલખ્યા પ્રકારનું મિશ્રણ, તેનો રાત્રે નવ દસ વાગ્યે ઉપયોગ, જરાપણ શરદી કરતો નથી, ઠંડો પડતો નથી. રેચ આપે છે, એટલું જ નહિ પણ શરીરનો થાક ઉતારવામાં પણ સારું કામ આપે છે. એવી સ્પષ્ટ અસર હું માપી શક્યો છું.

સોનામુખીનો એક ફક્કડ પ્રયોગ જાણમાં આવ્યો છે, અને જાતે તો જરતરા કરી જ જોયો છે, પણ બીજા પાસે કરાવ્યો તેનો ય સંતોષકારક જવાબ મળ્યો છે. એની શરત છે ખરી: તે દહાડામાં બેચાર પાનપટ્ટી ખાવાની. તમે દહાડામાં બેચાર પાનપટ્ટી ખાતા હો, તો તેમાં દર વેળા ચારપાંચ પત્તી સોનામુખી-મીંઢીયાવળની નાખતા જાઓ. સ્વાદમાં કશો ફેર પડશે નહિ, અને ધીમેધીમે તમારું શરીર કબજિયાતમાંથી મુક્ત થઇ જશે. ચાર પત્તી લેવી કે છ-આઠ પત્તી નાખવી, એ તમારા પોતાના કોઠા મુજબ ગોઠવી લેવું. દરેક પટ્ટીમાં ઉપયોગ ન કરવો હોય તો દહાડામાં બે-ત્રણ પટ્ટીમાં નાખવાનું રાખો. પણ એથી ખરેખર લાભ થશે. યાદ એટલું રાખજો કે સોનામુખીની પત્તી-ફક્ત પાંદડી જ લેવાની છે, તેની ડાંખળી કે તણખલાં જરા પણ ન આવી જાય તેનું ધ્યાન રાખજો. નહિ તો પેટમાં અમળાશે ને વાંક સોનામુખીનો નીકળશે. એટલે કે પત્તીને પહેલેથી સાફ કરી રાખવી જોઇએ. નાની સરખી પણ તણખલી-ડાંખળી એમાં ન ઘૂસી જાય એવી તકેદારી રાખ્યા વિના આ પ્રયોગ કરવાનો નથી. પાનના દાબડામાં એકાદ ડબ્બી સોનામુખીની સાફ કરેલી પત્તીની રાખવી, આપણે જેમ કાથા-ચૂનાની ડબ્બી એમાં રાખીએ છીએ તેમ. એટલે પછી આ પ્રયોગ વગર મહેનતનો, સહેલો અને સાવ સીધો બની જશે.

ખબર પડ્યા વગર જ કબજિયાતનો ઉપાય સમગ્ર કુટુંબને મળ્યા કરે એવો પણ અતિ સહેલો પ્રયોગ છે; તે છે રોટલીની કણક બાંધતી વેળા તેમાં જ દિવેલનું મ્હોવણ થોડુંક નાખી દેવાનો. તેલનું મ્હોવણ તો નંખાય જ છે, તેને બદલે અગર સાથે વધારામાં અનુકૂળ પડે તો તેમ, ને તેટલું આ મ્હોવણ નાખવું. એના કશો સ્વાદ રોટલી, પૂરી કે ભાખરીમાં આવતો નથી કે આવવાનો નથી—આજે તેલ નંખાય છે તેનો આવતો નથી તેમ. એમ છતાં એ રીતે ધીમેધીમે બહુજ પ્રમાણમાં પેટમાં જતું દિવેલ આંતરડાંમાં ચિકાશ રાખ્યા કરશે અને તેની મળવિસર્જન શક્તિને સક્રિય કરશે. કેટલાંક જાણવાળી ઘરોમાં આ ઉપાય—આ સહેલી કરામત ચાલુ છે, પણ ઘણાંને એની જાણ નથી. બાકી જે ગામોનાં પાણી બાધક હોય છે ત્યાં આ ઘરઘરવ્યાપી બનાવી દેવા જેવો રિવાજ છે. જે એક કુટુંબનો આવો રિવાજ પરાપૂર્વથી ચાલુ જોયો છે, તેમાં સારું નરવાપણું નજરે પડ્યું છે.

શોધતા રહો, થોડાથોડા શાકભાજીના પણ પ્રયોગ કરતા રહો, તો આવા સહેલાસૂતરા ને આનંદદાયક જુલાબો ઘણા મળી આવશે. વણજુલાબિયા આવા જુલાબોનો પાર નથી. ચોળાઈનું શાક, કોબી, મોગરી, ચીભડાં જેવાં શાકનો ફક્ત વઘારીને જરાય બળ ફર્યા વિનાનો ઉપયોગ, રાત્રે શિંગશાકોનો વાજબી ઉપયોગ, કેવળ મગની દાળનાં ઢોકળાં (બાફીને કરેલા) અગર ચણાની દાળનાં, એવા એવા ઘણા નુસખા મળી શકે તેમ છે. બાળકોને—અર્ભકને બસ્તિમાં દિવેલનું પૂમડું આપવાનો રિવાજ ભુલાતોભુલાતો પણ હજુ થોડોઘણો ટકી રહેલો છે. છેક જતો નથી રહ્યો, એમ ધારવું છે. મોટાઓ પણ કદીકદી તેનો આશરો લઈ શકે છે, લાભ પામી શકે છે.

માટે ગાંઠ વાળી દો મનમાં તે એક જ, ને ન છૂટે તેવી કે કંઇ પણ ગરબડ દેખાય તો પહેલાં શરીરનું શોધન કરવું, ને તે વણજુલાબિયા જુલાબ વડે. પછી જ બીજો કંઇ પણ વિચાર કરવો. બાટલી હાથમાં લઇને દેડવાની વાત મુલતવી રાખવી.

[સરનામું: 'ગાંડીવ' કાર્યાલય, હવાડિયો ચકલો, સૂરત. જવાબ માટે ટિકિટ બીડવી જરૂરી છે.]

અનુસંધાન] બેરિંગ અને ચિરિકોવની સફર [પૃ. ૧૪૦થી

શિયાળાની ધ્રુવપ્રદેશની અસહ્ય ઠંડી દિવસે દિવસે વધવા લાગી. એટલે એક પછી એક તેમને બધને જ રક્તક્ષયની અસર થવા લાગી. બધા જ માંદા પડ્યા એટલે સારવાર કરનાર કોઈ રહ્યું નહિ. વહાણનું સુકાન સંભાળવા માટે એક નહિ પણ ચારપાંચ શક્તિવાળા માણસો સાથે બેસતા. ચિરિકોવ પોતે પણ પથારીવશ બની ગયો હતો. રક્તક્ષયે રોજ એકબે માણસોનો ભોગ લેવાનું શરૂ કર્યું. એથી આખા વહાણમાં અરેરાટી વ્યાપી ગઈ. કોઈક દિવસ એક, કોઈક દિવસ બે, તો કોઇક દિવસ ત્રણ મૃતદેહો દરિયામાં ફેંકાતા ગયા. પોતાના સાથીદારો એક પછી એક વિદાય લેવા લાગ્યા તેથી અને પોતે બધા પણ પથારીવશ બની ગયા હતા તેથી વહાણમાં કરુણ સૂનકાર વ્યાપી ગયો. વાતચીત કે ઘોંઘાટનું કંઇ નામ ન હતું. માત્ર તેઓ શ્વાસોચ્છ્વાસ લેતા હતા એટલી જ ક્રિયા કે પ્રવૃત્તિ વહાણમાં થઈ રહી હતી. ચાર-પાંચ માણસો સિવાય તેમના બધામાં એવી અશક્તિ આવી ગઇ હતી અને તાવની પીડાને લીધે તેમનું મગજ એટલું બહેર મારી ગયું હતું કે પછી તો કોના મૃતદેહો દરિયામાં ફેંકાય છે અને કોની અંતિમ ઘડીઓ ગણાય છે એટલું જાણવાની વૃત્તિ પણ તેમને થતી નહોતી. તેમની સાથે વહાણ પણ જાણે માંદું પડી ગયું હોય એમ મંદમંદ ચાલતું હતું. એના સઢ ફાટી ગયા હતા. હલેસાં સડી ગયાં હતાં. પતરાં ખવાઈ ગયા હતાં.

અને એક દિવસ મડદાલ માણસની જેમ લથડિયા ખાતુંખાતું 'સેંટ પૉલ' વહાણ કામચાટકાના અવાચાના જે કિનારેથી ઊપડ્યું હતું ત્યાં ચૂપચાપ આવીને પડ્યું. કોઇ પણ વહાણ કિનારે આવી પહોંચતાં જે ઘોંઘાટ, ઉતાવળ અને દોડધામની પ્રવૃત્તિ મચે છે એવી કોઇ પ્રવૃત્તિ 'સેંટ પૉલ'માં મચી નહોતી. સાધારણ હાલવાચાલવાની શક્તિવાળા બેચાર માણસો સિવાય બીજા બધા જ એમાં પથારીવશ હતા. શક્તિવાળા માણસોએ અવાચાનો કિનારો આવી પહોંચ્યાના સમાચાર આપીને બધાને ઢંઢોળવાનું, જગાડવાનું શરૂ કર્યું. એટલામાં કેટલાક સ્થાનિક માણસો પણ આવી પહોંચ્યા. તેઓ વહાણમાંથી માણસોને કિનારે લઈ જવા માટે કેટલાંક હોડકાં તાબડતોબ લઈ આવ્યા. કેટલાંક હોડકાં ત્યાં કિનારે જ પડ્યાં હતાં. વહાણમાંથી એક પછી એક માણસને ઝાલી ઝાલીને ઉતારવામાં આવ્યા અને કિનારે લઇ જવામાં આવ્યા. અવાચાનો કિનારો જોતાં કેટલાકમાં ઉત્સાહ અને જુસ્સો આવ્યો. ચિરિકોવને કિનારે ઉતારવામાં આવ્યો, પરંતુ હજુ તે પથારીવશ જ હતો. ફ્રેન્ચ ખગોળશાસ્ત્રીને ઉતારીને બે માણસો કિનારે લઈ જતા હતા ત્યાં અવાચાના કિનારે પગ મૂકતાં જ એણે દેહ છોડ્યો. રક્તક્ષયનો ભોગ બનનાર તે એકવીસમો હતો.

અવાચાના કિનારે વહાણમાંથી પંચાવન જીવતા માણસો ઊતર્યા. જે જીવતા ઊતર્યા તેમાં પણ ચિરિકોવ સુદ્ધાં બીજા ઘણાની સ્થિતિ એવી હતી કે તેઓ થોડાક દિવસ, થોડાક મહિના કે બહુબહુ તો થોડાક વરસ જીવે એટલી જ આશા હતી.

અવાચાના કિનારે ઊતરતાં તેઓ બધાને મૃત્યુના પંજામાંથી મુક્તિ મળ્યાનો આનંદ હતો. પરંતુ છેલ્લા એક મહિનામાં તેમને માથે જે જે દુઃખો પડ્યાં હતાં એથી તેમના હૃદય એટલાં બધાં ભરાઈ ગયાં હતાં કે કિનારે પગ મૂકતાંની સાથે એકેએક માણસ પોકેપોકે રડી પડ્યો. એમનું દૃશ્ય ખરેખર કરુણ અને હૃદયદ્રાવક હતું. (ચાલુ)

આહાર અને આરોગ્યનો ૪થો હપતો

ગરમી શક્તિ અને ઉષ્ણતા

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

કામકાજ પ્રમાણે શક્તિની જરૂરિયાત જાણ્યા બાદ આપણા ખાદ્ય પદાર્થોનાં શક્તિમૂલ્ય પણ જાણવાં રહ્યાં, જેથી પૂરતો ઉષ્ણાંક મેળવવા શું અને કેટલું ખાવું તેનો સ્પષ્ટ ખયાલ આવે. આહારશાસ્ત્રનાં પુસ્તકોમાં ખાદ્ય પદાર્થોનાં શક્તિમૂલ્યો આપેલાં હોય છે. ડૉ. રાધાકૃષ્ણ રાવની 'રોડ ટુ ગુડ ન્યૂટ્રિશન' નામની પુસ્તિકા પ્રમાણે સામાન્ય ખાદ્યોના એક ઔંસ પ્રમાણમાં કેટલા ઉષ્ણાંક છે તે બાજુના કોઠામાં ખાદ્ય પદાર્થોના નામની સાથે આંકડા મૂકીને દર્શાવ્યું છે. અને ૧૦૦ ઉષ્ણાંક ગરમી આપતાં ખાદ્યોની યાદી આ રહી:

(૧) કોઈ પણ શુષ્ક ધાન્ય કે કઠોળ-૧ ઔંસ; (૨) ઘી કે વનસ્પતિ-તેલ-૧ તોલો; (૩) ખાંડ કે ગોળ-૧ ઔંસ; (૪) બટાટા-૪ ઔંસ, રતાળુ-૩ ઔંસ, શકરિયાં-૩ ઔંસ; (૫) તાંદળજાની ભાજી, ગાજર, કાંદા ને ભીંડા-૮ ઔંસ; (૬) કુંભીજ, પાલખની ભાજી, ટમેટાં, નોલકોલ-૧૨ ઔંસ; (૭) નારંગી, પપૈયાં-૯ ઔંસ, કેરી-૭ ઔંસ, જામફળ-૫ ઔંસ, કેળાં-૨ા ઔંસ; (૮) બદામ, મગફળી ને તલ-૧ા તોલો, કોપરાં-૨ તોલા; (૯) ગાયનું દૂધ-૬ ઔંસ, ભેંસનું દૂધ-૩ ઔંસ, ચીઝ-૧ ઔંસ; (૧૦) મધ-૧ તોલો, સાબુચોખા-૧ તોલો, શેરડીનો રસ-૯ ઔંસ, નાળિયેરનું પાણી-૧ા શેર; (૧૧) માખણ-oા ઔંસ. આવાં કોષ્ટકો ઉપરથી ખોરાકની પસંદગી કરવાનું સુલભ બને છે, ખાસ કરીને જેને શરીરનું વજન વધારવું કે ઘટાડવું હોય તેને.

જુદાજુદા ધંધામાં પડેલા માણસોની રોજિંદી શક્તિનો વ્યય જાણવાથી આ શક્તિ ભરપાઇ કરવા માટે ખોરાકનું પ્રમાણ પણ જાણી શકાય છે; કારણકે બંને ઉષ્ણાંકમાં મપાય છે. આહારનું માપ ઉષ્ણાંકના માપમાં અનુમાનવામાં આવે છે. આપણા દેશ માટે આહારશાસ્ત્રીઓની સમિતિએ નીચે મુજબ ઉષ્ણાંકની ભલામણ કરેલી છે:

જાતિ	વજન	કામનો પ્રકાર	ઉષ્ણાંક
પુરુષ	૧૨૦ રતલ	અ હળવું અથવા બેઠાડુ કામ	૨૪૦૦
		બ સાધારણ મહેનતનું કામ	૩૦૦૦
		ક ભારે મજૂરીનું કામ	૩૬૦૦
સ્ત્રી	૧૦૦ રતલ	અ હળવું અથવા બેઠાડુ કામ	૨૧૦૦
		બ થોડી મહેનતનું કામ	૨૫૦૦
		ક ભારે મજૂરીનું કામ	૩૦૦૦
		ડ સગર્ભાવસ્થા	૨૧૦૦-૨૪૦૦
		ઇ બાળકના સ્તનપાન વખતે	૨૭૦૦-૩૦૦૦
યૌવનારંભે કુમાર અને કન્યા માટે			૨૪૦૦
બાલ્યાવસ્થામાં	૧-૨	વર્ષની ઉમર	૭૨૦
	૨-૩	„ „	૯૬૦
	૩-૫	„ „	૧૨૦૦
	૫-૭	„ „	૧૪૪૦
	૭-૯	„ „	૧૬૮૦
	૯-૧૧	„ „	૧૯૨૦
	૧૧-૧૨	„ „	૨૧૬૦

આહારશાસ્ત્રની તપાસણીમાં ૩૦૦૦ ઉષ્ણાંકનું માપ ચલણી બન્યું છે, તે અગાઉના વૉઈટ, એટવૉટર અને રૂબનર જેવા વિજ્ઞાનીઓએ સ્વીકારેલું છે, પણ આધુનિક વલણ આનાથી ઓછું માપ સ્વીકારવાનું છે. લીગ ઑવ નેશન્સની 'હેલ્થ ઑર્ગેનિઝેશન'ની 'કૉન્ફરન્સ ઑન સ્ટાન્ડર્ડ્ઝ' ૩૦૦૦નો આંક ઊંચો ગણી ૨૭૦૦થી ૨૮૦૦નો સ્વીકાર્યો છે, જ્યારે 'હેલ્થ ઑર્ગેનિઝેશન'ના 'ટેકનિકલ કમિશન'ના છેલ્લા રિપોર્ટમાં છે કે 'શારીરિક શ્રમમાં ન પડેલાં પુખ્ત વયનાં સ્ત્રી કે પુરુષ માટે રોજિંદો ૨૪૦૦ ઉષ્ણાંક પૂરતો છે.' આને પાયારૂપ સ્વીકારી બીજી ઉમરનાંને માટે માપ નક્કી કરવામાં આવ્યાં છે. પુરુષના હળવાથી તે મધ્યમસરના કામ માટે ખાદ્ય વસ્તુઓમાંથી પ્રાપ્ત થતા કુલ ઉષ્ણાંકનો આ આંકડો ૨૮૦૦થી ૩૦૦૦ સુધી સ્વીકારવામાં આવ્યો છે.

	ખાદ્ય	ઉષ્ણાંક		ખાદ્ય	ઉષ્ણાંક
	શુકધાન્ય	૯૮		સૂકાં ફળ	૮૨
	કઠોળ	૯૬		ખાંડ અને ગોળ	૧૧૦
	ઈંડાં	૪૯		તેલીબિયાં અને કોચલાંવાળાં ફળ	૧૬૮
	માંસ	૪૦		માખણ	૨૧૨
	મચ્છી	૨૬		ઘી	૨૫૦
	ભેંસનું દૂધ	૨૫		વનસ્પતિ તેલો	૨૫૨
	ગાયનું દૂધ કે પાવડરનું દૂધ	૧૮		શેકેલી મગફળી	૧૫૯
				મગફળીનો લોટ	૧૨૨
	સ્કિમ્ડ મિલ્ક	૧૦		રાજગરો	૧૦૪
	શાકભાજી ને ફળો	૧૬		બાવટો ને કોદરા	૮૭
	કંદમૂળ	૨૦		સાબુદાણા	૧૦૦

શારીરિક શ્રમમય કામકાજ માટે નીચેનો વધારો મૂળભૂત જરૂરિયાતમાં ઉમેરવાથી વ્યક્તિને આવશ્યક ઉષ્ણાંકનો આંક નક્કી થાય છે:

હળવા કામ માટે દર કલાકે	૭૫ ઉષ્ણાંક
સાધારણ કામ માટે દર કલાકે	૭૫-૧૫૦ ઉષ્ણાંક
ભારે કામ માટે દર કલાકે	૧૫૦-૩૦૦ ઉષ્ણાંક
ઘણા ભારે કામ માટે દર કલાકે	૩૦૦ કે વધારે ઉષ્ણાંક

હિંદ જેવા ગરમ દેશમાં મૂળભૂત જરૂરિયાત દશ ટકા ઘટાડતાં બેઠાડુ જીવન ગુજારતા ભારતીને ૨૧૫૦ ઉષ્ણાંક જોઇએ. છ કલાકના સાધારણ કામ માટે આ આંકડો આશરે ૨૩૦૦ સુધી લઈ શકાય. ખેતીવાડીના કે મજૂરીના હળવા કામમાં રોકાએલા સરાસરી ભારતીને માટે રોજના ૨૫૦૦-૨૬૦૦ ઉષ્ણાંકની જરૂરિયાત આંકવામાં આવી છે. ભારે શ્રમ ઉઠાવનાર માટે ૨૮૦૦-૩૦૦૦ ઉષ્ણાંક જોઇએ. ધ્યાનમાં રાખવાનું

છે કે ગરમ પ્રદેશમાં નાના કદના માણસ કરતાં ઠંડા પ્રદેશમાં મોટા કદના માણસને સરખું શ્રમભર્યું કામ કરવા માટે વધારે ખોરાક જોઈએ છે.

૧૫૪ રતલ વજનના સુથાર માટે ડૉ. એકૉઇડ શક્તિની જરૂરિયાત મુજબ રોજિંદા ઉષ્ણાંક આ પ્રમાણે ગણાવ્યા છે:

૬૫ ઉષ્ણાંક પ્રમાણે ઊંઘના એક કલાક લેખે ઉષ્ણાંક	૫૨૦
૧૭૦ ઉષ્ણાંક પ્રમાણે બે કલાકની હળવી કસરતના ઉષ્ણાંક	૩૪૦
૨૪૦ ઉષ્ણાંક પ્રમાણે આઠ કલાકના સુથારી કામના ઉષ્ણાંક	૧૯૨૦
૧૦૦ ઉષ્ણાંક પ્રમાણે છ કલાકનું આરામભર્યું બેસવાના ઉષ્ણાંક	૬૦૦
આખા દિવસની જરૂરિયાત: ઉષ્ણાંક	૩૩૮૦

ઉપર દર્શાવેલા ઉષ્ણાંકના આંક બાંધેભારે આપેલા છે. શરીરનો બાંધો, જિંદગીની ટેવો, અને બીજાં કારણો જુદાં પડતાં હોવાથી એક માપ બધાને લાગુ પાડી ન શકાય. ઉષ્ણાંકની જરૂરિયાતોનાં માપ વ્યક્તિ કરતાં સંસ્થાને વધારે લાગુ પડે છે. ધંધો, કામગીરી અને આબોહવાનો ઉષ્ણાંકની જરૂરિયાત સાથેનો સંબંધ ખસૂસ ધ્યાનમાં રાખવાનો છે.

આહારનાં શક્તિમૂલ્યો જોઈ રોજિંદા આહારનું કોષ્ટક ગોઠવવું સામાન્યજન માટે અઘરું છે. બેઠાડુ જીવન ગુજારનારને રોજિંદા ૨૪૦૦ ઉષ્ણાંક મળે એવા આહારનું પ્રમાણ આ રહ્યું:

ઘઉં, બાજરી, મકાઈ, ચોખા	૧૨ ઔંસ
કોઇ પણ જાતનું કઠોળ	૩ ઔંસ
લીલોતરી શાકભાજી (જેવાં કે ઘિલોડાં, ભીંડા, કારેલાં, દૂધી, કોળું વગેરે)	૬ ઔંસ
પાંદડાંવાળી ભાજી	૪ ઔંસ
ઘી અને તેલ	૨ ઔંસ
દૂધ	૪ ઔંસ
ખાંડ ને ગોળ	૧ ઔંસ
ઋતુનું કોઈ પણ ફળ	૨ ઔંસ

પૂરતા ઉષ્ણાંકવાળા આહારથી આરોગ્ય જળવાય છે, આયુર્મર્યાદા લાંબી થાય છે. આહારશાસ્ત્રી હચિન્સનનું કથન છે કે દક્ષિણ હિંદ ને આસામમાં લોકોને રોજ ૨૦૦૦ ઉષ્ણાંક આહાર મળે છે જ્યારે ઉત્તર હિંદમાં આનાથી વધારે છે. હિંદમાં નવજાત શિશુની આયુ-અપેક્ષા ૨૭ વર્ષની છે, જ્યારે ઇંગ્લંડમાં તે ૬૧ વર્ષની છે. આમાં અગત્યનું એક કારણ પ્રજાને રોજિંદા મળતા આહારના ઉષ્ણાંકનો તફાવત છે.

આહારમાં ઉષ્ણાંકનું મહત્ત્વ છે. ઓછા ઉષ્ણાંકવાળો આહાર એ ભૂખમરો છે. આ સ્થિતિ વખતે મનમાં ભૂખના વિચારો ઘૂમ્યા કરે છે. પણ અનુભવે બતાવ્યું છે કે માણસો અપૂરતા આહારને અનુકૂળ થઈ જવાથી થોડા ભૂખ્યા હોવાનું ભાગ્યે જ અનુભવે છે. કહેવાય છે કે વ્યક્તિમાત્રની ખોરાકની પસંદગીમાં પ્રેરણા ભાગ ભજવે છે. જો આ સત્ય હોય તો તે ઉષ્ણાંકની પસંદગીમાં ખસૂસ વ્યક્ત થાય છે. આપણા શરીર વિષેની કોઇ અગમ્ય યોજનાથી આપણી ટેવો અને રિવાજ સાથે સુમેળ સધાવાથી આપણે યોગ્ય આહારની પસંદગી ભણી આપોઆપ ઢળીએ છીએ. કોઇક વ્યક્તિ ૨૦-૩૦ વર્ષ પર્યંત એકધારું વજન જાળવી શકે તે આ કોઈ અગમ્ય સ્વનિયંત્રિત યોજનાને લીધે જ.

પુખ્ત વયના માણસનું સ્થિર રહેતું વજન એ પૂરતા પ્રમાણમાં મળતા ઉષ્ણાંકનું સૂચક છે. પણ બાળક અને કિશોરનું વજન વધતું રહેવું જોઇએ. જો તેમનું વજન સ્થિર રહે તો તે અપૂરતા મળતા ઉષ્ણાંકનું દર્શક છે. તેમના શરીરની વૃદ્ધિ થતી હોવાથી પૂરતા ઉષ્ણાંક સાથે પ્રોટિન આહારનું પણ મહત્ત્વ છે. સગર્ભા અને ધાવણ આપતી સ્ત્રીઓને પણ આ હકીકત લાગુ પડે છે. જ્યારે વૃદ્ધોને ઓછા ઉષ્ણાંક જોઇએ છે. ચાલીસ-પિસ્તાલીસની વય બાદ ઉષ્ણાંકમાં ઘટાડો કરવાથી વજન વધતું અટકી આરોગ્ય જળવાય છે. માટે આ ઉમરે ખોરાક ઘટાડવો જોઇએ. આમ આબાલવૃદ્ધ સૌના આહારમાં ઉષ્ણાંકનું મહત્ત્વ છે.

શારીરિક કામ વધતાં વધારે ઉષ્ણાંક ખોરાક અને વધારે ઉષ્ણાંક ખોરાકથી શરીરના વજનનો વધારો, આવો કોઈ ખાસ નિયમ જેવું નથી. સખત કામ કરનાર જેટલું જ સાધારણ કામ કરનાર ખાય, છતાં ય તેનું વજન વધતું નથી, જ્યારે બીજો માણસ હળવા કામમાં ત્રણ હજાર ઉષ્ણાંક કરતાં પચીસ ટકા ઓછું ખાય છતાં તેનું વજન વધે છે. આહારશાસ્ત્રીઓએ નિખાલસતાથી આ રહસ્ય ન ઉકેલાયું હોવાનું સ્વીકાર્યું છે. હચિન્સન કહે છે, 'આહારની બાબતમાં દરેક વ્યક્તિ આગવી છે. જ્યાં સુધી તેનાં વજન અને કામગીરીમાં ફેર ન પડે ત્યાં સુધી ઓછામાં ઓછી જરૂરિયાત કરતાં પણ થોડું ખાવું એ ખોટું કે બિનમાફકસરનું હોવાનું આપણે કહી ન શકીએ. આત્મનિરીક્ષણ દર્શાવે છે કે જ્યાં સુધી માણસ તંદુરસ્ત છે ત્યાં સુધી એની ભૂખ જરૂરિયાત પ્રમાણે પ્રમાણસર ખોરાક લેવા પ્રેરે છે.'

ઉષ્ણાંક વિષે વધુ લખતાં હચિન્સન લખે છે, 'સરાસરી સ્ત્રી ને પુરુષ માટે આપણે ૨૨૦૦ અને ૩૦૦૦ ઉષ્ણાંક સંતોષકારી લેખીએ. સાથેસાથે એ પણ સ્વીકારવું જોઇએ કે વધારે કે ઓછું ખાવાનો ભય ઉપજાવ્યા વિના કોઈ પણ વ્યક્તિનો આહાર આ આંક કરતાં ઘણો વધારે કે ઓછો હોઈ પણ શકે. સરાસરી પ્રમાણ કરતાં ૧૦ ટકા ઓછા કે વધારે ખોરાકથી વ્યક્તિના આરોગ્ય ઉપર અસર પડવાની શંકા ઊઠે ખરી, પણ કુલ જીવનક્રિયાની તપાસમાં દરેક માણસ આગવો નીવડે છે. ઉષ્ણાંકના નિશ્ચિત ધોરણ કરતાં વ્યક્તિ ૪૦ ટકા નીચી કે ૬૦ ટકા વધારે હોય, છતાં ય તે સંપૂર્ણ તંદુરસ્ત લાગે છે.'


જાણવા જેવું છે કે ઉષ્ણાંકમૂલ્યોની દૃષ્ટિએ આહાર પૂરતો હોવા છતાં ય પોષણની દૃષ્ટિએ અપૂરતો હોઈ શકે. એટલે આહારની કિંમત આંકવામાં એકમાત્ર કસોટી ઉષ્ણાંક ન હોઈ શકે. કૅથાટે આવા ભાવનું લખે છે, 'શક્તિની માંગ સંતોષે એને પોષણ ગણવાનું કોઇ નહિ વિચારે. આહારના જથ્થામાં ઉષ્ણાંકનું સ્થાન ગૌણ છે. આપણે ઉષ્ણાંક ઉપર જીવતા નથી. છતાં ય આપણા આહારના જરૂરિયાતો યોગ્ય રીતે ઉષ્ણાંકની ગણતરીએ થાય છે. આહારની આંકણી માટે ઉષ્ણાંક એ સગવડભર્યું ભૌતિક સાધન છે. સાચું છે કે ઉષ્ણાંક એ ગરમીનું માપ છે. પણ ભૂલવા જેવું નથી કે આપણે હીટ એન્જિનની જેમ ગરમીનાં એકમો વાપરતા નથી, પણ ગરમી આપનારા પદાર્થો વાપરીએ છીએ, જે છેવટે ગરમીમાં પરિણમવાથી એ રીતે માપવામાં આવે છે.'

આમ નક્કી થાય છે કે ઉષ્ણાંક એ પોષણનું માપ નથી.

ઓગણીસમી સદીના યુરોપ-અમેરિકાના આહારશાસ્ત્રમાં ઉષ્ણાંક એ પોષણનું માપ થઇ બેઠું હતું. પણ પછી વિજ્ઞાનની નવી શોધોથી ઉષ્ણાંકનું મહત્ત્વ ઘટી જઈ મર્યાદિત પદ ઉપર આવ્યું છે. આહારની જરૂરિયાતનાં ધોરણો નક્કી કરાયાં છે, જે આગળ ઉપર જોઇશું. તેને અનુસરવાથી પૂરતા સંતોષ ને કાર્યદક્ષતાના ઉચ્ચ ધોરણ સાથે શક્તિશાળી ને તેજસ્વી જીવન ગુજારી શકાય છે, આરોગ્ય અને રોગ સામે પ્રતિકારશક્તિ પ્રાપ્ત થાય છે. સપ્રમાણ આહારનું આ જ મહત્ત્વ છે. ◘

પચ્ચીસ વર્ષ પહેલાં

ચૈત્ર
૧૯૯૧
અંક
૧૩૬



આથમણી બારી

(અંજની અને મિશ્ર)

ઉત્તરદખ્ખણઅને ઊગમણાં,
ભલે ભીડજો બારીબારણાં,
એક રાખજો ખુલ્લી મારી
આથમણી બારી.

પ્રકાશના સ્વારી વધાવવાને
ના પૂર્વ કે ઉત્તર દખ્ખણે જવાં
પડે, હસીને દિશ સવ ઉલ્લસી
ઝીલી રહે સિંચન તેજપ્રાણના.
રે, કિંતુ આ ઓસરતા પ્રકાશે
દિશા નિચોવાઈ જતી બધી લહું,
એ અસ્ત થાતી રવિની પ્રભાને
ધારી રહે પશ્ચિમ એકલી જ.
છેલ્લી કળા એ કિરણોની જોવા
છે કામની આથમણી જ બારી,
એના સુના હું વિરમી ફલકમાં
જોઈશ આ આથમતી જ જિંદગી.
સ્નેહીસગાંનાં ભંડારમાંથી
લહ્યું બધું જીવન ઝીલી ખીલતું.
ત્યાં આથમંતું જગત નિહાળવા
પ્રાર્થું છું હું અંતરબારી કોઈની.
હૃદય બંધાર તણા સુખભરને
ભલે ભિડાતાં દ્વાર જીવને,
કોક ખુલ્લી પણ રહેજો મારી
આથમણી બારી

સુન્દરમ

સૂર્યના ઉદયકાળે તો બધી દિશાની બારીઓમાંથી પ્રકાશ મળી રહે છે, પણ અસ્તસમયે પશ્ચિમની જ બારીનો આશ્રય લેવો રહ્યો. તે રીતે જીવનના પ્રારંભ અને મધ્યકાળે તો સ્નેહીસગા પ્રેમ વરસાવ્યે જાય છે, પરંતુ જીવનસંધ્યા નજીક આવ્યે, કવિ પ્રાર્થે છે કે, જીવનના સમગ્ર માહોલયનાં અનેક નાનામોટા સ્નેહીનાં ભંડાર વસાઈ ગયા હોય તો પણ, કોઈકની એકાદ નાની હૃદયબારી ખુલ્લી રહેજો.




કોઈ પણ વિષય 'કુમારે' નિરૂપ્યો ન હોય—અને તે પણ સફળરીતે નહિ, એવું કદી બન્યું નથી. ખગોળવિષયક લેખો એ વાતની એક સવિશેષ પ્રતીતિ કરાવે છે. સૂર્ય વિષે શ્રી અશોક હર્ષે લખેલા એવા એક લેખનો સારાંશ:

"આપણા ગ્રહમંડળ પર સર્વ સજીવ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય માત્રનું આદિકારણ જે આદિત્ય તેમાં આજ સુધી સંસારની પ્રત્યેક પ્રજાએ દિવ્યતા આરોપેલી છે. જીવનના આધ રસ્તંભ તરીકે આદિત્યમાં એ દેવત્વ આરોપવામાં જરા યે અયોગ્યતા નથી. જગત ઉપર વિઋદ્ધિનું મૂળ તે એકલો જ છે; એટલું જ નહિ, પણ વાયુઓના પ્રવાહ અને સાગરના તરંગો ઉપજાવવામાં પણ એ જ કારણભૂત છે. ઋતુઓનું પરિવર્તન તેને આભારી છે, અને દુનિયામાં દેખાતાં સૌ સૌંદર્યનો આદિસ્રોત પણ એ જ છે. ટૂંકામાં, સંસારમાંનાં સર્વ પરિવર્તનોનો એ એકલો સ્રષ્ટા છે. એ સ્રષ્ટાપદ તેનામાં સમાએલી અતીવ-અખૂટ ગરમીને લીધે છે. આપણી જીવસૃષ્ટિના ઉત્પાદક, પોષક અને સંહારક એવા એ સૂર્યની બાબતમાં આપણે કેટલું જાણીએ છીએ?

ઘણા થોડાને ખબર હશે કે આપણા ઉપર પ્રકાશતા એ સૂર્ય જેવા અનેક સૂર્યો પોતાના પરિવાર સહિત આકાશમાં પરિભ્રમણ કરી રહ્યા છે. સૌથી પ્રથમ તો તેના કદનો જ સાચો ખયાલ આપણને કદી આવ્યો નથી! સૂર્યની આસપાસ ફરનારા સઘળા ગ્રહોને ભેગી નાખીને તેનો એક જ મોટો ગોળો બનાવીએ તો તેનાથી યે એ રવિદેવ પાંચસો ગણા મોટા થવા જાય!

પશ્ચિમના વૈજ્ઞાનિકોની કલ્પના પ્રમાણે બ્રહ્માંડના સઘળા તારાઓ, સૂર્યો, ગ્રહો વગેરેની ઉત્પત્તિ આકાશગંગામાં આવેલી એક પ્રકારની નિહારિકામાંથી થએલી છે. આકાશમાં ધોળી પટ્ટી જેવી દેખાતી એ આકાશગંગામાં દેખાતાં જુદાંજુદાં ધાબાં તરફ આપણે સાધારણતઃ બેદરકાર રહીએ છીએ, પણ એ દરેક ધાબું એ જ આવા અનંતકોટિ સૂર્યો ને ગ્રહોનું ઉત્પત્તિસ્થાન નિહારિકા. એ નિહારિકાઓ પણ જુદાજુદા આકારની હોય છે. કોઈ સાદી વાદળા જેવી તો કોઈ જલેબીના ગૂંછળા જેવી. આપણા સૌર જગતની જનની નિહારિકાનો આકાર એ બીજા પ્રકારનો છે.

એવી એક નિહારિકા અવકાશમાં એટલા વેગથી ફરતી ગઈ કે ધીમેધીમે તેમાંથી ગરમી ઘટતી ને ઘટતી જ ગઈ. આથી સહેજે તેની બહારની કોરાણો તેના અંતરાળ કરતાં વહેલી ઠરી ગઈ, અને એ કારણે પરસ્પરનું સંબંધાકર્ષણ પણ ધીમેધીમે ઓછું થતું જઈ છેવટે તેમાંથી ટુકડા તૂટતા ગયા. ઓછી ઉષ્ણતાના





ઉપર મોટું સફેદ બિમ્બ દેખાય છે તે સૂર્યના ડાઘા સાથે તેનો ફોટોગ્રાફ છે. વચ્ચે મધ્યબિંદુ તરીકે ઝીણું ટપકું છે તે પૃથ્વીનું કદ. પૃથ્વીની આસપાસ આલેખેલું કુંડાળું તે ચન્દ્રનો પૃથ્વીની આસપાસ ફરવાના માર્ગ—પરકમ્માપથ,—જે લગભગ પાંચ લાખ માઈલ પહોળો છે. તેના પ્રમાણ ઉપરથી સૂર્યના કદનો ખયાલ આવશે. અને એ જ સૂર્ય આગળ, સૂર્યમાળામાંના અન્ય ગ્રહો કદમાં કેવડા લાગે તેનો અંદાજી ખયાલ આપતા તે બધા ગ્રહોનાં કદ આલેખતાં ચિત્રો નીચેની પટ્ટીમાં આપ્યાં છે.



◆ સૂર્યમાં કાળાં બાકોરાં પડ્યાં હોય એવા જણાતા આ 'સૂર્યના ડાઘ' કદમાં જુદી-જુદી જાતના છે અને સૂર્ય ઉપર જુદેજુદે નિયમિત સમયે દેખાયા કરે છે, જે ઉપરથી અનુમાન થાય છે કે સૂર્ય પોતાની ધરી ઉપર પચીસ દિવસે એક આંટો ફરતો હશે. કદમાં તે એવડા મોટા હોય છે કે જેમાં આપણી દસબાર પૃથ્વીઓ ગરક થઈ જાય. એ ડાઘા શું છે અને શા કારણે છે તેનો પાર હજી કોઈ પામી શક્યું નથી. ખગોળશાસ્ત્રીઓ જણાવે છે કે પૃથ્વીના હવામાન ઉપર તેની ચોક્કસ અસર થયા કરે છે. અને એ હકીકત સિદ્ધ પણ થઈ છે. આ ધાબાંઓને કારણે જ હવામાનના ઉપરના પડમાં થએલાં ચુંબકીય તોફાન તથા તેને કારણે દુનિયાના મોટા ભાગમાં વાયરલેસ અને દરિયાની નીચેનો કેબલ-વ્યવહાર ખોરવાઈ ગયાના તાજા જ આવેલા ખબરોથી તો સૌ જ્ઞાત હશે.



જમણી બાજુ આપ્યો છે તે અનંત કોટિ બ્રહ્માંડ જેવી આકાશગંગાનો એક ભાગ માત્ર છે, અને તેમાં આપણો સૂર્ય તો ઝીણા ટપકા જેવડો એક સામાન્ય કોટિનો તારો માત્ર છે. ખગોળશાસ્ત્રીઓએ અનુમાન કાઢ્યું છે કે આપણા સૂર્ય જેવા ત્રણ નિખર્વ ૩,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ સૂર્ય પોતાના સૂર્યમંડળો સાથે એ આકાશગંગામાં હશે. આ સૂર્યમંડળો અકથ્ય વેગથી અવકાશમાં ફર્યા કરે છે. છતાં અવકાશ એટલું વિશાળ છે કે તેમાં તેઓ એકબીજાને ઓછાયે પણ કદી ન આવે. તે સમજવા માટે સર જેમ્સ જીન્સ એક માપ આપે છે કે આખા યુરોપખંડ જેટલી જગ્યામાં ત્રણ માખીઓ ઊડતી હોય તે જો ઊડતાં કદી એકબીજાને મળે તો આ સૂર્યમંડળો અથડાય!

તૂટી પડેલા એ બધા ટુકડા, મૂળ નિહારિકાથી છૂટા પડતી વખતે, તેમને જે ગતિ મળેલી તેને લઈને, તેમજ તેના ગુરુત્વાકર્ષણથી, તેની જ આજુબાજુ ભમવા લાગ્યા. આ ટુકડા તે ગ્રહો અને સૂર્ય તે મજકૂર નિહારિકાનો અવશેષ.

આમ, સૂર્ય એ નિહારિકાનું મધ્યબિન્દુ હોવાને કારણે જ તેની ગરમી બહુ ઓછી ઘટી છે. તે ભારેમાં ભારે હોઈ નિહારિકામાંથી ઊડેલા દૂરમાં દૂર સુધીના ટુકડા લગી પોતાની ઉષ્ણતા રેલાવતો રહે છે.

પૃથ્વી ને સૂર્યની વચ્ચેનું અંતર સાધારણતઃ નવ કરોડ અને ત્રીસ લાખ માઈલ ગણાય છે; એ છેટું આપણને કેવું હેબતાવી નાખે છે! કલાકના ચાળીસ માઈલ ચાલનારી રેલવેટ્રેન ક્યાં યે પણ અટક્યા સિવાય જો સૂર્યલોકની સફરે ઊપડે તો ૩૦૦ વર્ષે એ અંતર કાપી શકે. એ મુસાફરીમાં દર માઈલે એક આનાનું ભાડું ગણતાં પંચાવન લાખ સાડાબાર હજાર રૂપિયા તો ભાડાના ચૂકવવા પડે!

કુતૂહલવૃત્તિએ ઉશ્કેરાઈ નરી આંખે સૂર્યનિરીક્ષણ કરવાની ભૂલ કોઈ દહાડો કરતા નહિ. ગ્રહણ જોવા માટે મેશ બેસેલા કાચના એક સારા કકડાનું સાધન તો જાણીતું છે. એ રીતે જોતાં આકાશમાં ચકચકિત ગોળા જેવો તે દેખાશે. આપણને સામાન્યરીતે સાદી નજરને અડસટ્ટે જે ગોળો દેખાય છે તેના કરતાં કાચમાંથી દેખાતું આ બિમ્બ સહેજ નાનું લાગશે. તેનું કારણ એ છે કે સૂર્યના ગોળામાંથી તેજઝરતી વરાળનો સમૂહ, તેના ગોળાથી લાખો માઈલ બહાર પથરાએલો છે. નરી આંખે દેખાય તે સૂર્ય આ વરાળના વર્તુળ સાથેનો, અને કાચમાંથી જણાતું બિમ્બ તે એ વરાળ વિનાનું અંગ. એ ખરું બિમ્બ ફોટોસ્ફીઅર કહેવાય છે ને વરાળનો ઉપલો થર ક્રોમોસ્ફીઅર કહેવાય છે.

દૂરબીન વડે સૂર્યનું નિરીક્ષણ કરતાં તેના પૃષ્ઠભાગ ઉપર કેટલાક કાળા ડાઘા નજરે પડે છે, જેમાંના કેટલાક તો ઘણી વખત એવડા મોટા હોય છે કે દૂરબીન વિના માત્ર ઉપર દર્શાવેલી કાચની રીતથી પણ જોવામાં આવે છે. આ ડાઘને તેજઝરતી ગરમ વરાળોની બૅન્કો તરીકે ગણાવી શકાય. એ એકજ ડાઘના પોલાણમાં આપણી ઘણી પૃથ્વીઓ ગરક થઈ જાય!

સૂર્યના બંધારણનાં બધાં તત્ત્વો વરાળના રૂપમાં જ છે. વૈજ્ઞાનિકોએ જુદીજુદી રીતે સૂર્યના ફોટોગ્રાફો પાડી સાબિત કર્યું છે કે જે તત્ત્વોથી આપણી પૃથ્વી બનેલી છે તે સઘળાં યે સૂર્યમાં પણ છે. એટલે શાસ્ત્રકારોએ તેને આપેલી સૂર્યની દુહિતાની સંજ્ઞા સાર્થક છે.

સામાન્ય ચાંદની કરતાં શરચ્ચંદ્રની ચાંદની સવિશેષ ધવલ હોય છે; અને એવા દસ લાખ ચંદ્રોની ચાંદની આપણને અજવાળે તો? સૂર્યનું અજવાળું એ પ્રકાશસમૂહથી યે વધારે છે. અને છતાં તમને નવાઈ લાગશે કે તેના પ્રકાશની કુલ સિલકનો આપણે તો માત્ર બે અબજ ને વીસ કરોડમો ભાગ જ પામીએ છીએ! ગૉબ્લે નામક એક અમેરિકન વૈજ્ઞાનિકે અનુમાન બાંધેલું છે કે આકાશમાંથી કરોડોના હિસાબે

ધસતા 'ખરતા તારાઓ' દર પળે આપણી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે અને તેઓ રજ તથા વરાળના રૂપમાં પલટાઈ પૃથ્વીનું વજન વધારે છે. એ જ રીતે પ્રમાણમાં એથી વધુ જથ્થો સૂર્ય ઉપર પણ પડે છે. તેની ગણતરી પ્રમાણે દર સેકંડે કુલ બે હજાર ટન જેટલો એવો જથ્થો સૂર્ય ઉપર પડે છે. પણ પ્રમાણમાં એ ઘણો નજીવો ગણાય; કારણ કે તેટલા જ વખતમાં સૂર્ય તેનાથી બે હજારગણું વજન તો પ્રકાશ-પ્રસરણમાં ગુમાવે છે! આવી રીતે દર મિનિટે સૂર્ય પચીસ કરોડ ટન લેખે પોતાનું વજન ગુમાવતો રહે છે. આ વ્યય કેટલો ભયંકર કહેવાય? પણ સૂર્યની પ્રકાશશક્તિ હજી એટલી અખૂટ છે કે આ ગંજાવર હિસાબે તે ઠાલવાતો જતો હોવા છતાં તેને સંપૂર્ણ ઠાલવાઇ જતાં હજી ૧,૫૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ લાગશે!

જેના પર સૌર જગતની વર્તમાન અને ભાવિ સજીવ સૃષ્ટિનો મદાર છે એ ખુદ સૂર્ય જ આમ ઓગળતો જતો હોવાથી એક દિવસ એવો આવશે કે જ્યારે તેના પરિવારમાં ક્યાંયે સજીવ તત્ત્વ શોધ્યું નહિ જડે. અમુક પ્રમાણમાં તેની ઉષ્મા કમ થતાં એ સજીવ તત્ત્વોનું નિકંદન નીકળી જશે, અને તે યે કરુણ પ્રકારે. પણ તેને તો હજી કરોડો વરસની વાર છે."

> એવો કોઈ વ્યાયામ છે?
> જે સહેલો ને સબળ હોય
> જેમાં કોડીનું પણ ખર્ચ ન હોય
> જે કોઈ પણ માણસ કરી શકે તેવો હોય
> જેમાં લેશ પણ નુકસાનની ભીતિ ન હોય
> જેનાથી કદી કંટાળો ન આવે? . .
> હા;—વાંચો આ લેખ

આવા પ્રસ્તાવ સાથે આપેલો લેખ આજથી પચ્ચીસ વર્ષ પહેલાં વાચકપ્રિય બનેલી એક બીજી લેખમાળા 'અખાડો'માં પ્રકટ થએલો તેનું જરૂરી દોહન કોઈ પણ કાળે કોઇ પણ વાચકને પ્રેરક નીવડ્યા વિના રહે નહિ. કહેવાની જરૂર નથી કે એના લેખક શ્રી હરિનારાયણ આચાર્ય જ છે.

"જેમ દીર્ઘ આયુષ્ય માટે 'ચાલવા' જેવો અમોઘ ઉપાય બીજો નથી તેવી જ રીતે, કેવળ સ્વાસ્થ્યસંરક્ષણ અર્થે 'દોડવા' જેવી સરળ અન્ય ઉત્કૃષ્ટ વ્યાયામપદ્ધતિ નથી. કુસ્તી, વેઈટ લિફ્ટિંગ, જિમ્નાસ્ટિક્સ વગેરે અનેક પ્રકારના વ્યાયામથી અદ્‌ભુત બળ, ચપળતા અને એને અંગે ઉચ્ચ પ્રતિનું આરોગ્ય કેળવાય છે; પરંતુ એ બધાંમાં સમય અને શક્તિનો જે વ્યય કરવો પડે છે તથા પૂર્ણ સફલતા અર્થે જે દૃઢ મનોનિગ્રહ કેળવવો પડે છે તેની સાથે સરખાવતાં કેવળ દોડવાનો—જેમાં દોડવાનું તત્ત્વ પ્રધાન હોય તેવો કોઈ પણ—વ્યાયામ અત્યંત સરળ, અલ્પ સમયમાં થઇ શકે તેવો અને મનને તાવી ન નાખે એવી જાતનો છે.

આજે પ્રત્યેક વ્યક્તિનો જીવનવ્યવહાર અત્યંત ક્લિષ્ટ અને ઉદ્વેગજનક હોય છે. મોટે ભાગે મનુષ્યની વૃત્તિ અત્યંત બલવાન કે શારીરિક દૃષ્ટિએ સુંદર થવાની નથી હોતી એને મન તો ઉદરપોષણ અર્થે ઉદ્યોગ કરવા પૂરતું સ્વાસ્થ્ય સચવાય એટલે થયું. ને આવું આરોગ્ય મેળવવા તરફડિયાં મારતા અનેક મનુષ્ય જીવો પેટંટ દવાઓ, તલેસમ, ધંતરમંતર જેવા અનેક નિષ્ફળ ને કવચિત્ હાનિકારક ઉપાયો પાછળ શક્તિ અને ધનનો અપવ્યય કરે છે. પરંતુ જો ખરેખર આરોગ્ય સાચવવાનો નિશ્ચય હોય તો એને માટે અત્યંત સરળ ને સફળ એવી વ્યાયામપદ્ધતિ 'દોડવું' એ જ છે.

'દોડવું' એટલે ધીરેધીરે સામાન્ય ગતિથી દોડવું. અત્યંત ઝડપથી, શરીરમાં જેટલું બળ હોય, જેટલી ચપળતા હોય, સ્નાયુઓ તથા મન પર જેટલો કાબૂ હોય તે બધાનો એકી વખતે ઉપયોગ કરી અલ્પતમ કાળમાં ધારેલું અંતર કાપવા માટેની જે 'ઝડપી દોડ' તેની અહીં જરા યે વાત નથી. જેનાથી અસહ્ય શ્રમ અને અપાર માનસિક કષ્ટ થાય તેવી ચાલ કે દોડ વ્યાયામ તરીકે ઇષ્ટ નથી.

'ચાલવું' એ માણસની સ્વાભાવિક ટેવ છે. અને એક જ પ્રકારની ટેવ પડવાથી અમુક સમય પછી એ પ્રકારના શ્રમથી વિશેષ ફાયદો થતો નથી. દસવીસ માઈલ નિયમિત ચાલે તો જ યુવાન મનુષ્યનું સ્વાસ્થ્ય ઉત્તમપણે સચવાય. પણ આ રીતે લાંબું અંતર કાપવામાં સમય ને શક્તિ બરબાદ થાય છે. એટલે કે હાલ 'ચાલવા'ની અર્થાત્ 'ફરવા' જવાની જે ફૅશન પડી છે તેનાથી જો હિત થતું હોય તો તે નિર્બળ અને પક્વ વયના વૃદ્ધોનું જ. ઉત્તમ પ્રતિના સ્વાસ્થ્યને માટે તો 'દોડ' જ સર્વોત્કૃષ્ટ છતાં સરળ ઉપાય છે.

અહીં જે ઉપાય હું દર્શાવું છું તે પ્રત્યેક નીરોગી મનુષ્ય પોતાની શક્તિ, જીવનચર્યા અને સમયની અનુકૂળતા પ્રમાણે અજમાવી શકે તેવો સરળ છે. અનેક વાર મેં આ જ પ્રમાણે અભ્યાસથી રોજના નિયમિત કલાકના આઠદસ માઇલ દોડવાની શક્તિ કેળવી છે. આ વ્યાયામથી પગના, બરડાના ને પેટના સ્નાયુઓને તથા મુખ્યત્વે ફેફસાં ને હૃદયને કેળવણી મળવા ઉપરાંત જઠર, પિત્તાશય, આંતરડાં વગેરે અત્યંત બળવાન તેમજ નીરોગી બને છે ને શરીરમાં અપૂર્વ ચેતન તથા ચપળતા અને અકલ્પ્ય શ્રમસહતા આવે છે. સળેખમ, શરદી, ઉધરસ, માથાનો દુખાવો વગેરે અનેક ઉપદ્રવોનો જડમૂળથી નાશ કરનાર સાધન તરીકે પણ આ વ્યાયામને ઉચ્ચ સ્થાને મૂકી શકાય. સાવધાનતા એટલી જ રાખવી કે આ વ્યાયામ છે: શરતમાં ઊતરવાનું નથી. એટલે ગજા ઉપરાંત શ્રમ કરવો નહિ તેમજ આહારવિહાર પણ વ્યાયામને અનુકૂળ જ રાખવા: રુચિ પ્રમાણે ખાવું ને આહારનો અતિરેક કદી પણ ન કરવો.

(૧) બનતાં સુધી સવારે દોડવાની ટેવ રાખવી: એ ન જ બને તો સાંજનો વખત પણ ચાલશે સૂર્યોદય પૂર્વેનો બ્રાહ્મ મુહૂર્તનો સમય ઉત્તમ ગણાય. શૌચાદિથી પરવારીને દોડવાનું રાખવું હિતાવહ છે.

તમે જો નિયમિત ન ચાલતા હો અગર ધંધા પૂરતું ચાલવાનો પણ અભ્યાસ ન હોય તો આ 'દોડવા'નો વ્યાયામ શરૂઆતમાં અઘરો લાગશે. પણ જો તમે એકીવખતે સાધારણ વેગે ૬ થી ૮ માઈલ ચાલી શકતા હો તો આ તમને ખૂબ આનંદપ્રદ નીવડશે.

(૨) જો જોરથી પવન ન વાતો હોય કે વરસાદ ન પડતો હોય તો ખુલ્લું શરીર વધારે ઠીક પડશે. પગમાં નરમ જોડા કે નીકળી ન જાય એવાં પઠાણી ચંપલ પણ ચાલશે. હું તો હમેશાં ઉઘાડા પગે જ દોડું છું. લંગોટ હોય તો ભલે: ખાસ જરૂર નથી. ધોતિયું કે ચડ્ડી યા પાટલૂન કે લેંઘો-ગમે તે ચાલે: માત્ર દોડતાં પગમાં અડફેટ આવે તેવો પોશાક ન જોઇએ.

(૩) બને ત્યાં સુધી નિર્જન રસ્તો જ્યાં ધૂળ ને કાંકરા ઓછા હોય એવો પસંદ કરવો. જ્યાંથી દોડવાનો આરંભ કર્યો હોય ત્યાંથી અમુક અંતર અગાઉથી નક્કી કરો. વચ્ચે માઇલના વિભાગ દેખાડનાર પથરા હોય તો સારું. એવાં ચિહ્ન ન હોય તો અમુક અંતરે ખેતર, વાડ, ઝાડ, ઝાંખરા કે ગમે તે જાતના અંતરસૂચક નિશાન નક્કી કરી શકાય, જેથી દરરોજના અભ્યાસમાં અનિયમિતતા ન આવે.

(૪) ધારો કે તમે કદી ચાલ્યા જ નથી છતાં તમે માત્ર એક જ માઈલ નિયમિત દોડવા માગો છો, તો એને આપણો આદર્શ રાખી અભ્યાસનો ક્રમ આ રીતે ગોઠવવો:

પહેલે દિવસે પ્રથમ તમે માત્ર બે ફર્લાંગ ચાલો: અત્યંત ધીમે કે અત્યંત ઝડપથી નહિ, પણ તમારી નિયમિત ગતિએ. ત્રીજા ફર્લાંગમાં પહેલાં પંદર ડગલાં-ગણતરીથી અત્યંત ઝડપથી ચાલો: કષ્ટ વિના ને ખૂબ ઝડપથી—બને તેટલી ઝડપથી ચાલો. (અનુ. પૃ. ૧૩૭)

શબ્દકથા : 'પાખંડ', 'પાષંડ'

દષ્ટિ કે મૂલ્ય બદલાતાં એકની એક વસ્તુ, પ્રથા વગેરે ઉત્તમ ગણાતી હોય તે અધમ ગણાવા માંડે છે, કે ઊલટું થાય છે. શબ્દોના અર્થનું પણ કાંઈક તેવું જ છે. 'તેણે તો મોટું પાખંડ ચલાવ્યું છે', 'ભારે પાખંડી', જેવા પ્રયોગોમાં આપણે ધર્મ વગેરેને નામે ચલાવેલો દંભ કે જૂઠાણું— એ અર્થમાં 'પાખંડ' વાપરીએ છીએ.

સંસ્કૃતમાં 'પાખંડ' કે વધુ તો 'પાષંડ' શબ્દ વેદબાહ્ય કર્મ—શ્રુતિવિરુદ્ધ કર્મ એટલે ધર્મ-વિરુદ્ધ, નિંદ્ય કર્મ—માટે વપરાયો છે. ને સ્મૃતિઓ દંભી, પાષંડી, બિડાલવ્રતી (રક્ષણનો ઢોંગ કરી ભક્ષણ કરનાર) ને બકવ્રતી ('બગભગત') એ સૌની ખબર લેવાનો રાજાને આદેશ આપે છે.

પણ ગિરનાર વગેરે સ્થળે મળતા સમ્રાટ અશોકના શિલાલેખમાં જે ચૌદ અનુશાસનો છે, તેમાં પ્રખ્યાત બારમા અનુશાસનમાં એ દેવોનો પ્રિય રાજા એમ આદેશ આપે છે કે પોતાના 'પાષંડ'નાં વધુ પડતાં વખાણ ન કરવાં, ને બીજાનાં 'પાષંડો'ને ઉતારી ન પાડવાં, તો અહીં શું સમજવું? 'પાખંડ'નાં વળી વખાણ કેવાં? દેખીતો જ અહીં 'પાષંડ'નો અર્થ જુદો છે. અને એ જ છે મૂળ અર્થ. 'પાષંડ' એટલે ધાર્મિક સંપ્રદાય, પંથ. અશોક પોતાના ને પારકા પંથને સમદૃષ્ટિથી જોવા કહે છે. ઈ. પૂ. ત્રીજી સદીમાં ઇતિહાસમાં અજોડ એ સમ્રાટ સર્વધર્મ-સહિષ્ણુતા ને સર્વધર્મસમભાવના સંદેશનો ભારતવ્યાપી આચારપ્રચાર કરે-કરાવે છે. (આ અંકમાં માધુકરીમાં એ પ્રખ્યાત અનુશાસનનો અનુવાદ આપેલો છે).

એટલે મૂળ અર્થ 'કોઈ પણ ધાર્મિક પંથ કે સંપ્રદાય'માંથી 'પરસંપ્રદાય', અને 'પરસંપ્રદાય' તે વૈદિકોની દૃષ્ટિએ 'વેદબાહ્ય સંપ્રદાય' માટે નિંદ્ય—એમ અર્થ બદલાતો ગયો. ને છેવટે ધર્મને નામે ચલાવાતા ઢોંગ કે તરકટ માટે તે વપરાતો થયો. —હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

મ. સ. યુનિવર્સિટીનાં પ્રકાશનો

કાવ્યની શક્તિ અને સાહિત્યવિમર્શ

લલિતકળાઓના મર્મજ્ઞ અને કાવ્ય-સાહિત્યના અજોડ વિશારદ, તથા સાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશ કરતાં અનેક યુવકયુવતીઓના માર્ગદર્શક સ્વ. શ્રી રામનારાયણ વિ. પાઠકનાં, 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો' સિવાયનાં આ વિવેચનપુસ્તકો ગુજરાતની સાહિત્ય-સમૃદ્ધિમાં કીમતી ઉમેરો કરે છે, એ તો આજે સર્વસ્વીકૃત હકીકત છે.

પુસ્તકોનો પરિચય કરાવતાં 'પ્રસ્તાવના'માં તેમણે લખ્યું છે : " 'કાવ્ય સમગ્ર જીવનની સમીક્ષા કરે છે' એ દૃષ્ટિએ મારે જ્યાં વિશાલ અર્થમાં વાઙ્મય-સર્જન વિષે કે જીવન વિષે કંઈ પણ કહેવાનું હતું તેવા લેખો મેં અહીં સંગ્રહ્યા છે. કાવ્યને લગતા લેખો અને કાવ્ય-કલા ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રકાશ પાડે તેવા સંગીત, નૃત્ય, ચિત્રકલા વગેરેના લેખો મેં 'કાવ્યશક્તિ'માં એકત્રિત કર્યા છે; અને વાર્તા, નાટક વગેરે ગદ્યકૃતિઓના વિવેચનલેખોનો સંગ્રહ 'સાહિત્યવિમર્શ'માં કર્યો છે. દરેક સંગ્રહમાં લેખો બે ભાગમાં વહેંચેલા છે. બીજા વિભાગના એ ચાલુ માસિકોને માટે લખેલા લેખો છે. પહેલા વિભાગના, માસિકના પ્રયોજનથી નિરપેક્ષ કેવળ અભ્યાસ માટે લખેલા લેખો છે. કાવ્ય એટલે વાઙ્મય-સર્જનસમસ્ત વિષેની મારી ભાવના બને તેટલી દાર્શનિક સર્વગ્રાહિતાથી દર્શાવતો હોય એવો નિબંધ મેં પહેલો મૂક્યો છે."

વિવેચકના ધર્મ અને વિવેચનના મર્મ વિષે પણ 'પ્રસ્તાવના'માંથી સારો પ્રકાશ પડે છે : 'વિવેચકની પ્રવૃત્તિ એક તરફથી સાહિત્ય તરફની શ્રદ્ધા અને ભક્તિથી ન્યાય્ય અને ધર્મ્ય બને છે, અને બીજી તરફથી પોતાના માનવબંધુઓને સૌંદર્ય બતાવવાની ઉત્સુકતાથી ગતિમાન થાય છે. તેને શ્રદ્ધા છે કે સાહિત્યસૃષ્ટિમાં મનુષ્યને પરમ આનંદ ને ચૈતન્યને અનંત ઉત્કર્ષ આપવાની શક્તિ છે. એ શ્રદ્ધા અને એ નિષ્ઠા તેને આટલા વિરલ હકો આપે છે. ને આ આદર્શ જોતાં લાગે છે કે કવિની જેમ ખરા વિવેચકમાં પણ નૈસર્ગિક વિવેચનશક્તિ જોઇએ.' અને એ નૈસર્ગિક વિવેચનશક્તિ શ્રી રા. વિ. પાઠકમાં પર્યાપ્ત માત્રામાં સુવિદ્યમાન હતી. બંને ગ્રંથોમાં શ્રી પાઠકે સાહિત્યનાં સનાતન અને સમકાલીન તત્ત્વો, પ્રવાહો અને કૃતિઓની નિષ્પક્ષ, સમતોલ અને ગુણગ્રાહી સમીક્ષા કરી છે. આમ, આ બંને ગ્રંથોનું દસ્તાવેજી મૂલ્ય પણ ઓછું નથી.

જિજ્ઞાસુએ બંને ગ્રંથોનો સાથે અભ્યાસ કરવાનું સૂચન 'પ્રસ્તાવના'માં તેમણે કર્યું છે.

બંનેની અલગઅલગ કિંમત : રૂા. ૩-૫૦.

પ્રવેશકો (ગુચ્છ પહેલો)

શ્રી બલવંતરાય ક. ઠાકોર માત્ર મહાન સાહિત્યકાર, વિવેચક કે સાક્ષર જ નહોતા. તેમની પાસેથી ગુજરાતી સાહિત્યકારોની પેઢીઓ નવદૃષ્ટિ પામી છે, એટલું જ નહિ પણ અક્ષરશઃ ઘડાઇ છે. અર્વાચીન સાહિત્ય–પરિવારના તેઓ આખર સુધી મુરબ્બી રહ્યાં છે.

તેમણે જુદાજુદા સાહિત્યકારોની સર્જનાત્મક કૃતિઓને માટે લખી આપેલા 'પ્રવેશકો' અહીં પહેલી વાર એકઠા સાથે ગ્રંથસ્થ થાય છે. આ ગુચ્છમાં તેમનાં સત્તર પ્રવેશકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. કવિતાથી માંડી એકાંકી, નાટક, નવલિકા, નવલકથા આદિ વિવિધ પ્રકારો વિષયક તથા મૌલિક રચનાઓ ઉપરાંત સંસ્કૃત, પરપ્રાન્તીય અને વિદેશી સાહિત્યકૃતિઓના અનુવાદ વિષયક એમ, તેમની નાનાવૈવિધ્યયુક્ત લેખનસામગ્રી અહીં પ્રસ્તુત કરાઇ છે. આથી 'નિવેદન'માં શ્રી ભોગીલાલ જ. સાંડેસરા કહે છે તેમ 'તેતે સાહિત્યકારો વિષેનાં પ્રો. ઠાકોરનાં દૃષ્ટિબિંદુઓનો તથા તેતે પ્રકારની કૃતિઓનાં સમીક્ષણોનો અભ્યાસ કરવાની તક આ સંગ્રહ આપે છે.' તો વળી, નવીન ગુજરાતી સાહિત્યનું સમગ્રદર્શી અને મર્મસ્પર્શી અવલોકન કરવાનો, તેમજ એ બહુશ્રુત ને સમર્થ સાહિત્યસ્વામીની ગુજરાતી સાહિત્ય-ઘડતરની વિધાનકલાનો યે પરિચય સુલભ બને છે. હકીકતો ને વિગતો પરના પ્રભુત્વ સાથે વ્યાપક સિદ્ધાન્તોનો સમન્વિત વિનિયોગ ને સૂક્ષ્મ પ્રગાઢ તેમજ વિશાલ દૃષ્ટિ, એ પ્રો. ઠાકોરના સમગ્ર ગદ્ય-સાહિત્યનું પ્રમુખ લક્ષણ છે.

પુસ્તકને અંતે 'સૂચિ' આપવામાં આવી છે. કિંમત : રૂા. ૩-૫૦.

વર્ણકસમુચ્ચય (ભાગ ૨)

આપણે સાધારણ રીતે એમ જ માનીએ છીએ કે પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ગદ્ય લખાતું નહિ, અને જે કાંઈ ગદ્યરૂપે લખાતું તે માત્ર પત્રો અને રડ્યુંખડ્યું નાટ્યસાહિત્ય. વસ્તુતઃ જૂના સાહિત્યમાં સારા પ્રમાણમાં ગદ્ય લખાતું, અને તે યે કેવે વિશિષ્ટપણે રસાળ, પ્રાસાદિક અને વિગતસમૃદ્ધ સ્વરૂપે તેની પ્રતીતિ 'વર્ણકસમુચ્ચય' પરથી થાય છે.

માણભટ્ટો જેવા પ્રાચીન જૈન કથાકારો પોતાનાં પ્રવચનો વેળાએ શ્રોતાઓનાં જ્ઞાન, ઉપદેશ તથા મનોરંજન માટે જે વિવિધ વસ્તુઓનાં વર્ણનો એવી લયબદ્ધ શૈલીમાં કરતા તેનો સંગ્રહ પ્રથમ ભાગમાં કરાએલો છે. આજથી બસો વર્ષ પહેલાં વિક્રમના ૧૬માથી ૧૮મા સૈકા દરમ્યાન ગુજરાતની સાંસ્કૃતિક તથા આર્થિક સમૃદ્ધિ કેવી હતી તેનો ખયાલ આ પુસ્તક પરથી આવે છે. દા.ત. પુસ્તકમાં-

સાહિત્ય-સમસ્યા

આપણા સાહિત્યનાં કરુણ-પ્રશસ્તિ-કાવ્યો 'એલેજી' (કોઈ પ્રિયજનના અવસાનથી ઉપસ્થિત થતી શોકછાયા અને તેના ગુણદર્શન ઉપરાંત જીવન વિષે કાંઇ મનન ધરાવતાં અંજલિકાવ્યો)માંનાં કેટલાંક વિષે આ નીચે માહિતી આપી છે. તે ઉપરથી તે કાવ્યો કોણે અને શા નિમિત્તે લખ્યાં તે શોધી શકશો? ઉત્તરો નીચે અવળે અક્ષરે છાપ્યા છે.

(૧) પોતાની પુત્રીના સ્મરણમાં એક કવિએ ૬,૦૦૦ લીટીનું અને નવ ખંડોનું કાવ્ય ત્રણ માસમાં લખ્યું છે જેમાં સૃષ્ટિની અસ્થિરતા, વિકાસની વેદના, જીવનનું કર્તવ્ય, સ્નેહના વિશ્વધર્મ વિષે વિચારો વ્યક્ત કરી, સ્નેહનું વિશ્વસામ્રાજ્ય સ્થપાય એવી આશા દર્શાવી છે.

(૨) તા. ૩૧મી ઑગસ્ટ, ૧૮૬૫ને દિવસે પૂનામાં થએલા એક વિદ્વાન મિત્રના અવસાનથી ગુજરાતના એક કવિએ એક વેદનાપૂર્ણ લાંબું કાવ્ય લખ્યું. આ અવસાનથી 'પંડિતોના પારેખની મોટી પેઢી ભાંગી પડી' એમ કહી તેમની સાથેનો પોતાનો સંબંધ વર્ણવતાં તેમણે આ 'કરુણ રસના રત્નાકર'ના જીવનની ઝરમર પોતાના એ કાવ્યમાં વણી છે.

(૩) પાંચ ભાઇમાંથી વડીલ ભ્રાતૃના ટૂંકી માંદગી પછીના અવસાનથી એક કવિહૃદયે લખેલા હૃદયસ્પર્શી અંજલિકાવ્યમાં છેલ્લું લખ્યું:

'જો વસંતે પર્ણો ખરે, શિશિરમાં ખરવાનું જેને,
તો સત્ય ક્યાં, ઋત કહીં, પ્રકૃતિક્રમો ક્યાં?'

(૪) એક સમર્થ કવિને 'ગુર્જર-કુંજના મોરલા' કહીને આપણા આજના એક કવિએ તેને હંસની ઉપમા આપતાં, અચ્છોદનાં ઉજ્જ્વળ શબ્દપદ્મો આપવા બદલ આનન્દ વ્યક્ત કર્યો છે.

(૫) પોતાના પુત્રના અવસાનથી શોકગ્રસ્ત કવિએ એક કરુણ, શાન્ત અને ભક્તિરસના મિશ્રણવાળું કાવ્ય લખ્યું ને અંતે 'ઈશ્વરની ઇચ્છાની સાથે આપણી ઇચ્છા મેળવવી એ મનુષ્યનો ધર્મ છે', એમ માની 'મૃત્યુ જ મરી ગયું' છે એમ ગણ્યું.

(૬) એક કવિ પુત્રે કવિ પિતાની સંવત્સરીને દિવસે અશ્રુની અંજલિ કરીને, જેમને એકદા 'ખીજવ્યા, પજવ્યા પૂરા, કુમળું દિલ દૂભવ્યું,' તેમને વિષે અંતે 'પિતૃદેવો ભવ, પ્રાજ્ઞ! માતૃદેવો ભવ, પ્રિય' એમ કહીને ગુજરાતી સાહિત્યમાં અમર રહે તેવા ભવ્ય કાવ્યનું અર્પણ કર્યું છે.

ઉત્તર: (૧) કવિ ખબરદારે પોતાની પુત્રી તેમીનાના સ્મરણમાં લખેલું 'દર્શનિકા'; (૨) કવિ દલપતરામે લખેલું 'ફાર્બસવિરહ'; (૩) કવિ ઉમાશંકરે લખેલું 'સદ્‌ગત મોટાભાઈ'; (૪) સુન્દરમે લખેલું 'કવિ નાનાલાલને'; (૫) કવિ નરસિંહરાવ દિવેટિયાએ પુત્ર નલિનકાન્ત વિષે લખેલી 'સ્મરણસંહિતા'; (૬) કવિ નાનાલાલનું 'પિતૃતર્પણ'.

નો 'અનુક્રમ' જ જોઇએ તો આટઆટલા વિષયો પરની અતિસૂક્ષ્મતા ભરી માહિતી આપણને મળી રહે છે: ભોજનસામગ્રી; વસ્ત્રો; અલંકાર અને સુશોભનો; રત્નો; વિદ્યાકલા; મંત્ર; લિપિ; વાજિત્રવાદ્ય; દેશપ્રદેશ, સ્થાનવિશેષ આદિ; નગરરચના ને સ્થાપત્ય; રાજલોક, પૌરલોક; રાજવંશ; શસ્ત્રાસ્ત્રો ને યુદ્ધસામગ્રી; અશ્વજાતિ; કરવેરા; નૌયાન. સાંસ્કૃતિક ઇતિહાસ તથા સાહિત્યની દૃષ્ટિએ આ વર્ણકોનું અધ્યયન, ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા ને ડૉ. રમણલાલ ના. મહેતા કૃત પ્રસ્તુત બીજા ભાગમાં આવે છે. ઉપરાંત સવિસ્તર શબ્દસૂચિઓ પણ અપાઇ છે. કિ. રૂા. ૮-૨૫.

ધર્મવર્ણન

ધર્મ એ માનવજીવનસંસ્કૃતિનું, તત્ત્વજ્ઞાન અને વ્યવહારના સેતુરૂપ, અભિનવ અંગ છે. આપણા ગરવા જ્ઞાનપુરોહિત બહુશ્રુત વિદ્વાન અને સમર્થ ચિંતક ડૉ. આનંદશંકર બા. ધ્રુવે આ ગ્રંથમાં જગતના સર્વ ધર્મોનો પરિચય કરાવ્યો છે. પ્રત્યેક ધર્મનો પરિચય કરાવતી વખતે તેઓ તેતે ધર્મને અને ધર્મનાં મૂળભૂત તત્ત્વોને પ્રામાણિકપણે વફાદાર રહ્યા છે. ભાષા, શૈલી અને રજૂઆત સરળ અને સવિશેષ હૃદ્ય છે. પરિણામે, ગ્રંથની ઉપયોગિતા તો એટલી છે કે જગતના કોઈ ધર્મની યથાર્થ જાણ મેળવવા ઇચ્છનાર તે ધર્મનું જ પુસ્તક જો વાંચી શકે તેમ ન હોય તો, તે એને બદલે આ પુસ્તક નિઃશંક વાંચી શકે. કિ. રૂા. ૩-૨૫.

ભારતીય તત્ત્વવિદ્યા

'પ્રજ્ઞામૂર્તિ', 'દર્શનમૂર્તિ', 'વિદ્યાવિભૂતિ' -આવાં કેટલાં યે વિશેષણો જેમની તત્ત્વવિદ્યાને માટે ઉપયોજાયાં છે, તે ભારતભરની તત્ત્વવિદ્યાઓના ભૂષણસમા પંડિત સુખલાલજીએ 'મહારાજા સયાજીરાવ ગાયકવાડ પારિતોષિક વ્યાખ્યાનમાલા'માં પ્રસ્તુત વિષય પર આપેલાં પાંચ વ્યાખ્યાનો 'તત્ત્વવિદ્યા, તેનો પ્રારંભ અને વિષયો (જગત, જીવ, ઇશ્વર)'; 'કાર્ય-કારણભાવ-તત્ત્વજ્ઞાનનો પાયો અને પ્રમાણશક્તિની મર્યાદા'; 'જગત-અચેતનતત્ત્વ'; 'જીવ-ચેતનતત્ત્વ'; અને 'ઇશ્વરતત્ત્વ'-નો આ સંગ્રહ ભારતીય તત્ત્વવિદ્યાના પંડિતજીના જ્ઞાન-પરિશીલનના નિચોડ સમો છે. ભારતીય તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતોને તથા વિચારશ્રેણીઓને તેમણે અહીં જે સમન્વય-વિવેકપૂર્વક સાંકળી લીધાં છે એ તેને ભારતીય તત્ત્વવિદ્યાના એક અખંડ અને સુગ્રથિત એકમનું સ્વરૂપ આપે છે. ગ્રંથને અંતે સૂચિ અપાઇ છે. પંડિતજીની એક ફોટો-પ્લેટ સાથે. કિંમત: રૂા. ૩-૫૦.

કહેવતકથાનકો

કહેવતો એ ભાષાની લાક્ષણિક વ્યંજનાની પારાશીશી અને અર્થતત્ત્વનો અર્ક ગણાય છે. અને ગુજરાતી કહેવતો અર્થ ને ઉક્તિવૈવિધ્યની સમૃદ્ધિમાં બીજી કોઈ પણ ભારતીય ભાષાને મુકાબલે ઊણી કે ઊતરતી નથી.

ઘણીખરી કહેવતોને પોતાનાં આગવાં કથાવસ્તુ-કથાનકો હોય છે. કહેવતની ચોટ અને ચમત્કૃતિનું રહસ્ય આવાં કથાનકોમાં રહેલું છે. એવાં કુલ ૨૧૩ કહેવતકથાનકો આ ગ્રંથમાં સ્વામી શ્રી પ્રણવતીર્થજીએ સરલ પરંતુ અસરકારક બાનીમાં નિરૂપ્યાં છે. ઘણાંખરાં કથાનકો કહેવતોનાં પરંપરાગત બુનિયાદી છે, ને એ પ્રકારનાં નહિ તેવાં, કહેવતોનાં સંભાવ્ય કથાનકોના સારાં ઉદાહરણ છે. કિ. રૂા. ૬-૫૦.

તરવાની કળા

કહે છે કે 'તરવું, તાતરવું અને તસ્કરવું' એ ત્રણે આપકળા. તરવું એ 'આપકળા' ખરી, કેમકે તેમાં વ્યક્તિએ કેવળ પોતાની શક્તિનો અને તે સાથે થોડા સૂઝનો યે ઉપયોગ કરવાનો હોય છે. પરંતુ તરવું, અને તેમાં યે સારી રીતે તરવું, એ એક સ્વતંત્ર, અનુભવીઓ કહે છે તેમ એક કષ્ટસાધ્ય કળા છે.

શરીરને માટે જરૂરી વ્યાયામ સાથે આનંદ પણ આપતી તરવાની એ એક વિરલ ઉપયોગી કળા છે. એની અગત્ય વિષે કંગાળ શરીરસંપત્તિ ધરાવતા આપણા ગુજરાતીઓને વિશેષ કહેવાનું ન હોય, કેમકે એ ખોટની પ્રતીતિનો તેમનો રાતદિવસનો અનુભવ છે.

ડૉ. રમણલાલ નાગરજી મહેતાએ લખેલી, તરવાની કળા વિષયક આ એક નાની પરંતુ સવિગત ને સચિત્ર માહિતી આપતી શાસ્ત્રીય પુસ્તિકા જિજ્ઞાસુઓએ વસાવીને તે કળાને આત્મસાત્-દેહસાત્ કરવી રહી. કિં. ૧-૦૦.

ઘઉં: આપણા એ મુખ્યતમ ખાદ્યનો વિગતસમૃદ્ધ, શાસ્ત્રીય છતાં સરળ સચિત્ર પરિચય કરાવતી ખેતીવાડી-વિષય સાથે સંકળાએલાઓ માટે તો નિત્યસંદર્ભ સમી ઉપયોગી પુસ્તિકા, લે૦: માર્તંડ શિવભદ્ર પંડ્યા, ૩-૦૦.

પ્રકાશક સંસ્થાનું સરનામું: મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા.

આ માસ(એપ્રિલ)ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : વૉલ્ટર દ લા મૅર

અંગ્રેજી સાહિત્યના આધુનિક યુગના મહાન અને સમર્થ કવિ, સાહિત્યને ક્ષેત્રે જીવનના



નિર્દેશ સૌંદર્યદ્રષ્ટા તથા તત્ત્વદ્રષ્ટા, ને જીવનને ક્ષેત્રે સ્વપ્નના અગોચર પ્રદેશ–પદાર્થોને વાસ્તવનો ઘાટ આપનાર અભિનવ સાહિત્યશિલ્પી વૉલ્ટર દ લા મૅરનો જન્મ ૧૮૭૩ની ૨૫મી એપ્રિલે ઇંગ્લંડના કૅન્ટ પરગણામાં આવેલા ચાર્લ્ટન ગામમાં થએલો. પિતા જેઈમ્સ એડવર્ડ દ લા મૅર વિખ્યાત હ્યુજેનૉટ વંશના હતા, ને માતા સ્કૉચ. શિક્ષણ સેન્ટ પૉલ્સ કૅથેડ્રલ સ્કૂલમાં લીધું. ૧૬ વર્ષની ઉંમરે ઍન્ગ્લો-અમેરિકન ઑઇલ કંપનીની લંડન ઑફિસમાં સંખ્યાશાસ્ત્ર વિભાગમાં કારકુનની નોકરી સ્વીકારી. ફાજલ સમયમાં તે કવિતા ને વાર્તા લખતા. શાળામાં અભ્યાસ કરતા ત્યારે ત્યાંના એક સામયિકના તંત્રી તરીકે કેળવેલી આ પ્રવૃત્તિ નોકરી સાથે આડપ્રવૃત્તિ તરીકે તેમણે ચાલુ રાખી હતી. સામયિકોમાં તેમનાં કાવ્યો પ્રકટ પણ થતાં રહેતાં. ૧૯૦૨માં તેમના પ્રથમ કાવ્યસંગ્રહ 'સૉંગ્સ ઑવ ચાઇલ્ડહુડ'નું વૉલ્ટર રામેલના ઉપનામથી પ્રકાશન થયું. ૧૯૦૪માં તેમની પ્રથમ ગદ્યકૃતિ 'હેન્રી બ્રોકન' નવલકથા પ્રકટ થઈ. સિવિલ પેન્શનની ગ્રાન્ટમાંથી સ્થાયી આવક થતાં ૧૯૦૮માં તેમણે નોકરીનો ત્યાગ કર્યો અને ત્યારથી મૃત્યુ લગી સાહિત્યને સહારે જીવન વિતાવ્યું. લંડનમાં કે લંડનની આસપાસ તેઓ પોતાનો નિવાસ રાખતા. તેમણે વિવેચનો પણ લખ્યાં છે. ૧૯૨૦થી આખર સુધી તેઓ ઇંગ્લંડના લોકમાન્ય સાહિત્યકાર બની રહ્યા. તેમની કવિતાનો વિષય 'નિવૃત્તિ' છે, પણ જીવનમાં નિવૃત્તિનું નામે નહોતું રાખ્યું. ૧૯૫૧માં તેમના અંતિમ કાવ્યસંગ્રહ 'વિન્ગેડ ચૅરિયેટ'નું ને ૧૯૫૩માં અંતિમ વિવેચનસંગ્રહ 'પ્રાઇવેટ વ્યૂ'નું પ્રકાશન થયું. ૧૯૫૬ની ૨૨મી જૂને ૮૪ વર્ષની વયે તેમનું અવસાન થયું.

તેમનાં વિશેષ સાહિત્યસર્જનમાં નીચેની કૃતિઓનો સમાવેશ થાય છે. ૧૯૦૬માં 'પોએમ્સ', અને ૧૯૧૦માં 'ધ થ્રી મુલ્લા–મુલ્ગર્સ'ની પશુકથા પ્રકટ કરી. તેમનું શૈશવદર્શન નિર્દોષ, નિખાલસ, અકલુષિત ને અબાધ છે. ૧૯૧૦માં તેમની 'ધ રીટર્ન' નવલકથા પ્રકાશિત થઈ. ૧૯૨૧માં બહાર પડેલી તેમની 'ધ મેમ્વર્સ ઑવ એ મિજેટ' નવલકથા સૌથી વધુ લોકપ્રિય નીવડી છે. તેમની સમગ્ર કાવ્યરચનાઓ છ સંગ્રહોમાં સમાય છે (૧૯૦૨માં 'સૉંગ્સ ઑવ ચાઈલ્ડહુડ' ને ૧૯૫૧માં 'વિન્ગેડ ચૅરિયટ'ની વચમાં બે ડઝન જેટલા સંગ્રહો પ્રકટ થયા હતા) : 'કલેક્ટેડ પોએમ્સ' (૧૯૪૨)ના જેટલો જ સમૃદ્ધ 'કલેક્ટેડ ર્‌હાઈમ્સ ઍન્ડ વર્સિસ' (૧૯૪૪); લઘુ કદનાં ઊર્મિકાવ્યોના બે સંગ્રહો 'ધ બર્નિંગ ગ્લાસ' (૧૯૪૫) અને 'ઇન્વર્ડ કમ્પેનિયન્સ'(૧૯૫૦); બે લાંબી કાવ્યકૃતિઓ 'ધ ટ્રાવેલર' (૧૯૪૬) અને 'વિન્ગેડ ચૅરિયટ' (૧૯૫૧). આમ, તેમણે ૫૦થી વધુ વર્ષના સમયમાં ૨૪થી વધુ સંગ્રહોમાં ૮૦૦થી વધુ ઊર્મિકાવ્યો અને બે લાંબાં કથાકાવ્યોની રચના કરી છે.

અંગત જીવનની અનુભૂતિઓના ને આંતરિક સર્જકતાના અનુભવોના અર્ક જેવી એમની કવિતા કોઈ પરીપ્રદેશની પેદાશ, સ્વપ્નલોકની સરજત હોય તેમ ભાસે છે. કવિ સ્ટીફન સ્પેન્ડરે તેમની કવિતાને સુવાચ્ય, સંપૂર્ણ અને આનંદદાયક કહી છે. વળી મનુષ્યમાત્રના આત્માના અવિરામ યુદ્ધની વેદના યે તેમાં વ્યક્ત થઈ હોઈ તેઓ સજીવ અને સમકાલીન કવિ છે. શબ્દના રહસ્યની શોધ દ્વારા તેમણે સતત જીવનના રહસ્યની શોધ કીધા કરી છે.

તેમની ગદ્ય કૃતિઓ તેમની પદ્ય કૃતિઓની પૂરક છે. એમાં ગદ્યકવિનું ગદ્ય છે. એનું વસ્તુ કરુણ, કૌતુકપૂર્ણ અને રહસ્યમય છે. એમાં પશુઓ, પ્રેતો, શિશુઓ, વૃદ્ધાઓ અને સામાન્ય સ્ત્રીપુરુષો છે; સુંદર કાવ્યમય વર્ણનો છે, ચિત્રો છે. એમના કેન્દ્રમાં કાર્ય કે પ્રસંગો નથી, પણ પાત્રોનું પરસ્પરનું વર્તન છે.

એંશી જેટલી ગદ્યકૃતિઓ અને સવાસો જેટલી પદ્યકૃતિઓમાં એક પૂર્ણ વસ્તુને પૂર્ણ સ્વરૂપમાં પ્રકટ કરવાની પચાસ વર્ષથી પણ વધુ સમય લગી કાવ્યસાધના કરનાર, સ્વપ્ન દ્વારા સત્યને શોધનાર, કલ્પના દ્વારા કરુણતાનું દર્શન કરનાર, જીવનકાળમાં (અને હવે પછી પણ) આબાલવૃદ્ધ અસંખ્ય મનુષ્યને આનંદ કરાવનાર, યાંત્રિક સંસ્કૃતિના આ યુગમાં મનુષ્યના આધ્યાત્મિક અર્થને અજવાળનાર, અને અંગ્રેજી ભાષાનું માધુર્ય, એના છંદોનું જાદુ, એના શબ્દોનું રહસ્ય પ્રકટ કરનાર વૉલ્ટર દ લા મૅર કાવ્યકલાના એક પ્રતિષ્ઠાત્મા લેખાય છે.


('કુમાર'માં આવેલા શ્રી નિરંજન ભગતના ચરિત્રલેખ પરથી તારવીને)

દિનવિશેષ

તા. ૧ ઍની બેસન્ટના સહકારથી પં. માલવીયજીએ બનારસ હિંદુ યુનિવર્સિટી સ્થાપી, ૧૯૧૬.
તા. ૪ ભારતમાં પ્રથમ આવનાર અંગ્રેજ પાદરી ટૉમસ સ્ટીવન્સ લિસ્બનથી ઊપડ્યો, ૧૫૭૯.
તા. ૬ રૉલેટ કાયદા સામે ગાંધીજીએ હિંદમાં પહેલી દેશવ્યાપી હડતાળ પડાવી, ૧૯૧૯.
તા. ૧૦ વેદધર્મધુરંધર ને સમાજસેવક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'આર્યસમાજ' સ્થાપ્યો, ૧૮૭૫.
તા. ૧૮ તાત્યા ટોપેને સર રિચાર્ડ મીડે પકડી તેને સિપ્રી મુકામે ફાંસીએ ચડાવ્યો, ૧૮૫૯.
તા. ૨૦ જર્મન રાષ્ટ્રને ત્રીજા વિશ્વયુદ્ધની આગમાં હોમનાર ઍડૉલ્ફ હિટલરનો જન્મ, ૧૮૮૯.
તા. ૨૩ વિશ્વસાહિત્યના મહાન નાટકકાર અને કવિ વિલિયમ શેક્સપીઅરનો જન્મ, ૧૫૬૪.
તા. ૨૭ સુપ્રસિદ્ધ અમેરિકન સાહિત્યકાર, ચિંતક અને ફિલસૂફ એમર્સનનું અવસાન, ૧૮૮૨.
તા. ૨૮ 'ઇન્ડિયન નૅશનલ રિફૉર્મર'ના સમર્થ સંપાદક કે. નટરાજનનું અવસાન, ૧૯૪૮.
તા. ૨૯ ફ્રાન્સની સ્વાતંત્ર્યદેવી જોન ઑવ આર્કનો ઑર્લીઅન્સમાં વિજેતા તરીકે પ્રવેશ, ૧૪૨૯.
તા. ૩૦ સ્વતંત્ર અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ તરીકે જ્યૉર્જ વૉશિંગ્ટનની નિમણૂક, ૧૭૮૯.

પ્રસંગવિશેષ : મહમૂદ ગઝનીનું અવસાન, ૨૯મી એપ્રિલ ૧૦૩૦

ગઝની અને કંદહારની આસપાસના પ્રદેશના સુલતાન મહમૂદ ગઝનીએ હિંદ પર કુલ સત્તર ચડાઇઓ કરી હતી. દક્ષિણ તરફ પાટલિપુત્ર, મથુરા અને સોમનાથ સુધી તે પહોંચ્યો હતો. સૌરાષ્ટ્રના પાટણના સોમનાથ મંદિરમાંથી અઢળક દ્રવ્ય તેને મળેલું, સાથે માનવખુવારી પણ તે એટલી જ કરી ગયો હતો, ઈ. ૧૦૨૪. તેની હિંદ પરની છેલ્લી ચડાઈ હતી મુલતાન નજીક રહેતા જાટ લોકો સામેની, ૧૦૨૭. એ પછીના તેના જીવનનાં છેલ્લાં વર્ષ ગૃહક્લેશમાં વીત્યાં. ઈ. ૧૦૩૦ની ૨૯મી એપ્રિલે તેનું અવસાન થયું. એ સમયે પંજાબ અને સિંધ પ્રાંતો તેના કબજામાં હતા. મહમૂદ પોતે ઇસ્લામ ધર્મનો પ્રચાર કરનાર નેતા ન હતો, પરંતુ તેની ચડાઇઓની અસર રૂપે ઉત્તર હિંદમાં ઇસ્લામ ધર્મ પ્રવેશ પામ્યો. પ્રાચીન આર્ય હિંદની હવે અવનતિ થઈ ચૂકી હતી અને મુસલમાનોનો હિંદ-વિજયનો જુવાળ ક્રમબદ્ધ અને નિશ્ચિતપણે આગળ વધી રહ્યો હતો.





હારીશ હિંમત નહીં જરી શૂરવીર,
મૂકી દઇશ નહિ તું તુજ ખડ્ગ, તીર;
પાછો હઠીશ નહિ રે રણભૂમિમાંથી,
ચિત્તેથી તું ડરીશ ના કદી યે કશાથી.


રમણભાઈ નીલકંઠ

ગુજરાતી શિક્ષણ-સાહિત્યના અંગ્રેજ ઉપકારક: સર ટી. સી. હોપ

ગુજરાતીની સેવા કરનાર અંગ્રેજોમાં સર થિયોડોર સી. હોપનું સ્થાન અનોખું છે. એમણે જે કાળમાં અને જે પ્રકારની સેવા બજાવી એ બંનેને કારણે બીજા કોઈ પણ અંગ્રેજ કરતાં ગુજરાતના ઘડતરમાં એમનો ફાળો ખૂબ મહત્ત્વનો બની રહે છે.

હોપ સાહેબનું નામ કાને પડતાં જ હોપ વાચનમાળાનું સ્મરણ થાય છે. કેમકે ગુજરાતીની એમની સેવા એ વાચનમાળાને નિમિત્તે જ થએલી છે. કંપની સરકારે જ્યારે શિક્ષણનું કામ હાથ ધર્યું ત્યારે નવું શિક્ષણ લોકોની ભાષામાં આપવું કે અંગ્રેજીમાં આપવું એ ચર્ચાનો વિષય હતો. એમાં મુંબાઈના ગવર્નર સર જે. માલ્કમે બધું જ્ઞાન લોકોની ભાષામાં આપવાનો પક્ષ સબળ રીતે રજૂ કર્યો અને તેને પરિણામે બધા વિષયોને લગતાં પુસ્તકો મરાઠી, ગુજરાતી વગેરે ભાષામાં તૈયાર કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું. પણ એમાં પુસ્તકો મૂળ અંગ્રેજી કે ફ્રેંચમાંથી પહેલાં મરાઠીમાં લખાતાં અને પછી તેનો ગુજરાતીમાં અનુવાદ થતો. વળી અનુવાદ પણ મરાઠી શાસ્ત્રીઓને હાથે થતો, એટલે એમાં વ્યાકરણ, રૂઢિપ્રયોગો અને શૈલીના દોષો રહી જતા. ગુજરાતી વ્યાકરણ તો મરાઠી વ્યાકરણનો જ ગુજરાતી અનુવાદ કરીને ચલાવાયું. એટલે આ બધા પુસ્તકો વિષે શ્રી મહીપતરામ રૂપરામે અસંતોષ વ્યક્ત કરેલો. વળી એ પુસ્તકોની રચનાપદ્ધતિ પણ એવી હતી કે ગોખણપટ્ટીને ઉત્તેજન મળે.

આ ખામીઓ દૂર કરવા માટે એજ્યુકેશન બોર્ડના આદેશથી મેજર કૅન્ડીએ મરાઠીમાં વાચનમાળાનાં ત્રણ પુસ્તકો તૈયાર કર્યાં, અને તેમાંના પહેલા પુસ્તકનો ગુજરાતી અનુવાદ રણછોડભાઇએ 'વાચનપાઠમાળા' નામે તૈયાર કર્યો. પછી તો ૧૮૫૭માં ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર મિ. ટી. સી. હોપને શાળામાં વાપરવાનાં દેશી ભાષાનાં પુસ્તકોની



નવેસર, વ્યવસ્થિત અને વ્યાપક સિદ્ધાંતો ઉપર રચના કરવાને લગતી વિગતવાર યોજના ઘડી મોકલવાનું સોંપાયું અને સાથેસાથે એવું સૂચન પણ કરાયું કે નવી વાચનમાળા મરાઠીમાં સારી રીતે તૈયાર થઈ શકે અને ત્યાર પછી બીજી વાચનભાષાઓમાં તેના અનુવાદ કરીલઈ શકાય. પણ મિ. હોપે મરાઠીમાં લખાએલી વાચનમાળાના ગુજરાતી અનુવાદની સૂચના સ્વીકારી નહિ અને ગુજરાતીમાં જ સ્વતંત્ર વાચનમાળા રચવાનું કામ ઉપાડી લીધું. તેમણે સાત ચોપડીઓની એક વાચનમાળાની વિગતવાર યોજના તૈયાર કરી. તેમાં જ્ઞાન સાથે ગમ્મત પણ મળે એવું વિચાર્યું; લખાણમાં વાતાવરણ ગુજરાતના સમાજનું રાખ્યું, જેથી બાળકોને પોતાના સમાજનાં રીતરિવાજો, આચાર,

આપણાં જીવજંતુ-૨૬ : ભુવો



'ભુવા, ભુવા, તારા ઘરમાં કીડી ખાતર પાડે છે.' કહેતા બાળકોને તમે સાંભળ્યાં છે? અને શંકુ-આકારના દરમાંથી ભુવો બહાર આવે, ચીપિયા જેવાં જડબાંથી કીડીને પકડીને પાછો ઊંડે દરની અંદર જતો રહે!

આ ભુવો (બીજું નામ 'ધુધુ'), 'ઍન્ટ-લાયન', એ પૂર્ણાવયવસંપન્ન 'ઍન્ટ-લાયન ફ્લાય'નું બચ્ચું (Larva). હડીલો વાણિયો અને 'ઍન્ટ-લાયન ફ્લાય' એક જ Neuroptera વર્ગનાં. આપણે ત્યાં દેખાતા ભુવાને Myrmeleon Singulare કહે છે.

ઈંડામાંથી નીકળેલો ભુવો (જુઓ ઉપરનું ચિત્ર) દેખાવે બિહામણો, માકણ જેવો ચપટો, નાનો ઘઉં જેવડો, પહોળા ચપટા માથાવાળો. વાંકડિયા સાણસા જેવાં બે ભયંકર જડબાં. મો ભૂંગળી જેવું એનાથી શિકારનું લોહી ચૂસી ખોખું ફગાવી દે. પગ ખરા, પણ તેનાથી બરાબર ચલાતું નથી. ચાલે તો ય પાછળપાછળ અવળોઅવળો ચાલે. પગ દર બનાવવામાં ઉપયોગી. તેનો શિકાર ખાસ કરીને કીડી થતી હોઈ તે 'કીડીનો કાળ' કહેવાય છે. ક્યારેક આડઆડ દહાડાના કડાકા યે કરવા પડે. વધી રહે એટલે કોશેટો બનાવી અંદર નિદ્રા લે. કોશેટો જમીન પર ધૂળમાં અરધોપરધો દબાએલો પડ્યો રહે. પંદરવીસ દિવસ પછી પૂર્ણ અવયવવાળું જીવડું બહાર નીકળે.

તેને હડીલા વાણિયા જેવી ચાર મોટી પણ સરખી, દોઢેક ઇંચની જાળીવાળી પાંખો, રંગે મેલી, કોઇકોઇની કાળી કે બદામી પાસવાળી. પગ કુલ છ. ટૂંકા. રુવાંટીવાળા. ચાલવામાં નકામા. દેહ પોચો, લાંબો, હડીલા વાણિયા જેવો. રંગ ઘેરો કાળો. જિવાત એ આહાર. નાની ને છેડેથી જાડી મૂછો જ્ઞાનેન્દ્રિયોની ગરજ સારે. સ્વભાવે નક્તંચર, રાત આખી ભમે, દિવસે ખેતર-ઘાસમાં ભરાઇ બેસે. ઉનાળો-ચોમાસું એ સ્વચ્છંદ ભ્રમણની ઋતુઓ. ઊડે બહુ ધીમું.

ગરમ દેશનો વતની. તેની નૈશવૃત્તિને લીધે તેની જીવનચર્યા વિષેનું જ્ઞાન હજી અધૂરું ને ઓછું છે. 'ઍન્ટ-ફ્લાય'ની માદા સૂકી માટી કે ધૂળમાં છૂટાંછવાયાં ઇંડાં મૂકે છે.

('વનેચર'ના લેખ પરથી તારવીને)



હોપ વાચનમાળા કમિટીના સભ્યો : સર થીઓડોર સી. હોપ; રા. સા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસ; રા. સા. મોહનલાલ રણછોડદાસ; રા. સા. મહીપતરામ રૂપરામ; કવિ દલપતરામ ડાહ્યાભાઈ; રા. સા. મયારામ શંભુનાથ; રા. સા. પ્રાણલાલ મથુરાદાસ અને મહેતાજી દુર્ગારામ મંછારામ.

વ્યવહારો વગેરેનું જ્ઞાન મળી રહે; વિષયો જેવા કે ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, પદાર્થવિજ્ઞાન, રસાયણ, વનસ્પતિ, પ્રાણીઓ, દેહ. અને આરોગ્યવિજ્ઞાન એ બધાંને આવરી લેતા પાઠો બાળકોની વયને ધ્યાનમાં રાખીને યોગ્ય સ્થાને ગોઠવવામાં આવ્યા. અને દેશના અને દુનિયાના બીજા લોકો વિષે કુતૂહલ જાગે અને તે સંતોષાય એવા પાઠો પણ તેમાં રખાયા. કવિતા-વિભાગ સંભાળવા માટે કવિ દલપતરામની સેવા ખાસ માગણીથી ઉછીની લીધી. આમ હોપની પહેલી સેવા એ કે એમણે ગુજરાતને કેવળ મરાઠી વાચનમાળાનો અનુવાદ ભણવાની આફતમાંથી ઉગારી લીધું અને એને પોતાની સ્વતંત્ર વાચનમાળા રચાવી આપી. આ વાચનમાળા રચવા માટે એમણે (૧) રા. સા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, (૨) રા. સા. મોહનલાલ રણછોડદાસ, (૩) શ્રી મહીપતરામ રૂપરામ, (૪) કવિ દલપતરામ ડાહ્યાભાઈ, (૫) શ્રી મયાશંકર શંભુનાથ, ને (૬) શ્રી પ્રાણલાલ મથુરાદાસની એક સમિતિ નીમી, જેમણે એમની દેખરેખ હેઠળ એ વાચનમાળા તૈયાર કરી.

આ સમિતિએ એ વાચનમાળા કેવી રીતે તૈયાર કરી, કોણે કયા વિષયના પાઠો લખ્યા, તે કેવી રીતે સુધારાયા અને મઠારાયા, એને આખરી સ્વરૂપ કેવી રીતે મળ્યું એ બધી રસિક વિગતોમાં ઊતરવાનો આ સમય નથી. એ વાચનમાળા ૧૮૬૦માં પ્રગટ થઈ. ૧૮૭૭માં વડી હિંદી સરકારે પાઠ્ય-પુસ્તકોની સુધારણા માટે એક સમિતિ નીમી ત્યારે તે સમિતિએ હોપ વાચનમાળાનાં ખૂબ વખાણ કર્યાં, અને બીજા પ્રાંતોએ પણ એને આદર્શ તરીકે સ્વીકારવી જોઇએ એવું સૂચન કર્યું. ૧૮૭૭થી એમાં અવારનવાર સુધારાવધારા થતા રહ્યા અને છેક ૧૯૦૬ સુધી એ ગુજરાતનાં બાળકોને ભણાવતી રહી.

આ વાચનમાળા સર્વાંગસંપૂર્ણ હતી એવું સૂચવવાનો હેતુ જ નથી. ભાષાશૈલી વગેરેના દોષો ઉપરાંત શ્રી આનંદશંકરે એમાં ચાર ગંભીર ઊણપો દર્શાવી હતી એ જાણીતું છે : (૧) ધર્મને લગતા પાઠોની નિર્માલ્યતા; (૨) સ્વદેશાભિમાન અને સ્વદેશભાષાના પાઠોની વિરલતા; (૩) પરાક્રમ, ઉત્સાહ આદિ વીર્યવાન સદ્ગુણોના દૃષ્ટાંતરૂપ ચરિત્રોનો અભાવ; અને (૪) સહૃદયતા કેળવે એવાં કાવ્યો તથા કાવ્યલક્ષણના નિયમો બતાવતા પાઠોનો અભાવ.

સન ૧૯૦૩માં મુંબાઇ સરકારે પોતાના રાજ્યમાં ચાલતી વાચનમાળાઓની સુધારણા માટે ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર મિ. કૉવર્નટનના પ્રમુખપણા હેઠળ એક સમિતિ નીમી. તેમાં ગુજરાતી સભ્ય તરીકે શ્રી જમિયતરામ શાસ્ત્રીને લેવામાં આવ્યા. એ સમિતિએ રચેલી વાચનમાળા ૧૯૪૮ સુધી ચાલતી રહી અને ૧૯૪૯થી મુંબાઈ સરકારે નીમેલી ત્રીજી સમિતિએ રચેલી નવી વાચનમાળા પ્રચારમાં આવી. આમ, હોપ વાચનમાળાએ પૂરા છેંતાલીસ વર્ષો સુધી ગુજરાતનાં બાળકોના સંસ્કારઘડતરનું મહત્ત્વનું કાર્ય કર્યું હતું.

હોપ વાચનમાળા તૈયાર કરતાંકરતાં જ એના રચનારાઓને ગુજરાતી જોડણીમાં પ્રવર્તતી અવ્યવસ્થાએ મૂંઝવ્યા હતા. એટલે એ સમિતિના સભ્યોએ માંહોમાંહે ચર્ચા કરી જોડણી વિષે કેટલાક નિયમો ઘડી કાઢ્યા, જેને બહારના વિદ્વાનોએ પણ અનુમતિ આપી હતી. જે સમિતિ નીમવામાં આવી હતી તેમાં ૧. મિ. ટી. સી. હોપ, ૨. મિ. ટી. બી. કર્ટિસ, ૩. મોહનલાલ રણછોડદાસ, ૪. મહીપતરામ રૂપરામ, અને ૫. નંદશંકર તુળજાશંકર હતા. વળી એમને પોતાના જ્ઞાનનો લાભ આપવા માટે ચાર બહારના વિદ્વાનો પણ લેવામાં આવ્યા હતા. તેમાં ૧. દુર્ગારામ મંછારામ, ૨. નર્મદાશંકર લાલશંકર, ૩. દલપતરામ ડાહ્યાભાઈ, અને ૪ શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ હતા.

આ નવ સભ્યોની સમિતિએ ચર્ચા–વિચારણાને અંતે ગુજરાતી જોડણીના નિયમો નક્કી કર્યા. આમ હોપ સાહેબની બીજી મહત્ત્વની સેવા તે ગુજરાતી જોડણીના નિયમો નક્કી કરવાનો પ્રયાસ.

વાચનમાળા તૈયાર થઈ અને છાપવાનો સમય આવ્યો ત્યારે સરકારની પરિપાટિ શાળાઓ માટેના પુસ્તકો નાગરી લિપિમાં છાપવાની હતી. હોપ સાહેબે એનો પણ વિરોધ કર્યો અને ગુજરાતી વાચનમાળા ગુજરાતી લિપિમાં જ છાપવાનો આગ્રહ રાખ્યો, અને એમ કરીને ગુજરાતી લિપિને એક રીતે કહીએ તો જીવતી રાખી. આમ હોપ સાહેબે ગુજરાતીની ત્રિવિધ સેવાઓ બજાવી છે : (૧) ગુજરાતી સામાજિક ભૂમિકા ઉપર રચાએલી સ્વતંત્ર વાચનમાળા આપી; (૨) ગુજરાતી જોડણીમાં વ્યવસ્થા લાવવાનો પ્રયાસ કર્યો; અને (૩) ગુજરાતી લિપિમાં જ વાચનમાળા છપાય એવો આગ્રહ રાખ્યો. પ્રજાના અને ભાષાના ઘડતરમાં આ ત્રણે વસ્તુઓનું મહત્ત્વ કેટલું છે એ ધ્યાનમાં રાખીએ તો હોપ સાહેબે કરેલી ગુજરાતીની સેવાનાં મૂલ્યોનો ખયાલ આપોઆપ જ આવી જાય છે.

સરકારે એમની સેવાઓની કદર કરીને પાછળથી એમને 'સર'નો ઇલકાબ આપ્યો હતો. સુરતમાં તાપી ઉપરનો પુલ ત્યાંની પ્રજાની હોપ સાહેબ પ્રત્યેની ગુણજ્ઞતાના પુરાવા રૂપે એમનું નામ ધારણ કરીને આજે ઊભો છે.

—નગીનદાસ પારેખ

(આકાશવાણી પર અપાએલા એક વાર્તાલાપ પરથી ટૂંકાવીને)

આંસુ

આંસુ માત્ર ખારા પાણીનાં ટીપાં જ છે એમ ન માની લેશો. આંસુ-આંસુ વચ્ચે પણ તફાવત છે. હર્ષનાં આંસુ અને શોકનાં આંસુના બંધારણ વચ્ચે ફેર છે! અને ધુમાડો લાગવાથી કે ડુંગળી કાપવાથી આંખોમાંથી જે પાણી નીકળે છે તેમાં પણ તફાવત છે. આંસુમા સારા પ્રમાણમાં પ્રોટિન છે! જો તમારી પાસે આંસુનો વધારો હોય તો અમેરિકામાં કૅલિફૉર્નિયા વિદ્યાપીઠના ડૉ. રૉબર્ટ ફ્રુનિશને તે જોઇએ છે. એ ભાઈસાહેબ વિવિધ આંસુનું પૃથક્કરણ કરે છે. તેમને બાળકોનાં આંસુ તો સહેલાઇથી મળે છે, પણ મોટી વયની વ્યક્તિઓનાં આંસુ સહેલાઇથી નથી મળતા, કેમકે આપણી સ્ત્રીઓ સહેલાઇથી વાતવાતમાં રડી પડે છે તેમ અમેરિકન સ્ત્રીઓ રડી પડતી નથી! (પ્રવાસી)


સોનગઢનો કિલ્લો

સોનગઢનું મૂળ નામ સુવર્ણદુર્ગ હોઈ શકે. અહીં કિલ્લાની તળેટીમાં સોનારપાડા નામનું એક ગામ છે. 'પાડો' એટલે ફળિયું કે ગામ. વળી આ શહેર પહેલાં સમૃદ્ધ હતું, ત્યારે જે ભાગમાં-નગરની જે શેરીમાં-સોનાર-એટલે કે સોની-લોકો રહેતા હોય તે ભાગ સોનારપાડા તરીકે ઓળખાયો હોય એવું પણ બને. શ્રી મણિભાઈ દ્વિવેદી જણાવે છે કે, વિક્રમની અગિયારમી કે બારમી સદીમાં સોનગઢના બ્રાહ્મણો વિંધ્યનાં ગાઢાં જંગલો વીંધીને કાશી પહોંચેલા. ત્યાં મણિકર્ણિકાના ઘાટે બેસી તેમણે 'આહ્નિક' પુસ્તક લખેલું. ગુજરાતના સોલંકીઓનો એ યુગ. આ પુસ્તકમાં સોનારપાડા નહિ પણ 'નાગ-મંડળમાં આવેલું સોનગઢ' એ પ્રમાણેનો ઉલ્લેખ છે.

દંતકથાને આધારે સોનગઢનો કિલ્લો આશરે ૧૯૭૫ના અરસામાં બંધાયો હોય એમ મનાય છે. પણ ગઢની મજબૂતાઈ, બાંધણી અને રંગકામ જોતાં આ ગઢ હજી ય વધુ જૂનો હોય એમ લાગે છે. કોઈ આધારભૂત સાધન ન મળે ત્યાં સુધી ગમે તેવું અનુમાન બાંધવા કરતાં કોઈ સંશોધનની રાહ જોવી એ જ વધુ સારું છે. હાલ સોનગઢનું જૂનું ગામ છે ત્યા ગામને ફરતો કોટ હતો અને એને બાર દરવાજા હતા. હાલ તો એ બધું જ જમીનદોસ્ત થઈ ગયું છે. જૂના ગામની અધવચથી નીચેના કોટમા પ્રવેશતાં ચંપાનાં ઝાડ આવે છે. પછી બૂરજ સાથેનો મોટો દરવાજો આવે છે. દરવાજાને હાલ બારણાં નથી. નીચે કિલ્લામાં આગળ જતાં પુરાણા મહેલ પાસેના પગથિયાં અને દક્ષિણકોટ વચ્ચે ઊંડું તળાવ હતુ. હવે તે પુરાઈ ગયું છે. રાજમહેલ છેક ડુંગરની તળેટીમા છે, જેની આજે તો માત્ર જર્જરિત દીવાલો જ જોવા મળે છે. મહેલની નીચે પાણીનાં ટાંકાં છે, તેમાં મહેલના છાપરા પરથી પાઈપ વાટે પાણી લઈ જવાતું તેનાં થોડા ચિહ્નો જ હાલ અવશિષ્ટ છે. વળી મહેલની પાછળના ભાગમાં-હમણાં જ્યાં જંગલ છે ત્યાં-નાનું ટાંકું હશે તેમ જણાય છે. પરંતુ તેની અંદર કાણાં છે, તેમાં જોતાં મોટા પ્લાસ્ટર કરેલા ઓરડાઓ માલૂમ પડે છે. એનું પ્રવેશદ્વાર ક્યાં હશે તે સમજી શકાતું નથી. એ કદાચ ભૂગર્ભ-મહેલ હોય. મહેલના અંતઃપુરની પાછળ એક અષ્ટકોણ વાવ હોવાની લોકોક્તિ છે. આજે તો એ ખોદકામ કર્યા વગર જડે એમ નથી.

મહેલની પૂર્વે કોટમાં નાનું પ્રવેશદ્વાર છે. તેની પાસે પુષ્કળ પાણી ભરેલી એક સારી પણ પડતર વાવ છે. તેની પાસેના કોટના દરવાજાને માંડવીનો દરવાજો કહેતા. માંડવીમાં પણ એક સોનગઢનો દરવાજો છે. અહીંના કિલ્લા ઉપર ચડતાં અર્ધોએક કલાક લાગે છે. પહેલાં તો ગઢ ઉપર ચડવા માટે છેક સુધી પગથિયાં હતાં. આજે તો થોડાંઘણાં જ પગથિયાં અને વચ્ચેવચ્ચે પગદંડી રહી છે.

કિલ્લામાં પ્રવેશદ્વારની બાજુમાં-ભીંતમાં એક લેખ કોતરેલો છે, તેમાં પિલાજીરાવ ગાયકવાડે સંવત ૧૭૩૯માં ગઢ સમરાવ્યાનો ઉલ્લેખ છે. પ્રવેશદ્વારના મોટા દરવાજાની નાનકડી ડોકાબારીમાંથી કિલ્લામાં પ્રવેશ કરતાં સામે જ મહાદેવજીનું મંદિર આવે છે. પાસે ખુલ્લામાં એક ૬-૮ ફૂટ લાંબી તાંબાની તોપ પડી છે. એ 'ગાંડી તોપ'ને નામે જાણીતી છે. પૂર્વે રામનવમીને દિવસે રિવાજ મુજબ એ તોપ ફોડવામાં આવેલી, અને એ-તોપમાંથી ગોળો ફૂટ્યા બાદ, તોપમાં ઠાંસીને ભરવામાં આવેલો ડૂચો સળગતોસળગતો ઊડીને નીચે કિલ્લેબંધ ગામમાં ઘાસની એક ગંજી પર પડ્યો હતો. તે વખતે ગામલોકો મંદિરમાં હતા. જોગાનુજોગ તે જ વખતે પવનનું જોર પણ વધીને ગંજીમાંથી ગામ આખામાં આગ પ્રસરી ગઈ ને ગામ આખું ભસ્મીભૂત થઈ ગયું. કહેવાય છે કે



એ આગ છ-સાત માસ સુધી ધૂંધવાયા કરી હતી. જૂના ગામમાં આ બળી ગએલા વિસ્તારમાંનાં મકાનના પાકા પાયાનાં ચણતર ઉઘાડાં દેખાય છે. મોટી પિત્તળની તથા એક લોખંડની તથા બીજી અનેક નાનીનાની તોપો નીચે ખાઈમાં પડેલી છે. અહીંની આ તોપો પાટણના દલા પાદરિયાની બનાવેલી છે. મંદિરની આગળ જતાં એક મોટું મકાન આવે છે. તેમાં રાજગાદી હતી, ને તે ગાદીની પૂજા પણ થતી. રાજ્ય વિલીન થયા પછી ત્યાંથી બધું-મકાન સુદ્ધાં-ઉઠાવી લેવામાં આવ્યું છે. કિલ્લા ઉપર ફરતે કોટ છે. રાજગાદીવાળા મકાનની પૂર્વમાં પાણીનું એક હાલ નહિ વપરાતું ટાંકું છે ટાંકાની પાસે સોનારિયા દેવનું મંદિર છે. તેની પૂજા માટે પાઠક-કુટુંબને વર્ષાસન મળતુ હતું. પાસે જ પીરની એક દરગાહ ને તેની બાજુમાં એક મોટું ટાંકું છે, જે દક્ષિણ તરફના કોટની નજીક છે. અહીં કોટનો થોડો ભાગ તૂટી ગયો છે, નીચે જંગલ છે. અહીં ઘણી વાર તૂટેલા કોટ દ્વારા વાઘ આ ટાંકામાં પાણી પીવા આવતા અને લીલને લીધે ક્યારેક વાવમાં સરકી જઈ મરણ પણ પામતા. પશ્ચિમ બાજુએ પણ બે મોટાં ટાંકા છે. દંતકથાને આધારે લોકો તેને ઘી-તેલનાં ટાંકાં કહે છે. એની પાછળ મોટી વાવ છે. આ કિલ્લા ઉપર દક્ષિણે વાડી-રૂપગઢનો કિલ્લો, પશ્ચિમે ડોસવાડાનું તળાવ અને બ્યારા, ઈશાન તરફ પ્રગટનો કિલ્લો, અને અગ્નિખૂણા તરફ સાલ્હેરનો કિલ્લો દેખાય છે. કિલ્લા ઉપર ભોંયરું છે, તેમાંથી ડોસવાડામાં જે પાકી ગઢી છે ત્યાં જવાતું હતું, એમ કહેવાય છે. અહીંના કોટ અને કિલ્લો લશ્કરી સગવડવાળો છે. પાણીનાં ટાંકાં, અન્નભંડારો, રહેવાના આવાસ, શસ્ત્રાગાર, ઘોડાર, હાથીખાનું અને ભૂગર્ભમાર્ગો આજે પણ અવશેષો તરીકે મોજૂદ છે.

સોનગઢની આજુબાજુ ખૂબ જ નાનાંનાનાં દહેરાં-દેરી છે. લાગે છે કે એ પૈકી અમુકમાં કિલ્લા ઉપરથી અગર નીચેના કોટના રાજમહેલમા ભોંયરું છે, તેમાંથી બહાર જવાનો રસ્તો હોવો જોઈએ. અહીં કેટલાક વણઝારા આગેવાનોનાં મૃત્યુની યાદની દેરીઓ છે, તો કેટલીક સાધુઓની સમાધિ છે. અહીં એક સતીવન છે. ગામમાં મોટો-જૂનો ને હાલ પણ ઉપયોગમાં આવતો હાથીકૂવો છે. નદીકાંઠે જગનાથ અને નાગનાથનાં જૂનાં મંદિર છે. પાસે એક વાવ છે, જેને લોકો પતાસાવાવ કહે છે.

—ચન્દ્રકાન્ત વાઘેલા

અમેરિકાનાં અખબારો

અમેરિકામાં દૈનિક અખબારોની કુલ સંખ્યા ૧૮૦૦ છે અને તેનો કુલ ફેલાવો ૬ કરોડ નકલથી વધારે છે. રવિવારનાં પત્રો લગભગ ૬૦૦ છે અને તેનો ફેલાવો પાંચેક કરોડ નકલનો છે. સાપ્તાહિકોની સંખ્યા સાઠ હજારથી વધારે છે અને ફેલાવો લગભગ બે કરોડ છે. આપણા દેશની વસતિ અમેરિકાથી ઘણી વધારે, લગભગ સવા બે ગણી, પરંતુ અક્ષરજ્ઞાનની ખામી, કારમી કંગાલિયત અને વાચનની ટેવ ઓછી હોવાને કારણે અમેરિકાની સરખામણીમાં આપણા આંકડા કેટલા કંગાળ લાગે? આપણે ત્યાં એક લાખથી વધારે જેનો ફેલાવો હોય એવાં દૈનિકો માત્ર ત્રણ છે; સાપ્તાહિક એક છે, માસિક એક છે; જ્યારે અમેરિકામાં તો એક લાખ નકલનો ફેલાવો બહુ સામાન્ય ગણાય. ન્યૂયૉર્કમાં દસેક અખબારો ૪ થી ૩૫ લાખ સુધીનો ફેલાવો ધરાવે છે. શિકાગો, બોસ્ટન, ડેટ્રૉઇટ, લૉસ ઍન્જલ્સ, ફિલેડેલ્ફિયા, સાન ફ્રાન્સિસ્કો, પિટ્સબર્ગ, બાલ્ટિમોર, બફેલો, સેન્ટ લુઈસ વગેરે શહેરોમાં ૩ થી ૧૦ લાખનો ફેલાવો ધરાવતાં દૈનિકો છે. અમુક શહેરોમા એવાં દૈનિકો પાંચપાંચ પણ છે. આમ છતાં અમેરિકાનાં વર્તમાનપત્રોને અમુક મર્યાદાઓ પણ છે. મોટા ભાગનાં પત્રો શહેર, કાઉન્ટી કે રાજ્યની કક્ષામાં જ ફેલાવો ધરાવતાં હોય. એમાં આવતા સમાચારો અને અપાતા વિચારોમાં પણ આંતરરાષ્ટ્રીય તો શું, રાષ્ટ્રીય દૃષ્ટિ મળે નહિ અથવા તો બહુ ઓછી હોય. જેને અમેરિકાનાં રાષ્ટ્રીય અખબારો કહી શકાય તેવાં તો બહુ ઓછાં. આવાં અખબારોમાં 'ન્યૂયૉર્ક ટાઈમ્સ' ઘણું આગળપડતું ગણી શકાય. અમેરિકાનું તે સૌથી મોટું અખબાર જરૂર ગણી શકાય. પરંતુ ફેલાવામાં તેનો નંબર પહેલો નથી. ન્યૂયૉર્ક શહેરમાં પણ તેનું સ્થાન દૈનિકોમાં ત્રીજું અને રવિવારની આવૃત્તિમાં બીજું આવે. શિકાગોનું 'શિકાગો ટ્રિબ્યૂન' પણ તેનાથી વધુ ફેલાવો ધરાવે છે. અમેરિકામાં સૌથી વધુ ફેલાવો છે 'ન્યૂયૉર્ક ન્યૂસ'નો: દરરોજની ૨૦-૨૧ લાખ નકલ અને રવિવારની ૩૬ લાખ. એની સરખામણીમાં 'ન્યૂયૉર્ક ટાઇમ્સ'ની રોજની ૬-૭ લાખ ને રવિવારે ૧૩ લાખ. પરંતુ બીજી રીતે 'ટાઈમ્સ' પ્રતિષ્ઠિત, દમામદાર અને સમૃદ્ધ, જ્યારે 'ન્યૂસ' એની સરખામણીમાં ફરફરિયું લાગે.

'ટાઈમ્સ'નો આરંભ ૧૮૫૧માં થયો છે. કેવળ તંત્રીવિભાગમા જ ૧૦૦૦ જેટલા કાર્યકરો છે. વિદેશમાં ખબરપત્રીઓની સંખ્યા ૧૫૦થી વધારે છે. મુખ્ય કચેરીમાં કંપોઝ, મશીન વગેરે ખાતાંમાં ૩૨૦૦થી વધુ માણસો કામ કરે છે. જાહેરખબર અને વ્યવસ્થામાં ૧૨૦૦થી વધુ માણસો છે. ૧૨૫ જેટલાં ટાઈપ-સેટિંગ મશીન, ૧૧૦ પ્રેસ યુનિટ છે. દર વરસે ન્યૂસપ્રિન્ટનો વપરાશ ૨ લાખ ટનથી વધારે છે, આપણે ત્યાં આખા દેશનાં બધાં જ અખબારોનો વપરાશ એક લાખ ટનથી ઓછો છે। 'ન્યૂયૉર્ક ટાઇમ્સ'ના ચાલુ અંકનાં સરેરાશ ૬૦ પાનાં હોય છે અને રવિવારના અંકનાં ૪૦૦ પાનાં! આ અંકનું વજન ૫ રતલ હોય છે! 'ન્યૂયૉર્ક ટાઈમ્સ'નું પ્રેસ એનાં બધાં યુનિટો સાથે એકીસાથે ૪૮ પાનાંની ૪ લાખ નકલ દર કલાકે છાપવાની શક્તિ ધરાવે છે. તેમાં ૪૦ કે તેથી વધુ પાનાં તો જા.ખ.નાં! રવિવારના એક અંકમાં અમે ૨૫૦થી વધુ પાનાં જા.ખ.નાં ગણ્યાં હતાં, પછી અમે થાકીને ગણતરી છોડી દીધેલી! રોજનું ૬૦ પાનાંનું અખબાર સાચવે કોણ? ત્યાં કોઇ પસ્તી ભેગી કરતું નથી! છાપું વાંચ્યા પછી ત્યાં જ છોડીને ચાલી જવાની સૌને ટેવ છે. ખરી વાત તો એ છે કે જે વિભાગમાં જેને રસ હોય તે વિભાગનાં જ પાનાં તે રાખે ને બાકીનાં ત્યાં જ મૂકી દે. 'ટાઈમ્સ'ની રવિવારની આવૃત્તિમાં તો સચિત્ર સાપ્તાહિકો જેવી બે ચાર પૂર્તિઓ પણ હોય. પણ અખબારોની સમૃદ્ધિ જેટલી છે તેટલું તેનું ધોરણ અમને ઊંચું ન લાગ્યું. દૈનિકો અને તેની રવિવારની આવૃત્તિઓમાં આંતરરાષ્ટ્રીય સમાચારને મહત્ત્વ આપે એવાં તો બહુ જ થોડાં. ન્યૂયૉર્ક ટાઈમ્સ, ક્રિશ્ચિયન સાયન્સ મૉનિટર, ન્યૂયૉર્ક હેરલ્ડ ટ્રિબ્યૂન, વૉશિંગ્ટન પોસ્ટ, શિકાગો સન ટાઈમ્સ વગેરે તેમાં આવે. બીજાં થોડાંક રાષ્ટ્રીય એટલે કે અમેરિકાના સમાચારોને મહત્ત્વ આપે, બાકીનાં મોટા ભાગનાં અખબારો પોતાના સ્થાનિક પ્રશ્નોમાં જ રાચતાં હોય. આમાં પણ મોજશોખ, રમતગમત, સામાજિક બાબતો અને ગુનાઓના સમાચારોની વિશેષતા. આપણું મન ભાંગી જાય આ બધું જોઇને. જો તુલના જ કરવી હોય તો આપણું ધોરણ એમનાથી ઊંચુ લાગે એટલું નમ્રતાપૂર્વક કહેવું જોઇએ. અમે તો દરેક જગ્યાએ આ અભિપ્રાય ઉચ્ચાર્યો. અમેરિકાનાં વિરાટ ને રાક્ષસી અખબારોની સરખામણીમાં 'જન્મભૂમિ' ક્યાં? છતાં તેની સમાચાર-સામગ્રી ને તંત્રીલેખ, ખાસ લેખો વગેરે હું એમને બતાવતો ત્યારે તેમને આશ્ચર્ય થતું.

સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો, ત્રૈમાસિકો હજારોની સંખ્યામાં અને હજાર જાતના વિષયોનાં ત્યાં પ્રગટ થાય છે. આમાં મોટી સંખ્યાનું ધોરણ સંતોષજનક રીતે ઊંચું હોય છે. આ સામયિકો દ્વારા અમેરિકાની પ્રજા ઘણું જ્ઞાન મેળવે છે એમ કહીએ તો ખોટું નથી. રાજકારણ અને અર્થકારણને સ્પર્શતાં સામયિકો આંતરરાષ્ટ્રીય દૃષ્ટિ ધરાવે છે. એટલું જ નહિ, પરંતુ તેમાં ઊંડો અભ્યાસ અને પૃથક્કરણશક્તિ પણ હોય છે. અખબારોમાં ખાસ કટારલેખકોમાંથી કેટલાકને આ કક્ષામાં મૂકવા જોઇએ. આ બાબતમાં આપણે પાછળ છીએ. એવું જ પુસ્તકો વિષે. માહિતીદર્શક અને વિવેચનાત્મક પુસ્તકોનો ત્યાં પાર નથી.

—સોપાન

(પ્રવાસી)



ચલણો ભલો ન કોસ કો, દુહિતા ભલી ન એક,
નંગનો ભલો ન બાપ સં, જો પ્રભુ રાખે ટેક.

હટાણું કરીને આવતા શિકાગોના કાર્લ પ્રૅંગરને રસ્તે એક ગડિયાએ આંતર્યો. પ્રૅંગર કરગર્યો : 'હમણાં હું તદ્દન બેકાર છું, ને આ જે કંઈ ખોરાકી હટાણાંમાં છે તે ય તું ઝૂંટવી લઈશ તો ઘેર મારાં બૈરીછોકરાં ભૂખે ટળવળશે.' 'પણ હું ય ભૂખ્યો છું, તેનું શું?' 'તો મારે ઘેર ચાલ; સૌ સાથે બેસી ખાઇશું.' કહી પ્રૅંગર તેને ઘેર લઇ ગયો. મિસિસ પ્રૅંગરે તેને આતિથ્યપૂર્વક જમાડ્યો. પોતાની તાત્કાલિક ભૂખ સંતોષાઇ એટલે બે બાળકોના હાથમાં એક-એક આની મૂકતો એ પ્રૅંગરને કહેતો ગયો કે 'ભાઈ, તારે નેકીને માર્ગે જ રહેજે.'

અનેકાર્થી શબ્દ : **રાગ**=સંવાદી સૂરમિલાવટ; કંઠ; કંઠમાધુર્ય; **સાદ**, ઘાટો; વાજિંત્રનો નાદ; આસક્તિ; **ભાવ**, પ્રીતિ; ઇચ્છા, **અભિલાષ**; ગમો, મેળ, અનુકૂળતા; **સરખાપણું**; ગુસ્સો; દ્વેષ; ઉદ્વેગ; કષ્ટ; રંગ; વર્ણ; રંગવું તે; રંગ ચડાવેલું ચામડું; લાલ રંગ; લાલ નખ; સાંધ્ય આકાશનો રંગ; સુગંધીવાળું દ્રવ્ય; ચંદ્ર; સૂર્ય; રાજા; પરાગ; વર્ણન; વાર્તા; સુરકો, મીઠું પીણું; સૌંદર્ય; રાજી કરનાર; એક દૂષણ; પારાની બનાવટ અંગેની એક ક્રિયા; એક છંદ.

કહેવતોના અર્થ : 'સોઈ ચાટે સવાદ વગરનું.'—પારકા માટે કરાતી નિરર્થક મહેનત દર્શાવવા વપરાતી આ આખી કહેવત છે: 'સોઇ ચાટે સવાદ વગરનું ને મોચી કાંસે વગર ભારનું.' દરજીને દોરો પરોવવા વારંવાર પરૂણીનો છેડો મોંમાં નાખવો પડે છે, ને મોચી જોડાનું તળિયું સીવતાં દોરાના બે છેડા પકડીને કરાજીને ખેંચે છે, એ બંને પારકાને જ માટે. એકને ચાટવામાં સ્વાદ નથી આવતો ને બીજાને કરાંજવામાં કશો ભાર ઉપાડવાનો નથી હોતો.

જગતના જુદાજુદા દેશોના સંવતો, આ વર્ષે કયા કયા છે તે ન જાણતા હો તો—

ઇસવી સન	૧૯૬૦
ચીનનો	૪૫૯૫
આર્મિનીઆનો	૧૪૦૭
યુથીઓપીઆનો	૧૯૬૮
ઇજિપ્તનો	૧૯૫૫
ઇરાનનો	૧૩૩૮
જાપાનનો	૨૬૧૮
યહૂદીઓનો	૫૭૨૦
હીજરી	૧૩૭૮-૭૯
વિક્રમ સંવત	૨૦૧૬



કલાકણિકા : કલાપ્રિય માનવીએ બારણામાં કૂંચી નાખવાનાં કાણાંઓ આસપાસ પણ પોતાની રસવૃત્તિને વહાવી છે. લંકાના એક પ્રાચીન બૌદ્ધ વિહારના દ્વાર પરના કૂંચીકાણાની (વચ્ચેના સફેદ ફૂલની) આસપાસ ધાતુનું આવું સુશોભિત ચકતું જડેલું છે. મૂળ તો એ ચોકટ-આકારે છે, તેને સ્થળ સંકોચને કારણે અહીં સીધું દર્શાવ્યું છે.

સિગારેટની રાખ નાખી ન દેતાં એકઠી કરી રાખજો. ચમકદાર ફર્નિચર પરના ડાઘ ઉપર, સહેજ ભીંજાવેલા મલમલના ટુકડા પર તે થોડી લઈ ગોળાકારે ઘસવાથી ડાઘ જશે.




આ આકૃતિ શંખના જેવી, એટલે કે જેમાં એક લીટી મધ્યબિંદુમાંથી નીકળી ગોળ આંટા લેતી બહાર આવતી હોય એવી જણાય છે. છતાં ખરી રીતે તેમ નથી; પરંતુ એક જ કેન્દ્રની આસપાસ અનેક ગોળ કૂંડાળાં છે. પણ દરેક કૂંડાળાની લીટી પર જે ધોળા ચોરસ પાડેલા છે તેમાંની કાળી લીટી દૃષ્ટિભ્રમ ઉત્પન્ન કરે છે. આ કાળી લીટી એવી રીતે દોરી છે કે જેથી જુદીજુદી લીટીઓ મધ્યબિંદુમાંથી નીકળી બહાર જતી હોય એવો ભાસ થાય છે.

આ નીચેના અંકજંત્રને ગમે તે બાજુથી ગણી જુઓ, જવાબમાં શૂન્ય જ આવશે!

૨	-૧૧	૬	-૭	૧૦
૯	૧	-૧૨	૫	-૩
-૪	૮	૦	-૮	૪
૩	-૫	૧૨	-૧	-૯
-૧૦	૭	-૬	૧૧	-૨

જરા બારીકીથી તપાસશો તો એની રચના બહુ રસભરી ને સરળ પણ જણાશે.



ફોટોગ્રાફી કરનારાઓ માટે એક સાદો પણ ઉપયોગી નુસખો છે. જોઇએ માત્ર થોડાં પરબીડિયાં. એમાંથી તમે નેગેટિવો અને પ્રિન્ટ રાખવાનું આલ્બમ બનાવી શકશો. પહેલાં તો બધાં પરબીડિયાંનાં ઢાંકણ ખોલી નાખો. પછી, મથાળે ડાબી તરફ પહેલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, એકના ઢાંકણનો ગુંદરવાળો ભાગ ભીનો કરી તે બીજા પરબીડિયાની અંદર પીઠ તરફ રહે તેવી રીતે નાખી ચોંટાડી દો. આમ ને આમ બીજામાં ત્રીજું, ત્રીજામાં ચોથું એમ જેટલું જાડું આલ્બમ બનાવવું હોય તેટલાં પરબીડીઆં ચોંટાડયે જાઓ; અને છેવટે પહેલા પરબીડિયાનું છૂટું રહેલું ઢાંકણ અને છેલ્લાનો આગળનો ભાગ, પરબીડિયાના જ માપના બે પૂઠાના કકડાને ચોંટાડી દો, કે બાઇન્ડર પાસે બંધાવી દો. એટલે આલ્બમ તૈયાર.

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પત્રમિત્ર થવા ઇચ્છનારાઓને

આ વિભાગમાં નામ પ્રકટ કરાવવા ઇચ્છનારે પૂરું નામ–સરનામું, જાતિ, ઉમર, અભ્યાસ (ઓછામાં ઓછો ગુજરાતી દસ–અંગ્રેજી ત્રણ–ધોરણ સુધીનો), શોખ, અને વાલી કે શાળા–કૉલેજના શિક્ષક–અધ્યાપક–પ્રિન્સિપલની સમતિસૂચક સહી—એટલી વિગતો ભરી બીડવી.

જર્મન પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Germany ઉમેરવું)

(1) Haidi Buttner, Girl–17, Ingolstadt/Donau, Leharstrasse 11, Penfrienlship and General Interests; (2) Heide Jurgen, Girl–17, Lubeck, Albert–Schweitzer str 3, Stamps, Viewcards, Reading; (3) Maria Bruderlein, Girl–17, Deutsches Gymnasium, (13b) Ingolstadt. Kupferstr 23, Reading. Viewcards; (4) Ingrid Beiler, Girl—16, (13a) Windsbach/Mfr., Kolbengasse 51, Reading, Collection of Stamps, Cards and Records, Travelling. [ઉલ્લેખ: Girish J. Modi, 1171 Dhana Suthar's Street, Ahmedabad]

પરદેશી પત્રમિત્રો

(1) Jeanne R. N. Sjamsuddin, Female–19, Sengku Tjhik ditiro, Djakarta (Indonesia), Sports, Stamps, Photos, Panoramas, Reading; (2) Tuti Sri Handani, Female–20, Pindrikan Barat II/28, Semrang (Indonesia), Stamps Only; (3) Utamy Budhyarto, Female–23, Ih Dj. Pekalongan, Djakarta (Indonesia), Stamps, Pictures; (4) Tjoa Hong Tjhoen, Male–26, P. O. Box No. 114, Makassan (Indonesia), Stamps Only; (5) Susan Chua Swan Nio, Female–17, Karangtempel—155, Semarang (Indonesia), Stamps, Sports, Film Stars' Photos, Reading, Ballet Dance, Music, Songs; (6) M. Sand, Male–19, 74, Kebon Katjang 6, Tanah Nbang, Djakarta (Indonesia), View Cards, Stamps, Songs, Reading; (7) Lia Hing Liang, Dj. Kartini IV/10, Djakarta, (Indonesia), Male–26, Stamps, Sports, Movies; (8) E. Jopce Ten Cate, Female–18, Kaliasin 45, Surabaya (Indonesia), Stamps, Fictures, Post Cards, Films, Reading. [ઉલ્લેખ: Rasik Lal Bhaisna, 2507 Main Road, Salabat Pura, Surat.]

અમેરિકામાં ઇજનેરીનો અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થી શ્રી જ્યોતીન્દ્ર બ. ભટ્ટ (Age 25, P. Box 915, San Fransisco, California, U.S.A., Hobbies—Hiking, Table Tennis, News Paper Clippings, Feature Writing, Hunting)ને તેમના જેવા જ શોખ ને રસ ધરાવતા બે થી ત્રણ ભારતીય પત્રમિત્રો જોઇએ છે.

હિંદી પત્રમિત્રો

(80) Rahim Adam Akbani—15, Kunbivar, Jasdan (Madhya Saur.) Penfriendship and General Interests; (81) Natvarlal Manilal Shah—19, Lakshmipura, Near Post Office, Lakhtar (Saur.), Reading, Stamps; (82) Ravindra M. Mehta—22, Telephone Exchange Office, Veraval (Saur.), Stamps, Photography; (83) Ishwarlal N. Patel—20, Jay Hind Chhatralaya, Merda Adraj (Taluka Kadi, Dist. Mehsana), Reading, Stamps, Drawing, Swimming; (84) Rajendrakumar Mohanlal Shah—19, Kashi Pura, Borsad (Dist. Kaira); Cycling, Cricket, Film-music, Literature; (85) J. H. Purohit—19, Kansara Bazaar, Bhuj (Kutch), Cricket, Foot Ball, Stamps, General Knowledge; (86) Dhanjibhai Somabhai Dhobi—16, Patelvaga, Dabhoi (Dist. Baroda), Photography, View Cards, Novels; (87) Jitendrakumar Ratilal Amin—16, Haveli Street, Vaso (Dist. Kaira), Stamps, Geography, History; (88) Balwant Parekh—22, 2 Shreenagar Society, Post Navjivan, Ahmedabad-14, Literature, Reading; (89) Shashikant J. Parekh—23, Olpad (Dist. Surat), Photography, Instrumental Music, Drawing; (90) Jitendrakumar J. Mair—16, C/o Jhaverchand K. Mair, Vajubhai Contractor's Building, Sarkari Kuva Sheri, Kadiawad, Junagadh (Saur.), Travelling, Adventures, Cycling, Science; (91) Ashwinkumar R. Parmar—19, Holi Chowk, Kadiawad, Junagadh (Saur.), Music, Literature, Science. (ચાલુ)

અશોકનું બારમું ધર્માનુશાસન

('સાહિત્યસંપર્ક' વિભાગમાં 'શબ્દકથા'માં એ વિષે ઉલ્લેખ છે.)

દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા બધા સંપ્રદાયોને પરિવ્રાજકોને કે ગૃહસ્થોને–દાનથી અને વિવિધ સંમાનથી સંમાને છે. (પણ) સર્વ સંપ્રદાયોના સારતત્ત્વની વૃદ્ધિ થાય તેને જેટલું (મહત્ત્વનું માને છે), તેટલું દાનને કે સંમાનને દેવોનો પ્રિય (મહત્ત્વનું) માનતો નથી. સારતત્ત્વની વૃદ્ધિના પ્રકાર તો અનેક છે. પણ તેનું મૂળ તે 'વચોગુપ્તિ'–એટલે કે પરસંપ્રદાયની નિંદા પ્રસંગ વિના ન કરવી, અને તે તે પ્રસંગે પણ થોડી કરવી. એક કે બીજે સ્વરૂપે પરસંપ્રદાયોનું પણ સંમાન કરવું. એમ કરનાર સ્વપ્રસંપ્રદાયની વૃદ્ધિ કરે છે, ને પરસંપ્રદાયને પણ ઉપકારક બને છે. તેથી અન્યથા કરનાર સ્વસંપ્રદાયને ક્ષીણ કરે છે, ને પરસંપ્રદાયને પણ અપકારક બને છે.

જે સ્વસંપ્રદાયનો આદર કરે છે, કે પરસંપ્રદાયની નિંદા કરે છે, તે બધું સ્વસંપ્રદાય પ્રત્યેની ભક્તિથી જ–એમ (માનીને) કે (આ રીતે આપણે) સ્વસંપ્રદાયને દીપાવીએ; પણ તેમ કરનાર સ્વસંપ્રદાયને ઊલટી વધારે હાનિ પહોંચાડે છે. માટે સમાગમ (કરવો) એ જ સારું છે–એટલે કે એકબીજાનો ધર્મ સાંભળવો અને સંભળાવવો. દેવોના પ્રિયની આ જ ઇચ્છા છે કે સર્વ સંપ્રદાય બહુશ્રુત અને કલ્યાણકૃત્ બને.

તે તે સંપ્રદાયના શ્રદ્ધાળુ હોય, તેમણે (અન્યને) જણાવવું: સર્વ સંપ્રદાયોના સારતત્ત્વની વૃદ્ધિ–અત્યંત વૃદ્ધિ થાય, તેના જેટલું દાનને કે સંમાનને દેવોનો પ્રિય (મહત્ત્વનું) નથી માનતો. આ હેતુથી ધર્મ-મહામાત્રોને સ્ત્રી–અધ્યક્ષ–મહામાત્રોને, નેસ–અધિકારીઓને તથા બીજા અધિકારીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે. ને આનું ફળ એટલું કે (આથી) સ્વસંપ્રદાયની વૃદ્ધિ થાય છે, ઉપરાંત ધર્મ પણ તેજસ્વી બને છે.

—હરિવલ્લભ ભાયાણી

ગરવી ગુજરાત

ગુજરાતના નવા રચાનારા રાજ્યના ઉપલક્ષમાં અમે જે કેટલાંક નવાં અંગ ઉમેરવાનાં વિચારીએ છીએ તેમાં અગાઉ જાહેર કરેલી એક યોજનાની આ નીચે ફરીથી યાદ આપીએ છીએ

'ગરવી ગુજરાત' એ નામથી એક નવી ચિત્રમાળા અમે 'કુમાર'માં શરૂ કરવા ધારીએ છીએ. તેમાં અમારા સંગ્રહમાંની સામગ્રી આપવા ઉપરાંત સૌ ફોટો-કલાકારો તથા ચિત્રકારોને પણ ભાગ લેવા આથી આમંત્રણ આપીએ છીએ.

ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છનાં લાક્ષણિક નિસર્ગદૃશ્યો, ગુજરાતની પ્રૌઢ-ગંભીર તેમજ નમણી-રમતિયાળ નદીઓ ને તેના ઘાટ-ઓવારા, તેનાં ડેકા દેતાં સરોવરો ને તળાવો, તેની ડુંગરમાળાઓ ને પર્વતો, તેના રક્ષણદુર્ગો ને ગઢ-કોઠાઓ, સાગરકાંઠા ને બંદરગાહો, માલબરદારી જહાજો ને ઝુલામણી હોડીઓ, તેનાં ગાડાં-વેલ-ડમણીઓ ને રથ-રેંકડીઓ, તેની ગામશેરીઓ ને ચોક-ચોકઠાં, તેમાં વસતી વિશિષ્ટ વિવિધ જાતિઓ ને લક્ષણયુક્ત ચહેરાવાળાં તેનાં તળપદાં માનવીઓ, તેના આદિવાસીઓ ને પછાત કોમો, તેમના પહેરવેશ તથા અલંકારો, તેનાં મહાલયો ને મંદિરો, તેનાં તીર્થધામો ને સહેલગાહનાં સ્થળો, તેનાં પ્રાચીન શિલ્પ-સ્થાપત્યો ને ધાતુકામકલા, તળપદા ગૃહઉદ્યોગો ને હાથહુન્નરો, તેની પ્રાચીન-અર્વાચીન કળાકારીગરી, ચાકળા તોરણ ને ભરતગૂંથણ, કાપડછાપ-કલા રંગોળી ને રમકડાં, આસનો ને ઉપસ્કરો, પ્રાણી-પક્ષી ને વનસ્પતિસૃષ્ટિ, રીતરિવાજો ને તહેવાર-ઉત્સવોનાં નિદર્શનો,—જ્યાંજ્યાં ને જેમાંજેમાં ગુજરાતની લાક્ષણિકતા ને વિશિષ્ટતા, ઐતિહાસિક પરંપરા ને ગુણવિશેષતા—ટૂંકમાં તેની 'ગુજરાતીતા' જણાય તેના ફોટોગ્રાફો ને ચિત્રાંકનોને અમે આવકારીશું.

(૧) ફોટોગ્રાફો ને ચિત્રાંકનો ૬×૮ ઇંચના માપથી નાનાં ન હોવાં જોઇએ (૨) સ્વીકારાએલી દરેક કૃતિ દીઠ દસ રૂપિયા આપવામાં આવશે. તેના કૉપીરાઈટ કર્તાના જ રહેશે, પરંતુ કુમાર કાર્યાલય પણ તેનો ઉપયોગ કરવાને સદા હકદાર રહેશે; (૩) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે; (૪) અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા માટે રજિસ્ટ્રેશન ખર્ચ સાથેનું જરૂરી પોસ્ટેજ કૃતિ સાથે મોકલવાનું રહેશે.



ગુજરાત-સૌરાષ્ટ્રનો રથ, માફો કે વેલ; જેની છત્રીની ટોચના મોગરાથી માંડીને પૈડાનાં ઝાંઝર તથા બળદને ઓઢાડવાની ઝૂલ સુધી સમૃદ્ધ કારીગરી ઠાંસેલી છે.